
ગુલબંકાવલીની વારતા

સર્વે શોખીલા સજ્જનોને વાસ્તે

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા. મોહનલાલ બાકરભાઈ.



अमदावादमां

મામાની હવેલી મધ્યે એ૰ યુનાઈટેડ પ્રિં૰ અને
જ૰ એ૰ કુંપની "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી.


કિમ્મત રૂ.૦-૧૨-૦

ગુલબંકાવલીની વારતા

સર્વે શોખીલા સજ્જનોને વાસ્તે

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા. મોહનલાલ બાકરભાઈ.



अमदावादमां

મામાની હવેલી મધ્યે એ૦ યુનાઈટેડ પ્રિ૦ અને
જ૦ એ૦ કંપની "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી.

કિમ્મત રૂ.૦-૧૨-૦

ગુલબંકાવળીની વારતા.

મંગળાચરણ.

દોહરો.

શ્રીગણપતી આરાધીએ, પુજુ બેઊ કરજોડ;
સહુ મળી કવી કરૂણા કરો, કોઇમાં દેશો ખોડ. ૧
સરસ્વતી મા કરૂણા કરો, વાણી આપો સુદ્ધ;
ખોટુ ખરૂ લેતો નથી, કૃપા તમારી બુદ્ધ. ૨
પ્રથમ ઇષ્ટદેવને પરણમું, જેની મુજપર સાહાય;
કરૂણા કરો હું કરગરૂ, આ ગ્રંથ ચાલતો થાય. ૩

ચોપાઈ.—સીરકસ્તાન નામે એક ગામ, જલદસંગ રાજાનું નામ, રાજ ચલાવે રૂડી પેર, ધણી અલખત છે તેને ઘેર; વરણ અરાડે વાસો રહે, સોભા ઇંદ્રના સરખી લહે; રાજાને પ્રધાનજ સહી, તે પણ અતી ડાહ્યો છે તહીં; તે રાજાને રાણી એક, તેહ તણો શું કહુ વીવેક; તેને પુત્ર પ્રગટ્યા ત્યાં ચાર, તેની શોભાનો નહીં પાર; ફરી પુત્ર જનમીયો એક, તેના લેખ કરચા વીવેક, જોશીએ રાજાને કહ્યું, તે લેખમાં એક કઊતક થયું; ત્યારે રાજા બોલ્યા વાણ, કહો જોશીજી ચતુર સુજાણ; સાંભળીને જોશી કહે રાય, તલેખનો કહુ મહીમાય; પુત્રનું મુખ જોશો જાહેરે, આંખે અંધ થશો તાહેરે; ત્યારે રાજા ચમક્યો મન, જોશી કહે તે સત વચન.

દોહરો.—રાજે વજીર તેડાવીઆ, કહી માંડીને વાત; કહો વજીર હવે શું થશે, કાજ શું કરવું ભરાત. ૧ પુત્રનુ મુખ જો

ચુ નહીં, શું છે પુત્રનું કામ; મુકો એને વન જઈ, નાઆવે આ ઠામ. ૨ વજીર તમે ચોકી કરો, ના મુકશો વીલો એહ; જાળવજો જુગતે કરી, સાચુ કહુછુ તેહ. ૩ વજીર તાંથી સંચરયો, ગયો તે વન મોજાર; બાર ગઊ ઊપર જઈ રહ્યાં, જતન કરતાં અપાર. ૪

ચોપાઈ.—એ વાતતો અહીંથી રહી, ઘેર રાજાની શી ગત થઈ; વજીર ગયા પછી શું થયું, પેર તેહની પ્રીતે લહુ; એક સમે પોતે રાજન, નીકળ્યા મીજબાનીએ વંન; ભુપ બેઠા વાડીમાં જઈ, ખાન પાન કરેછે સહી; પછી નીકળ્યો મરગીયા બાહાર, સાથી પોતે તેડ્યા સાર; સાથે સાથી તેને સહી, સીકાર રમવાની ઈચ્છા થઈ; મરઘ દીઠુ એક વનમોજાર, સાંધ્યું બાણ મુકયો તોખાર; જાણે ઘાયલ કરૂ આવે લાગ, નાસે હરણ તેનો ના તાગ; પુઠે તે મુકયો તોખાર, નાસે વન કેરી મોજાર; સાથી સહુ પછવાડે રહ્યા, રાજા હરણી પુંઠે ગયા; સાત જોજન તે નાઠુ જાણ, તે હરણના લીધા પ્રાણ; અવશ્ય રાખ્યો ઊભો તે ઠામ, થઈ ગયું રાજાનું કામ; પુત્ર પંચમો તાજલ નામ, જેણે નીજ તજાવ્યું ગામ; મુખ જોએ અંધજ થાય, જાણી કહાડ્યો જંગલ માંય; એક દીવસ પ્રધાનજ સહી, શીખનાં વચન કુંવરને કહી; તેથી ક્રોધ ચઢાવી કરી, આવ્યો સુત વન ભમતો ફરી; તેતો જોગ આવીને માળ્યા, લખ્યા લેખ ફાળે નહી ટળ્યા; દીઠો આવતો રાજકુમાર, જાણે બીજો ઈંદ્ર અવતાર; ધન ધન્ય એ જનુની તન, જેની કુખથી થયું રતન; દ્રષ્ટ ભરી જોએ જેટલે, રાજા અંધ થયો તેટલે;

છપા.—ટળશે ભુંડી ભુખ, કંઈક ઉદ્યમ કરવાથી, ટળશે

શતરૂની ભેદ, દેશ પરદેશ ગયાથી; ટળશે દેહમાં રોગ, રોજ ઓષડ કરવાથી; ટળશે દુરબળ દેહ, એ઼ડો જપ તપ કરવાથી; પુન્યે તો પાપ ટળે સહી, મહાજનો કહેછે કથી; કવીજન મુખવાણી કહે, લખ્યા લેખ ટળતા નથી. જાય જોરાવર શરણ, મેરૂ ઉપર જઈ બેસે; બેસે ગીર ગફાય, જાય દેશ કે વીદેશે; પેસે જો પાતાલ, આપ આકાશે જાયે; જાય શેષને શરણ, રેહે રચેદળ માંયે; જોગી થઇ જંગલ ભમે, અનેક ઉપાય કરી કથી; કવીજન કહે સત કરી માંનજો, લખ્યા લેખ ટળતા નથી.

દુહા.—પુત્ર જાણે કોઇ રાજવી, રાય જાણે રાજકુમાર; દ્રષ્ટે દ્રષ્ટ બેઉની મળી, ત્યાંથી ચાલ્યો અસ્વાર. ૧ નજર ભરીને નીહાળીયું, અંધ થયો અશ્વને રાય; લખ્યા લેખ આવી મળ્યાં, શાસ્ત્ર ખોટાં કેમ થાય. ૨ રાજાએ મન વિચારીયું, એ સુત મહારો જાણ; જોશીએ કહ્યું નિશ્ચે થયું, મેં નિશ્ચે કર્યું પ્રમાણ. ૩ શોકાતુર મનમાં થયો, તેને દુખતણો નહીં પાર; જાવા મારગ સુજે નહિ, વજીર આવ્યો તે ઠાર. ૪ પ્રધાન જે પોતાતણો, બુધબળ જેનું નામ; પુત્રને સોધવા નીસર્યો, આવી પોહોચ્યો તે ઠામ. ૫ આવીને ઊભા રહ્યો, કરી દંડ પ્રણામ; રાજા કાંઇ નથી દેખતો, વિચાર્યું તે ઠામ. ૬ રાજા કેમ નથી બોલતા, મે તમને કર્યા પ્રણામ; તમને અડસટે એ઼ળખ્યા, ક્યાંથી આવ્યા આ ઠામ. ૭ રાજા કહે શું બોલીએ, અંધ થયો હું જાણ; રાજકુવર દીઠો અહીં, તેહ પુત્ર નીરવાણ. ૮ છુટો કેમ મુકયો તમે, અહીં કેમ આવ્યા આપ; મારી શીખ માની નહી, નડ્યા કરમના પાપ; સોકાતુર સરવે થયા, સુણી આવાં વચન; પછે તેડી આવ્યા

પુર વીખે, સેના સહીત રાજન. ૧૦ વારતા ચાલી પુરવીખે, પામ્યા સરવે દુઃખ; પાપી પુત્ર પૈદા થયો, દીઠું તેનું મુખ. ત્રાહે ત્રાહે સહુકો કરે, વરણ અરોઢે લોક; નીંદ્યા કરે સહુ પુત્રની, ધરેછે મનમાં શોક. ૧૨ રાજા ચાલી ઘેર ગયા, તેને દુઃખ તણો નહી પાર; ભરી સભા બેઠા સહી, સરવે કરચા જુહાર. ૧૩ જોશી પંડીતને વેદીયા, વઈદને વીપ્ર અપાર; આશરવાદ કીધા સહી, મુખ બોલ્યો તેઠાર. ૧૪ શાસ્ત્ર વચ ન સાચાં થયાં, અંધ થયો હું આંય; પાછાં નેત્ર આવે મુને, એવો છે ઉપાય. ૧૫ ત્યારે વીપ્ર સહુ બોલીયા, વઈદક શાસ્ત્રનું કામ; પુછો તેડી ધનવંતરી, તે પુરે મન હામ. ૧૬

ચોપાઈ—વચન વીપ્રનાં મનમાં ધરી, વઇદ સભા રાજાએ કરી; મુલક મુલકના હકોમ જેહ, તેડાવ્યા સઇઆણી નેહ; ભરી સભા સહુ બેઠા સાથ, રાજા બોલ્યો જોડીહાથ; કયે પ્રકારે પામું આંખ, શાસ્ત્ર પ્રમાણે પુસે સાખ; મારે ધનવંતરી સહુ તમો, નિશ્ચે કરીને બોલ્યા અમો; એમ કહીને નમાવ્યું શીશ, ત્યારે વઇદ બોલ્યા દસવીસ; અનેક ઉપાય કરશો રાય, તોયે આંખ સારી નવ થાય; લખીતવાત એ નીશ્ચે થઈ, દેખતો કરનારી છે તહી; ગુલબંકાવલી પુષ્પજ સાર, તેહ મળે તો થાય કરાર; સાત જનમનો અંધો હોય, અડકે કુલ કે નજરે જોય; તે મળે તો કામજ થાય, બાકી બીજો નથી ઉપાય; એવાં વઇદનાં સુણી વચન, હરખ્યું ઘણું રાજાનું મન. ખોળ કરાવી અપરમપાર, સોધવા મોકલ્યા ઠારેઠાર. જે લાવે બંકાવલી બાળ, તે નરને હું કરૂ નિહાલ; અખુટ ભંડાર ભરાવું વાસ, વછીર કરીને રાખુ

પાસ; શસ્ત્ર માણસ થયાં તઇયાર, સોધવા નીકળ્યા ઠારોઠાર પાહાડ પરવત જોયા બહુ ઠામ, પણ ન મળે બંકાવલીનામ; પુરવ પશ્ચિમ ઉતર દક્ષણ સહી; કાંઇ જોવામાં બાકી નહી; નીરાશ થઇ પાછા આવીયા, કાંઈ ભાળતો નથી લાવીયા; લાચાર થઇ બેઠા સઉ સાથ, ત્યારે ઘસ્યા રાજાએ હાથ; અરે દઇબ્ય આતે શું થયું, વઇદ વચન તો મીથ્યા ગયું; ક્યાં જાઊ હવે શું કરૂં, દેહ ત્યાગ કરીને મરૂ, અંધતણો ધીક અવતાર, લાચાર થઇ બોલ્યો તે ઠાર.

દોહરો.—લાચાર થઈ વાણી કહી, ત્યારે ઊઠ્યા સુત ચાર; પાસે જઈ ઊભા રહ્યા, કરી તાતને જુહાર. ૧ ઓસીગણ થાશું અમો, બત્રીસ લક્ષણા તંન; બંકાવલીને લાવીએ, મુખ્ય બોલ્યા એમ વચન. ૨ ચતુરાઇએ સોધી લાવીશું, ઓશીગણ થાશું તાત; રજા આપો અમને તમો, બોલ્યા સભામાં વાત. ૩ રાજા કે હું અંધ થયો, વળી તમો જાવછો તન; હવે ધીરજ કેમ ધરી સકુ, કેમ વાળીસ મુજ મન. ૪ થોડા દીવસમાં આવશું, અમો નીશ્ચે કરીશું કામ; માટે રજા આપો તમે, આ વેળા આ ઠામ. ૫ નથી આસરો બીજા તણો, સરવે બીચારા રાંક; અમ વીના કામ થાય નહી, એ નીશ્ચે અડો આંક. ૬ શભા સરવે વાણી વદે, એ બત્રીસ લક્ષણા તન; લાવે તેમાં સંદેહ નહી, એમ બોલ્યા સરવે વચન. ૭ ધીર વીર મહાપ્રાક્રમી, બુધ શીરોમણ સાર; એ ચતુરાઈથી પેદા કરે, એ ગુણ તણા ભંડાર. ૮ તારે રાજાએ હીમત ધરી, બોલ્યો તેણે ઠામ; લ્યો ખજાનો અતી ઘણો, સાધ કરો એ કામ. હસ્તી પાંચ પૈરાવતી, પાંચસેં અસવાર; ખજાનો આપ્યો

અંતીઘણા, કહેતાં ન આવે પાર. ૧૦ શુભ મહુરત જોઈ નીસરચા, કુચ મુકામે જાય; એ વાત રહી એટલે, બીજો કહુ મહીમાય. ૧૧

ચોપાઈ.—તાજલમુખ્યને અચરજ થઈ,પીતા અંધ થયો મુજને જોઈ; તેહેની ચરચા માહારે જોવી સહી, એ વાતમાં સંદેહ નહી. મળ્યા જંગલમાં મુજને તાત, સાચી માની કુંવરે વાત; ધીકાર પડ્યો માહારો અવતાર, મુજ સીર બેઠી મોટી ગાળ. ધીકાર પડ્યું એ માહારૂ રૂપ, જોઇને પડું હું મોહોટે કુપ; સુમુખ લાઇને હું તે ફરૂ, માટે વીખ ખાઈને મરૂં. એ વિચાર કરે જેટલે, કાસદ એક આવ્યો તેટલે; તેણે મુખથી વાણી કહી, રાજાના કુંવર આવ્યાછે અહીં. બંકાવળી લેવા કારણે, ઘર તજી નીકળયાં બારણે. તે મળે તો રૂડું થાય, આંખે દેખે રૂડો રાય. એવાં વચન કાસદનાં સુણી, ખુશાલી વાધી મનમાં ઘણી; વિચાર કરેચો પોતાને મંન, હુ જઈ મળું મુજ બંધવજન. પુછી પાર હુ તેનો લઉ, તે પ્રમાણે હું પણ જાઉ; તુરી ઉપર થયો અશવાર, મારેચો ઘોડો નવ લાગી વાર. મુકામ કરી રહ્યાતા જ્યાં;તાજલમુખ આવી પોહોચ્યો તાંહાં; ઘોડા મધે ઘોડો શહી,કોઈએ તેને ઓળખ્યો નહી. એક સાઇયદ તેના લશ્કર મહી, તેણે પુછ્યું રાજકુંવરને જઈ; કોણ છો તમે બાળેવેશ, કેમ નીકળ્યા છો પરદેશ; તારે તે નરે બોલ્યો બોલ, જાણે જીબીયા અમરતની તોલ. પંથી મુસાફર છીએ અમો, પુછોછો તો સુણજો તમો; નથી ભાઈબંધ સજનસાથ, તમ સરણે આવ્યા ઝાલો હાથ,તારે બોલ્યા સઇયદ સહી, ચીંતા ફીકર કાંઇ કરવી નહી; સુખે રહો અમારી પાસ,

લશકર સાનીધ કરજો વાશ.

દુહા.—એમ અરસ પરસ વાતો કરે,રહ્યા તેની સાથ;પ્રાતઃ કાળે તાંહાં થકી, સેના સંગાતે જાય. ઘણા પંથ કાપ્યાસહી, એમ કરતાં આવ્યું એક ગામ; દેરાતંબુ તાણીયા, કીધા સરવે મુકામ. તે નગર તણી શોભા ઘણી, કેહેતા કહી નવજાય; નવ નવા મેહેલ સોભી રહ્યા, દીસે ઘણી શોભાય. ૩ રાજા ત્યાંનો શતવાદીઓ, પ્રજાતણો પ્રતીપાળ; દુઃખ નહી તે દેશમાં, શોભા અપરમપાર. ૪ તારીફ સુણી એવી શહેરની, હરખ્યા સઉ તે ઠામ; ચારભાઇ તે ચતુર નર, જોવા ગયા તે ગામ. ૫ દરવાજા પોળને બારીઓ, ગલી કુંચી ને બજાર; જળહળ જોત ઝળકી રહી, શોભા ઠારોઠાર. ૬ જોતાં જોતાં આવીયાં, જ્યાં છે ભરચા બજાર; ત્યાં એક મેહેલ દીઠો શહી, તેની શોભાનો નહી પાર, ૭ છજાં ઝરૂખાં રાવટી, સહુ મીણાં-કારી કામ; ચક નાખ્યો છે જરી તણો, જાણે ઇંદ્રપુરીનું ધામ. ૮ ઢોલ દીઠો એક બારણે, ત્યાંહાં છે સુંદર કામ; ત્યાં શુંદર નાર એક અવનવી, ને ઉંચાં બહુ અવાસ; ચારે ભાઇ મહા ચતુરછે, પુછે તેડીને પાસ. ૯ આ મેહેલ છે કોણ તણો, કોણ છે એની જાત; આ ઢોલ મુક્યો શા કારણે, એ સંદેહ સરખી વાત. ૧૦

ચોપાઈ.—એ રીતે ચારે બોલ્યા વાત, ત્યારે જોડ્યા પેલે હાથ; એતો ગુણકાકેરૂ છે દ્વાર, રાજ દવારથી શોભા સાર; દેવાંગ્ના છે સુંદર રૂપ; નાગ કન્યાથી શોભા અનુપ; પદમની હંસની ચંતની નાર, તેને ગણતી નથી લગાર; જાણે જમક જળહળ જોત, ઉદોકાર સોભે ઉદોત; મોહની

રૂપ છે સુંદરી, પ્રથવી ઉપર એક અવતરી. લાખી ગુણકા એનું નામ, પેહેલું કીધું સઘળુ ગામ. લાખ રૂપઇઆ આપે જેહ, મુખ વીનતાનુ નીરખે તેહ, પ્રથમ દ્રવ્યના ઢગલા કરે, પછે દાંડીઆ કરમાં ધરે; એક લાખનો એકજ નાદ, વિનતાને કાને પડે સાદ; સુણી સાદને દેછે માન, દાશી સાથે મોકલેછે પાન; તેડી જાયછે મેહેલને માંહી, જે કેહેશે તે કરશે તહી; દ્રવ્ય હોય તો નાદજ કરો, નહીતો મારગ માંહી પરવરો; એવા દાસીના સુણી વચન, વિચાર કરવા લાગ્યા મન; એટલો તોલ રાખે સુંદરી, જોવી એને નજરે ભરી; લાખ રૂપઈઆનો એક ઢોલ, તે પ્રમાણે જોવું તોલ; પાસે દ્રવ્ય તેને શી વાર, ચાર ઢગલા કરયા તે ઠાર. પછે ડાંડીઆ લીધા હાથ, અવાજ કરયા ચારે જણે સાથ; લશકર પડયું પાદરે સહી, ચારે આવ્યા ગુણકાને તહી; તાજલમુખ રહ્યા લશકરની પાશ, ચાર આવ્યા ગુણકાને અવાસ.

દોહરા.—કીધા નાદ ચારે જણે, થયું વિનતાને જાણ; પરસન થઈ ઘણું કામની, બોલી મુખે વાણ. ૧ કો નર આવી પોહોતા સહી, દાશી દો જઇ માન; તેડી લાવો મુજ આગળે, આપો ફોફળ પાન. ૨ એવાં વચન દાસી સુણી, ઉતરી તેની વાર; સોળ સજ્યાછે શોભતા, તેની શોભાનો નહી પાર. ૩ જુહાર કરયા નીચો વળી, બોલી મુખથી વાણ; ભલે પધારયા રાજવી, છોજી ચતુર સુજાણ. ૪ શેઠાણી મારી તેડે સહી, તેણે મોકલ્યાં બીડાં પાન; ચતુરને ચતુર મળે, એમ કહીને દીધુ માન. ૫ તેડી ગઇ તે તારૂણી, ચારે ચતુર સુજાણ; બેઠક મધે લાવી સહી, ત્યાંહાં શોભે ઉદીઓ ભાણ. ૬ પાટ પરવાળી તણો, જડિત હીંડોળા

ખાટ; એ વિશ્વકરમાએ રચના રચી, ઘણી શોભાછે ઘાટ. ૭ એક વિનતા દીઠી બેઠી તહી, તેની શોભાનો નહી પાર; જેવી કાને સુણી હતી, તેવી સુંદર નાર; ૮ મરઘાનેણી કટી કેસારી, શોભે સુકલ અવતાર; જાણે વીજળી ઝબકો રહી, વદન કમળ આકાર. ૯ ઘણી ચપળતા નારની, બુધ તણી ભંડાર; સોળ વરસની સુંદરી, દેખે છે ચતુર નર ચાર. ૧૦

વીનતા ઉઠી ઉભી થઇ, બોલી દાશ વચન; ભલે આવ્યા પ્રથવી પતી, ઘણું રીઝ્યું મારૂ મન. ૧૧

ચોપાઈ.—વીનતા બેઠી ઊભી થઇ, જોતાં ચારની, સુધ નવ રહી; આપી ખુરશી દીધાં માન, તે વીનતાએ આપ્યા પાન. કંઠે નેત્ર ચપળતા કરી, ચીત ચારેનાં લીધાં હરી; ચારે ચતુરાઇ ભુલી ગયા, જોઈ વીનતાને વ્યાકુળ થયા. વીનતા બોલી મધુરી વાણ, ભલે પધારયા ચતુર સુજાણ; કાંઇ આગ્ના હમને દીજીએ, તમે કહો તે અમો કીજીએ. એવાં વચન વીનતાનાં સુણી, ચારે જણે વાણી ભણી; લાખ રૂપઇઆ લીધો તમો, તે કારણ પુછીએ અમો. તારે વીનતા બોલી વાણ, સુણજો ચારે ચતુર સુજાણ; માહારે રમત રમવાના કોડ, પરઠુ પહેલી નરસુ હોડ, ચોસાર તણી રમત છે જેહ, રમત રમવી આણી નેહ, જો હારૂ તો સરવે દેઉ, દાશ થઇ તેની પાસે રહું. જો નર હારે આ ઠાર, તો તો કાઢી મુકુ બહાર; હારે તો દ્રવ્ય મુકીને જાય, જીતે તો મુજ સ્વામી થાય. બતરીસ લક્ષણ તેનું છે કામ, મુરખ શું સમજે આ ઠામ; એવાં વચન વિનતાનાં સુણી, વીમાસણ થઇ ચારને ઘણી. ગમે તેવી પણ આખર નાર, એને જીતતાં કેટલી વાર; વારાફરતી રમશું સહી, જે જીતશે તે વરસે લઈ; એવો મનમાં કર્યો વીચાર;

માંડી બાજી નવ લાગી વાર.

દુહા.—માંડ્યા પાટ કંચન તણાં, ચતુરંગી સોગટી સાર; બીનતાએ ત્યાં મુકીયા, આવીને બેઠી નાર. ૧ બીલાડીને શોર દીપક ધર્યા, પછે બોલી મુખથી વાણ; હવે વારાફરતી રમો સહી, તમો છો ચતુર સુજાણ. ૨ જીતે તેની હું તારૂણી, હારે તેના લેઉ દામ: એમ કહી બેઠી સંહી, વિનતા તેણે ઠામ. એવાં વચન વિનતાનાં સુણી, રીસ ચડી અપાર; તે મધ્યેથી એક ઉઠીઓ, બેઠો સનમુખ નાર. ૪ ઘણે ઠેકાણે ફર્યા તમો, તે આજ મુકશો મામ; એમ કહી પાસા ગ્રહા, નાખ્યા તેણે ઠામ. ૫. સાચવે નજર એક એકની, નાખ્યા દઈ દાવ; ચાતુરી ચલાવે ચોગણી, રાખી મનમાં ભાવ. ૬ ગમે તેવી કરે ચાતુરી. પણ પડેછે અવળા દાવ; વીનતાની જીત બાજી થઇ, તેને હયડે હરખ ન માય. ૭ એક હાથ બાકી રહ્યો, જો પડે પાસા પોબાર; તોતો જીતે તારૂણી, હારે રાજકુમાર. ૮

ચોપાઇ.—પડ્યા પોબારને જીતી નાર, રાજકુવર હારયો તે હાર; ઉતરી ગયુ પછે મુખનું નીર, આઘા જઇને બેસો વીર; બીજો બાંધવ ઉઠ્યો સહી, વીનતા સનમુખ બેઠો જઇ, તેણે પાસા લીધા હાથ, રમવા લાગ્યો વીનતાની સાથ. તે પણ હારયો જોતાં સહી, તેની હુશ પણ પોતી નહી. ત્યારે ત્રીજો બોલ્યો વાણ, ઉઠી બેઠો ચતુર સુજાણ. મુજને કોઇ જીતી ન જાય, નથી સુંઠ ખાધી કોની માય. એમ કહીને પાસા લીધ, રમત હતી તે જારી કીધ; ઘણી ચાતુરી કીધી સાર, તે પણ હારયા ન લાગી વાર. ચોથાએ ચતુરાઇ બહુ કરી, તે પણ જીતી લીધો સુંદરી, ચારે નરનાં ઉતર્યાં માન,

હળવા પડ્યા જેમ પીપળ પાન. રાંડના જીત્યા જાસુ ફોક, હસશે પુરના સઘળા લોક, એવો મનમાં કરચો વીચાર, ફરી રમવા માંડ્યુ તે ઠાર. ચચાર લાખની પાડી હોડ, સોળ લાખ ભરાયા તે ઠોર. સોળ ચારને લાવે સહી, નહી તો સોળની આશા નહી. એમ વીચારી પોતાને મન, રમવાને બેઠા તે દીન. વારા ફરતી હારયા ચાર, જીતી ગુણકા નવ લાગી વારે; હારચા જુગારી બમણું રમે, બુધી ભ્રષ્ટ થઇ તે સમે. વળી મનમાં કરચો વીચાર, વીનતા પ્રતે બોલ્યા ચાર, હાથી ઘોડા ધનને માલ, લખી આપ્યું તેણે તતકાળ. હારીએ તો સરવે દીજીએ, જીતીએ તો તારૂણી લીજીએ. એમ કહી રમ્યા તે ઠાર, તેપણ જીતી લીધું નાર. કાંઇ હોડ કાઢો આ ઠાર, નહી તો મેહેલથી નિકળો બહાર. સુણી વચન ને લાગ્યુ દુખ, બોલ્યા ચાર જણા તે મુખ. ચોથી રમત રમીએ અમો, કરીએ હોડ તે સુણજો તમો. જો હારીએ તો થઇએ ગુલામ, નહીતો તને કરીએ એ ઠામ; એમ કહીને રમીઆ તહી, વીનતા તે પણ જીતી ગઇ. ઝાંખા થઇને બેઠા તહી, પછી વીનતાએ વાણી કહી.

દુહા.—હારચા ચારે ચતુર નરે, હાથી ઘોડા ધનને માલ. ગુલામ ખત લખી આપીયું, પછે કેદ કરચા તે ઠામ. ગઇ વાત તે ગાંદરે, લશકર પડ્યું તે ઠાર. હારયા ચારે રાજવી, જીતી ગુણકા નાર. ૨ ગુલામ થઇ તેતો રહ્યા, નવ પોતી મનની આશ. એકે અરથ સરપો નહી, ઠેક થયા નીરાશ. ૩ એવી વાત સરવે સુણી, પામ્યા મનમાં દુખ; નાઠું લશકર ત્યાં થકી, ઉતરચાં સરવનાં મુખ. ૪ તાજલમુખ રહ્યો એકલો, બાકીએ તજીયું ઠામ. દુખ ધરી મનમાં રહ્યો,

શું કરવું હવે કામ. ૫ નામ બોળ્યું ચારે બંધવે, લગાડી
કુળને લાજ; ગુલબંકાવળી લાવતાં, કરે ગુલામી કાજ. ૬
પરમેશ્વર પ્રતાપથી, જીતું ગુણકાની જાત; છોડાવું મુજ
ભ્રાતને, પછી લખીત પદારથ વાત. ૭ કરતા હરતા કીરતાર
તું, મુજથી કાંઇ નવ થાય; એમ વીચારી મન વીશે, આવ્યો
નગરી માંય. ૮ શેરી ચઉટાને ચાવડી, જોયા ચોક બજાર;
ફરતો ફરતો આવીયો, એક અમીરને દ્વાર; મોટો મેહેલ
નવ ટુંકીનો, દુવારે બેઠા દરવાન, દીઠા તેણે રાજવી, દીધાં
જાજાં માન. ૧૦ કોણ દેશથી આવીઆ, શુંછે તમારૂ નામ;
બત્રીસ લક્ષણ દીસો તમો, શું ધારોછો કામ. ૧૧ ત્યારે રા-
જકુંવર મુખ બોલીયા, અમો મુસાફર જાત; આ મેહેલ છે
બાઇ કોણ તણા, એટલી પુછુંછું વાત. ૧૨ ત્યારે દરવાને
વાણી વદી, એ અમીરતણું છે ધામ; બુધી ઘણી બહુ ચા
તુરો; ઘેર ઘણા છે દામ. ૧૩ ત્યારે રાજકુંવર મુખ બોલી-
યો, એક કરો મુજ કામ; અમીરને જઇને કહો, એક મુસા-
ફર આવ્યો મુકામ. ૧૪ ઉમેદવાર મળવા તણો, ઘણી ઇછા
મનમાંય; હુકમ કરો તો આવીએ, એમ કહો જઇને ત્યાંય. ૧૫

ચોપાઇ.—એવાં વચન દરવાને સુણી, ગયો ત્યાં અમી-
રના ભણી; સનમુખ રહીને કરી સલામ, પછી અરજ કરી
તે ઠામ. મુસાફર એક આવ્યો દુવાર, તેમાં રૂપછે અપર-
મપાર; બત્રીસ લક્ષણી છે જાત, તેણે એક કહાવી છે વાત.
અમીર સાથે મળવું છે સહી, એવી તેણે વાણી કહી; એવા
દરવાનના સુણી વચન, હરખ્યું તે અમીરનું મન. તેડી લાવો
મારી પાસ, મોકલ્યો તેડવા તરત દાસ; આવ્યો સેવક તેની
વાર, જોડીને કરયો જુહાર. અમીર હમારા તેડે ત્યાંય, બે-

ઠા રંગ મેડીને માંહ; માટે ચાલો હમારી સાથ; એમ કહીને જોડયા હાથ; સભા કરી બેઠાછે જ્યાય, રાજકુંવર જઇ પોહોતો ત્યાંય; રાજ રીતથી કરયો જુહાર, અમીર રીઝયો અપરમપાર. મુખ શોભે જાણે ઉગ્યો સુર, હેવું રાજકુંવરનું નુર; ઘણી શોભાને રૂપવિસાળ, તે જોઇને અમીરને ઉપન્યું વહાલ; પાસે બેસાડી દીધું માન, મુક્યાં આગળ ફોફળ પાન; કયાંથી આવ્યાને કયાંહાં રોહો, કામકાજ અમ સૌરખુ કોહો; બાળપણમાં જોબન વેશ, કેમ નીકળી આવ્યા પરદેશ; રાજકુવર મુખે બોલ્યો બોલ, જાણે જીભ્યા અમરતની તોલ; પુરવ દેશ વસુંછું અમો, પુછોછો તો સુણજો તમો. જાણે ક્ષત્રી કેરા તન, નથી માત પીતાને સજ્જન; ઊંચુ આભ નીચો ધરતી સહી, એ વીના બીજુ કોઇ નહી. ઉમેદવાર ચાકરીનો જાણ, જ્યાં અંજળ ત્યાં રેહેશું નીરવાણ; જે ફરમાવો તે કરવું કામ, બત્રીસ લક્ષણ મારૂ નામ. એવાં વચન અમીરે સુણી, ખુશાલી વાધી મનમાં ઘણી; મજ પાસે તમે સુખે રેહો, મન ગમે તે મુસારો લેહો. ખાવ પીઓને મોજો કરો, શેહેર બજારમાં સુખે ફરો; એમ કહીને રાખ્યો પાસ, પોતી મનડા કેરી આસ.

દોહરો.—એકાંત જગા આપી સહી, ત્યાં ઉતરયો રાજકુમાર; ભોજન કરે મન ભાવતાં, જઇ બેસે દરબાર. હાસ વીનોદને ચાતુરી, કરે રાગને રંગ, ચતુરાઇ ચલાવે ચોગણી, જઇ અમીરની સંગ. ૨ સેતરંજ ગંજીફો સોગટાં, રમે અમીરની પાસ; એક ઘડી વીલો મુકે નહી, તેને દીઠે મનકું હુલાશ. ૩ પાછલો દીવસ ઘડી એક રહે, તે વખત નીસરે બાહાર; બજારમાં ફરી ફરી, ઘેર આવે રાજકુમાર. ૪

એમ કરતાં દિન વિત્યા બહુ, પછી કીધો મન વિચાર; આમ બેસી રેહે સીધિ નહીં, અમીરના ઘરમોજાર. ૫ એક સમે બોલ્યો સહી, અમીર પ્રતે તે વાત; સોદાગર એક મીત્રથી, પ્રીત ઘણી મુજ ભ્રાત. બએ ઘડી જાવા તણી, માહરા મનમાં હામ; હુકમ હોય જો તમ તણો, તો જાઉ તે મુકામ. ૭ અમીર કહે સુખે પરવરો, એ વાતે મુજ મન; ઝાજીવાર કરશો નહીં, એમ મુખ બોલ્યા વચન. ૮ વારૂ કહીને નીસરયો, ફરે તે નગર માંય, ચોસર રમે છે ચતુર નર, જઇને તેને ત્યાંય. ૯ માન દીધું સરવે મળી, પુછે છે સમાચાર; ઘટે તેવો ઉતર કહ્યો, સહુ હરખ્યા અપરમપાર. ૧૦ ચાર ઘડી બેઠો સહી, જોયો સઘળો ખ્યાલ; જુહારે કીધો સરવને, ઉઠ્યો પોતે તતકાળ. ૧૧ ચતુર નર બોલ્યો સહી, આવજો નીત આ હામ; આ મુકામ છે તમ તણો, એમ કહીને કરી સલામ. ૧૨ પાછો આવ્યો મુકામ તે, કરેચાં ભાવતાં ભોજન; પછી અમીરને રીઝવ્યો, એટલે આથમ્યો દંન. ૧૩ રજની વિતી રંગમાં, ઉદે થયો સવાર, ત્રણ પોહોર કરી ચાકરી, ગયો મીત્રને દવાર. ૧૪ ચોસરની બાજી રમે, ભલા ખેલાડી સાથ, માગ્યા દાવ લાવે સહી, એવા એના હાથ ૧૫.

ચોપાઇ.—ભલા ભલા નર આવે તહી, કાંઇ તેને જીતી જાય નહીં; મુકાવે સહુના હંકાર, એવો ખેલાડી અપરમપાર. ઘણા દીવસ રમત રમીયો સહી, સાબુત રમત કીધી તહીં; પછી વિચારયું મનમોજાર, હવે જાઉ ગુણકાને દ્વાર. તેના ઘરની ચરચા જોઉં, મારા મનનો સંદેહ ખોઉં; કોણ પ્રકારે જીતે નાર, તેનો પુછી કાહાડું પાર. ભેદ પરપંચ કરસુ આજ,

તો તો સરસે મારૂ કાજ; નહીં તો કામ થવાનું નથી, હીંમત મુકે શું થાય કથી. એવું વિચારી મનની માંય. ગુણકાના ઘર આગળ જાય; નીકળી ઘરમાંથી એક નાર, ઘંણી વૃદ્ધ છે અપરંપાર. જેસ્ટીકા કરમાં ઝાલો ખરી, મંદમાતી ચાલે સુંદરી; એક ચતુર નર ઊભા છે બાહાર, તેને પુછી જોયુ તે વીર. આ ઘણી વૃદ્ધ ડોશીની કાય, નથી ચાલતા એના પાય; રાજન સહોદર છે કે નહી, એ વૃદ્ધપણે દુખ પામે સહી. એવા કુંવરના સુણી વચન, હશીને બોલ્યો તે મન; આ લાખી ગુણકાનો ધામ, એના ઘરમા ઘણાછે દામ. તે આ ડોશીને છે હાથ, એમને પુછી કરેછે વાત; શહુ મુસાફરને લાવે અહીં, રંડાને દયા ન આવે મન માંહી; તેવા ફળ ભોગવે છે કાય, તમો શું જાણો વારતા રાય. તમો જાતે મુસાફર સહી, આજ છોને કાલે નહી. એમ કહીને હસ્યો તે ઠાર, મનમાં હરખ્યો રાજકુમાર; સલામ કરી ત્યાંથી પળ્યો, આગળ જઇ ડોશીને મળ્યો. જઇને ચરણે નામ્યુ શીશ, દંડવત કરેચા દશ વીસ. પછે તલસવા માંડ્યા પાય. રૂદન કરે છે ઘાડે રાય; ડોશી અચરજ થઇને રહી, મુખથી તેને વાણી કહી; કોણ છરે ભાઈ તું તો દીન, શા કારણ તું કરે રૂદન. સુરાપાન કરયું છે કાય, તેથી રૂદન કરૂં છું માય; માંહારા ચરણ તલાસે આજ, પુત્ર સરજ્યો તારા કાજ. કોણ જાતીને શું છે નામ, ક્યાંથી આવ્યા આણે ઠામ; એવી વાત પોતે ચીત ધરી, ડોશી પ્રતે વાતજ કરી; ડોશી સુણીને હરખી મન, સાથે લઇને ચાલી તન. માથે તેણે ફેરવ્યો હાથ, સુખે રહો તન મારી સાથ; ખાન પાન કરાવ્યાં સહી, પછી તેને વાણી કહી; અમો જાસુ માતાજી આજ, પરાધીન ચાકરીને કાજ; પુતર

જવા થયો તઇઆર, બોલી ડોશી તેણી વાર. જાવ પુત્ર વળી આવજો કાલ, એમ કહી વળાવ્યા બાળ; ત્યાંથી આવ્યો અમીરને ઘેર, તે વાતની કોઇ નવ જાણે પેર; અમીરનું કરે છે કામ, મીત્ર સાથે રમે તે ઠામ; વળી ડોશી પાસે બેસે જઇ, મધુરી વાણી બોલે સહી. માતાજી ફરમાવો કામ, હું છું પુતર તમારો જાણ; મુજને આસરો તમારો સહી, મારે માથે બીજનું કોઇ નહીં. ઘણાં બોલે મધુરાં વચન, તેમ તેમ ડોસીનું હરખે મન; એક ઘડી જો મોડો જાય, ડોસી અન પાણી નવ ખાય. દેખે ત્યારે સુખી થાય, એવી વશ કરી તે રાય; એક સમે ડોસીની પાસ, આગળ મુકી મોહોર પચાસ; મહીનો અમીરે આપ્યો તેહ, તમ પાસે લાવ્યોછું એહ. ખરચ પાણીને જોઇએ સહી, તે માટે હું લાવ્યો અહીં; એમ કહીને આપી હાથ, ડોસી બોલી કુંવરની સાથ. કેટલા કાળ જીવીશું ઠામ, મારે દ્રવ્યનું શું છે કામ. માહારી પાસે ઘણો છે દામ, જે જોઇએ તે લેજો આ ઠામ. કુંવર કહે મારે માથે તમો, જે જોઇએ તે લેહશું અમો; પુત્ર જે લઈ આવે ધન, માતા સાચવે કરી જતન; પુત્ર કહે માતાજી રાખો તમો, તમારે આસરે જીવુંછું અમો. એવી વાણી મધુરા ભણી, તેમ તેમ ડોશી હરખે ઘણી; જોગીને વસમાં કહુ જેમ, રાજાને વશ ડોશી તેમ. જેમ સરપને વશ કરે ગારૂડી, તેમ કુંવરે ડોશી વશ કરી; અંધ જેમ પામે લોચન, તેમ પુત્ર જોઈ હરખે ડોશીનું મન. ઘણા દીવસ એમ ગયા વહી, તીયારે રાજકુંવરે વાણી કહી; પુરૂષ ચરીત્ર કરયું તે વાર, વીસતારી કહું આ ઠાર. શ્રોતા જન સાંભળજો સહી, કવીએ એવી વાણી કહી.

દોહેરો.—એક સમે તીયાં બેઉ જણા, એકલા વનમોજાર; તીયાં એક કુપ દીઠો સહી, તેમાં જળ તણો નહિ પાર. આ જળ મધે હું પડું, તું જોજે મારી માત; પાછા પગ અહી નહિ ધરૂ, તું નીશ્ચે જાણજે વાત. ડોશી ઘણું મન કલકલી, ભાઈ એશું બોલ્યો બોલ; પુત્ર કહે કરતક કરેચાં, ખરી વાત તું બોલ. તીયારે ડોશી મન રીજી ઘણું, આનંદ ફેલો અગ; કરવા લાગી વારતા, તે ચતુર નરને સંગ. પુત્ર તુંજે માગે સહી, તે આંપુ તને દામ; તું પડશે તીયારે હું પડીશ, શું સરસે એમાં કામ, પુત્ર કહે માતાજી સુણો, તમો આપો ધન અપાર; એક વાતનો સંદેહ મુને, તે જાણજો આ વાર. તમ બીના ભાગનાર નહી, મારા મનની ભ્રાંત; તીજુ માણસ સાથે નથી, બેઠા છઇએ એકાંત. ડોશી કહે સુણ દીકરા, શું સંધે તુજ મન; તે ભાગુ આંણી ઘડી, વળી લો ઝાજુ ધન. એમ કહી વચનજ આપીયું, સંધે ભાગુ આ ઠામ. રાખી વાત કરૂ અમો, તે વાતે સાક્ષી શ્રીરામ; તીયારે તે નર બોલીયો, સાંભળ મારી વાત. લાખા જીતે સરવને, તે ભાજો મનની ભ્રાંત. ભલા ભલા નર હારીઆ, કોઇએ ન જીતી નાર; કોઇ જીતી સકતું નથી. તે સંધે મને અપાર. કરોડપતીને કીંકર કરેચા, રાખે ઘણા એક તોર; કોણ ઇષ્ટની ઊપાસના, કોણ તરૂણી શીર જોર. નથી દરવ મારી કને, મને નથી રમવાનું મન; સેહેજ વાત પુંછું અમો, એમ બોલ્યો મુખથી વચન.

ચોપાઈ.—તીયારે ડોસી બોલી બોલ, સાંભળ દીકરા એનું તોલ; એ વાત વીસતારૂ અમો, કોઈ આગળ નવ કહેસો તમો. કદાપી જશે તીજે કાન, તે વાતે ઊતરશે માન; કેહેશે ઘર

મારયુ ઘરની થઈ, એટલી એમ મુજનેછે સહી; પુત્ર કહે પ્રતીજ્ઞા કરૂ, બ્રહ્મહત્યાદીક પાતીક ઘરૂ. કહુ કાહાડી કોઈ આગળ વાત, તો કોટી ગઉહત્યાદીક પાપ: એવી પ્રતીજ્ઞા કરી જ્યાં, ત્યારે બોલી ડોસી ત્યાં. લાખી પાસે કાંઈ વિદ્યા નથી, નથી ઇશ માથે સરવથી. પાસા છે વીનતાને હાથ, ભરેછે મોટા સાથે બાથ; બીજો એક કરેછે ઉપાય, તેથી નર સહુ હારી જાય. એક બીલાડી પાળેછે નાર, તેને કેળવી અપરં પાર; દીપક તેને માથે ધરે, પછી રમત તે જારી કરે. નવ હાલે નવી ચાલે મંજાર, ઠરી ઠામ બેશેછે ઠાર; બીજા ઊંદર પાળેછે જાણ, ઘણા કેળવ્યા છે નીરવાણ; બીલાડી પાસે બેસે સહી, મુખ આગળ પણ આવે નહીં; ઊંદર બીલાડી નો ત્યાં મેલ, ગુણકા નરસુ માંડે ખેલ; મન ગમતા દાવ જોઇએ જેહ, બીલાડી સામું જુવે તેહ; ગરદન ફેરવે તેની વાર, દીપક ઝાખો પડે તે ઠાર. ઊંદર. પાસા ફેરવે શહી. તે પ્રકારે જીતે તહી; બીજી વીદ્યા કાંઇ પાસે નથી, સત કરી માનો સરવથી; રાજકુંવર ત્યારે રીઝયો મન; માતાજી એ સત વચન. સંવે મન તણો ભાગ્યો સહી, ડોશીને પગે લાગ્યો તહી; ગયાં ઘેર પોતાને તતકાળ, ડોશીને ઘણું ઉપન્યું વહાલ; આપી ઝવેર હીરાની માળ, ત્યાંતો કુંવર થયો નહાલ. કરે ચતુરાઇ તણો વિચાર, લાધુ દ્રવ્યને નીકળ્યો બહાર; ભરી બજારે થઇને જાય. દીઠો રબારી ઉભો ત્યાંય. એક નોળીયાનું બચ્ચું સાર, વેચવા ઉભો ભરે બજાર. એથી જીતવાનો તે નાર, એવો મનમાં કરયો વિચાર. માટે લઉ તેને હું અહી, આપી મુલને લીધો સહી: બાંહ્ય મધે ઘાલ્યો તણીવાર, તેને કેળવ્યો અપરંમપાર.

દુહા. સોગટી મારે હાથની, કે ચડપ નીકળે બહાર; મુખાકને પકડે સહી, સાન કરતાં વાર. ૧ દગડી મારે હાથની, ત્યારે જઈ કરે શીકાર; એ રીતે તેને કેળવ્યો, દીન થયા દશ બાર. ૨ પછી સલામ જઈને કરી, અમીર કેરી પાસ; જમવાને મુજ તેડીઓ, માટે રજા આપો ખાસ. ૩ મીત્ર હમારો એક છે, તે તણું છે લગન; બીજો સવાલ મુજ તણો, તે કહુંછું મુખ્ય વચન. ૪ લગને જાવું છે માહરે, તેની ચંતા મુજને થાય; કીરપા મુજ ઉપર કરો, તો લગને મુજથી જવાય. ૫ એવાં વચન અમીરે સુણી, આપ્યાં વસ્ત્ર અપાર; આભુષણ ઘણાં સોભતાં, કેહેતાં ન આવે પાર. ૬ અમુલ્ય સીરપેચ આપીયો, જેને જરીના તાર; સાલજોડો સાલાજાબનો, રતન જડીત એક હાર. ૭ પગના તોડા સોનાતણા, કોટમાં મોતીનો હાર; કડાં સાંકળાં વીટીંઓ, પેહેરયા એવા શણગાર. ૮ પ્રતીબીંબ બીજુ પ્રગટયું, જાણે જાહળ જોત; જાણે કામદેવ પ્રગટ થયો, અને શોભે ઉદ્યોત. ૯ અમીર જોઇને રીઝીઓ, આપ્યો એક તોખાર; અસ્વ બેશીને પરવરયા, મીત્ર તણે દરબાર ૧૦ વચન અમીરના સુણી, કુંવરે કરયો જુહાર; અસ્વ બેશીને પરવરયો, તે ગયા ગુણકાને દ્વાર. ૧૧

ચોપાઈ.—સમી સંજાગે ઉતરયો તે ઠાર, ગયો લાખીના મોહોલ મોઝાર; જાણે ઉગ્યો જેવા શુર, એવું નીરખ્યું નરનું નુર, દરવાન પણ બોલી નવ શક્યો, પોતે આવ્યા ઘરમાં ધસ્યો; જઈ મેડીએ ચડયો સહી, વીનતા બેઠી દીઠી તહીં; વીનતા ઝાંખી જોતામાં થઈ, શુદ્ધ બુધ તેમાં નવ રહી; દીઠું કામણગારૂં મુખ, ગુણકા જોતાં પામી સુખ. જાણે ઇંદ્ર

તણો અવતાર, ઘણું રૂપને શોભા સાર; નથી માનવી સાથે કોઈ, કારણ રૂપ દીસે છે જોઈ; આપી આસન ઉભી નાર, હસી બોલી વચન તે ઠાર, કોણ દેશ તણા છો ભુપ, રાજ તેજ રઢીઆળું રૂપ. કેમ આવ્યા તમો મારે ધામ, શું ધારયું છે મનમાં કામ; હુકમ તમારો માથે લીજીએ, જે કોહો તે હાજર કીજીએ; ત્યારે કુવર બોલ્યો વાત, સાંભળ વીનતા ચતુરે સુજાણ. અમો મુસાફર આવ્યા આ ગામ, અમીરના ઘરમાં કરયો મુકામ; ખુબી તમારી સુણી અપારં, ઘણી સુઘડ છે લાખી નાર; રમત રમી જાણે છે બહુ, જે જાય તે હારે સહુ. સુણી વાતને હરખ્યું ચીત, રમવાને જાવું ખચીત. પરદેશી મુસાફર આવ્યા ઘેર, કરી સજાઈ રૂડી પેર; એવાં મધુરાં સુણી વચન, ખાન પાન મુકયાં તે દન. ભક્ષ ભોજન કરાવ્યું સાર, પછી બોલી મુખથી નાર; મેંતો નીયમ લીધો એક જાણ, તે વાતનું કહુ મંડાણ. રમવાનો રાખે અભીલાખ, તે લાવે રૂપીઆ લાખ; પ્રથમ તે નર ઢગલો કરે, પછે તે મેડી ઉપર ચડે, હારૂં તો દાશી થઈ રહું, જીતુ તો લાખ રૂપીવા લેઉ; એવો નીયમ છે માહારો સહી, તમો કોહો તો રમીએ અહી; વચન મારૂ મીથ્યા નહીં થાય, તે વાતે ઘટે મહીમાય. ઇત્યાનો વાજે છે ઢોલ, એવો વીનતા બોલી બોલ. લાખ રૂપઇઆ આગળ ધરે, તે નર રમત જારી કરી.

દોહરો. એવાં વચન વીનતાનાં સુણી, બોલ્યો રાજકુમાર; હંકાર રાખે અતી ઘણો, તને કોણ વરસે આ ઠાર. ૧ ઘણા સાથે જીતી સહી, તોય ન સરીયુ કાજ; પરમેશ્વરના પ્રતાપથી, જીતું તુજને આજ. ૨ ઘણા નર તેં જીતીયા,

કઠણ છે આજનું કામ; ચતુરાઇ કરજે યોગણી, જેમ પોચે મન હામ. ૩ મુદ્રીકા આપી કર તણી, સવાલાખનું મહી નંગ; વીનતાની આગળ ધરી, આણંદ આણી અંગ. ૪ જોઇ વીંટી અમુલની, હરખી મનમાં તે ઠાર; માંડી બાજી તેણે સમે, રાજકુંવરને નાર. ૫ બીલાડી માથે દીપક ધરચો, ત્યારે ચમક્યો પોતે મન, નીશાની સાચી મળી, ડોશીના સત વચન. મુખકને દીઠો સહી, થયો તદા અજાણ; રમત તે જારી કરી, લીધા પાસા પાણ. જાણી જોઇને હારીયા, દેકે અબળા દાજ; આઠે રહી પોતા તણી, જીતી ત્યાં ગુણકાજ. ૮ પોબારમાં આવી રહી, બાજી ત્યાં તેણી વાર; આવે પોબાર વીનતા તણા, હારે રાજકુમાર. ૯ એવું મન વીચાર્યુ, બીલાડી સામું તે ઠામ; ત્યારે મુસક તેણે ફેરવ્યુ, વીનતાની પોચી હામ ૧૦ દીપક જોતામાં ઝાંખો થયો, નાંખ્યા પાસા તે નાર; ઉંદરે પાસા ફેરવ્યા, પોબાર કરચા તે વાર. ૧૧ જીત્યાનો જશ વાધીઓ, હારચા તમે ચતુર સુજાણ; ચતુરાઇ યોગણી દાખવી, એમ બોલી વીનતા વાણ.

ચોપાઇ. એવાં વીનતાનાં સુણી વચન, બીજી રમત માંડી રાજન; હાર જીતમાં મુકચો હાર; રમવા લાગ્યા નરને નાર, ધીર વીર બેઠો તે ઠામ, નાંખે પાસા મુખ લેઇ નામ; બત્રીસ લક્ષણ જે નર કેહેવાય, કોઇનો ગાંજ્યો તે નવ જાય. ભલા નર મુકે માંમ, કોણ માત્ર એ વીનતા નામ; એક હાથ ખાલી નવ જાય, જેવા માગે તેવા પડે દાવ; ઘણી ચતુરાઇ વીનતા કરે, પણ એક વાતે અરથ નશરે; વીનતાં પાંમવા લાગી હાર, દીપક સામુ જોયું તે ઠાર. કુંવરે પાસા નાંખ્યા જેટલે, મંજારીએ શીર ફેરવ્યું તેટલે; ચડપ ઉંદર નીસરપો

સહી, પાસો અવળો કીધો લઈ; કુંવરે સોગટી મારી તે-
ણીવાર, નીકળ્યો કરથી નોળીયો બાર; ઊંદર તણી પકડી
કોટ, નાઠી બીલાડી મેહેલી દોટ, સાતમે ઘેર જઈને ઠરી,
રમત ભંગ તે વેળા કરી; રાજકુંવરને ચડીછે રીસ, ક્રોધ
કરી બોલ્યો તે દીસ, તારી અકલ ઉપર ઉઠી વાટ, કંચન
તણા તે મુકયા પાટ; તારી બુધી પગની પાંનીએ વશી,
રાંડ જાતને અકલ કશી; ઘરમાં દીવી સરખી નથી, બીલા-
ડી સાર દીપક સરવથી; મુકો ઝવેર હીરા કે લાલ, થાય
અજવાળુ ઝાક ઝમાળ; નીકર આવો મારી પાસ, આજ
કરવાનો તુજને દાસ; જાણી જોઈને હારયો તુજ સાથ, હવે
તો ઘસવા પડશે હાથ; એમ કહી કાહાડી એક મણી, જાણે
શોભાપ્રતીબીંબ તણી; ભાગ્યું વીનતા કેરૂ જોર, પડી ખી-
સીઆણી તેને ઠોર; હઈડે દુખને મોહોડે હસી. એ વાતમાં
ચીંતા કશી; હવડાં હોડ હારીને જશો, જશે માલને દુખીઆ
થશો; મુજ આગર કઈક હારી ગયા, તે નરનાં ઠેકાંણાં ન
થયાં; એવી ગતી તમારી સહી, શો ઉદ્યમ હવે કરવો અ-
હીં; મેં ભલા ભલા દીઠા રાજન, તે સહુ હારી ગયા મહા-
જન; કોઈની ગાંજી હું નવ ગઈ, અથાગ નર આવ્યા અ-
હીં; તમે ભાગ્યો માહારો હંકાર, સીતેર લાખ જીત્યા આ-
હાર; માટે આજ રમવાના કોડ, પાડવા આજ તમસુ હો-
ડ; સીતેર લાખ જીતું તો લઉ, હારૂ તો ઇસકામત દઉ; એ-
મ કહીને બાજી ધરી, રમત હતી તે જારી કરી, ઘણી ચ-
તુરાઇ કરે તે નાર, જીત્યા બાજી રાજકુમાર; ઉતરી ગયુ
વીનતાનું મુખ, ઘણું તે મનમાં પામી દુઃખ; ચંદ્ર આભ-
માં પેસે જેમ, વીનતાનું વદન થયુંછે તેમ. નીચું જોઈને વી-

નતા રહી, ત્યારે કુંવરે વાણી કહી; વળી કાંઇ હોય મનમાં કોડ, તોતો પાડો બીજી હોડ; હારયો જુગારી અમણુ રમે, લાખા મુખ બોલી તે સમે; ધન માલ મુજ પાસ નથી, એક વાત રમુ સરવથી; અમીર ઉમરાવ રાજા તન, ગુલામ કરી રાખ્યા ભોવન; તેની હોડ મારૂ આમો, જીતો તો લઇ જાવ તમો. રાજકુંવર હરખ્યો તે ઠાર, માંડી બાજી નવ લાગી વાર; પરમારેથનું કરવું પુન, છોડાવું રાજકુંવરના તન. પ્રભુ લાજ રાખજો માહરી, એમ કહીને રમત જારી કરી; તે બાજી જીત્યો જાણ, વળી તે બોલ્યો મુખથી વાણ; બીજુ હોય તો ફરમાવો કાજ, લેશ માત્ર ન રાખશો લાજ; નીચું જોઇ વીનતા રહી, ગદ ગદ કંઠે વાણી કહી. સરવે વસ્તુ હારી આઠામ; નથી કાંઇ મીલકતનું નામ; નાસીમો મુજ આગળ કરૂ, માહારી કાયા હું હોડમાં ધરૂ; જો જીતુ તો સરવે લઉ, હારૂ તો દાસી થઇ રહું. તે પણ કબુલ કરયું સાર, માંડી બાજી નવ લાગી વાર; રાજકુવર ભાગ્યશાળી સહી, તે પણ બાજી જીત્યો તહીં;

દોહરો.—વાજાં વજડાવ્યાં જીતનાં, હારી ગુણકા નાર; વાત ચાલી તે પુર વીષે, ગલી કુંચીને બજાર. વીનતા કરજોડી રહી, બોલી મુખથી વાણ; હુંતો દાશી તમતણી, જે કહો તે કરૂ પ્રણામ. ૨ હું હારી જીત્યા તમો; આ લોની ગ્રથ ભંડાર; કુંચી સહુ આગળ ધરી, તે વેળા તે ઠાર. ૩ કોણ નગરકિ તમ તણું, કોણ તમારો તાત; રૂપે રંગે સરીખડા, વળી કોણ તમારી માત. ૪ બ્રહ્મા વીષ્નું રૂદ્ર તમો, ધરયું માનવ રૂપ; હંકાર ભાગવા માહરો, પધારયા દેવ સ્વરૂપ. ૫ સંધે બાગો મારા મન તણા, કરો તમારી દાસ;

પ્રતીવરતા હું પદમણી. સેવા કરૂં રહી પાસ. ૬ કોઈ નરનો કર અટક્યો નથી, એ વાતે સુરજ સાખ; કહોતો દેખાડું પારખુ, એમ બોલી વીનતા લાખ. ૭ મેં ધારયું તું મન વીશે, મુને જીતે તે ભરથાર; તે ઇચ્છા મહારી પુરી થઈ, મુજ ભાગ્ય તણો નહીંપાર. ૮ ઇશ્વર આણ આ વાતમાં, જુઠું બોલુ આ દીસ. કોટી બ્રહ્મ હત્યા મુજને, પ્રથવી પાય મુજશીશ. ૯ સાચી વાત તમો કહો, પુરો મનના કોડ; લાહાવો લાએણો લીજીએ, આપણ જુગતે જોડ. ૧૦ રાખી વાત જો તમે કરો, તો મુજ હત્યા તમ શીશ; આશા ભંગ માહારી થશે, દુભાશે જુગદીશ. ૧૧

ચોપાઈ.—એવાં વચન વીનતાનાં સુણી, રાજકુવરે વાણી ભણી; માહારી વીતકની કહુંછું વાત, સાંભળજે તું ચીત સંગાત; જે પોતાને પડીયુ દુખ, તે સરવે માંડી કહ્યુ મુખ; તારે વીનતા વીલાસે મન, ઘણુ દુખ ધરી તે તન. તાહારે રાજકુંવરે કહ્યું નાર, મારા મનના કહુ વીચાર; એક મેહોટી મનમાં આસ, જવું ગુલબંકાવળીની પાસ. ત્યારે ગુણકા બોલી વાણ, સાંભળ રાજા ચતુર સુજાણ: બંકાવળી નામે પરીછે સાર, તેની શોભાનો નહીં પાર; તેની વાડીમાં ફુલછે સહી, તેની શોભાનો પારજ નહી. પ્રથવીમાં તે ફુલછે એક, ઘણી શોભા તેની છેક. સહસ્ત્ર પરી તેની રક્ષા કરે, રાત દીવસ તેની પાછળ ફરે; લક્ષ રાક્ષસ વળીછે રખવાળ, જે વીકરાળ સરીખા કાળ. ફરતો કોટછે તેને સહી, તે મધે વાડીછે મહી; એક ઝાડને એકજ ફુલ, સોભા જોતાં દીનકર અતુલ; પૃથવીમાં ચોકી નાગ પ્રમાણ, ઉપર જક્ષણી સીરજાણ; ગગને ચોકી પરી તણી, તેની શોભા શી

કહુ ઘણી; ચંદ્ર સુરજ નવ દેખે મુખ, ગુજર કાદળી નામેછે સુખ. વીકટ વાટછે તે સરવથી, કોઇની વતી જવાતુ નથી; ઘણાં વીઘન રસ્તામાં થાય, કેઇ પેરે ત્યાં જાશો રાય. કોણ માત્ર માનવની કાય, દેવ દાનવથી નવ જવાય; માટે તજો જવાનું નામ, માહારા મનની પુરો હામ; એવાં દીન વચન વીનતાનાં સુણી, રાજકુંવરે વાણી ભણી; જીવ ગએ ન મુકુ મામ, હુતો જવાનો એણે ઠામ; કાળા માંથાનો માનવી સહી, તેને કોઇ જીતી જાય નહી. મુઠી જેટલાં મનનાં હાડ, ઢોળી પાડે મોટો પાહાડ; બુદ્ધી માણસ જેવી બીજામાં નથી, નીસ્ચે માનજો સરવથી; માટે ત્યાં જવાનો નાર, નવ જવાય તો ધીક અવતાર. તમો નામ ઠામ બતાવો બાળ, તો લેઇને આવું તતકાળ; કેદી લોક હતા જેટલા, મુંકી મે દીધા તેટલા; અમીર ઉમરાવના જે કુમાર, તે સરવેને કાહાડ્યા બાહાર; વસ્ત્ર આભુષણ આપી સાર, વીદાય કરચા તેને તે વાર. હસતાં કરચાં સરવનાં મુખ, ઘણાં દોહલાં ટાળાં દુખ; ઘણી આસીશ દીધીછે સાક્ષાત, તે ઉપર એક કહુંછું દ્રષ્ટાંત,

દુહા.—બ્રાહ્મણ એક જાતે સહી, તેમાં વીદયા અપરમપાર; અન ન મળે પુરૂ પેટને, પુત્ર પુત્રી પરીવાર. ૧ ઉપવીત દેવું પુત્રને, વળી દેવું કંન્યાદાન; ઝુરે બેશી મન વીશે, કેમ થાશે ભગવાન. ૨ દ્રવ્ય મારી પાસે નહી, કેમ રહેશે મુજ લાજ; પરદેશમાં જાવું સહી, જાસુ જઇને રાજ. ૩ બેશી રહે શીધી નથી, નીસ્ચે કરયું મન માંહ; વીનતા પ્રતે વાણી કહી, અમો જાસુ પરદેશ માંહ. ૪ દ્રવ્ય લઇને આવશું, વીનતા આણે ઠામ; કંન્યાકાળ જાયે કુંવરી તણો, વળી

કેમ થાશે આપણું કામ. ૫ સાસ્ત્ર વચન કેમ લોપીએ, એસે મુજ શીર ગાળ; માટે જાચુ કોઇ રાયને, લાવું અતીશે માલ. ૬ એવાં વચન વીપ્રનાં સુણી, નારીએ આગ્ના દીધ; શુભ મહુરત જોઇ નીસર્યા, કામ કરવાને સીધ. ૭ દેશ તજીને નીસરયો, હું જાઉં ગ્રહસ્થની પાસ; આસરવાદ જઇને દેઉં, તો પુરે મનની આશ. ૮

ચોપાઈ. એમ વિચારી ચાલ્યા વહી. પ્રભુ આશા મારી પુરે સહી; દીવસે કુચ રાતે મુકામજ થાય, એમ ફરતો ફરતો બ્રાહ્મણ જાય. ચાળીસ જોજન ગયા રૂશી જન, તીયાં એક દીઠું મોહોટું વન; વનસપતી ત્યાં ભાર અઢાર, નમી રહી તેની ભારે ડાળ. એક મારગ બીજી નહી વાટ, ઘણો મનમાં થાય ઉચાટ; શોહોર થાય વરૂને વાઘ, ઘણો સાદ કરે તે જોગ. નવ રહી બ્રાહ્મણ કેરી ધીર, હીમત રાખીને ચાલ્યો વીર; ભવીષ્ય હશે તે બનશે સહી, એમ વીચારી ચાલ્યા વહી. અડવે જંગલ ગયો જેટલે, એક કઉતક દીઠું તેટલે; વજર પાંજર લોઢાનું દ્વાર, તે મધે વાઘ દીઠો તે હાર. બાર હાથ દીસે વીકાળ, તે દીઠો જાણે ખાશે તતકાળ; પુંછ પછાડે તેમાં રહી, બ્રામણ આવી પોહોચ્યો તહી. ગડ ગડીને ઉભો ત્યાં, આગળ નવ ચાલે તેના પાય; પાછું ડગલુ ભરાતું નથી, મન વીચાર કરેછે કથી. નીરચે વાઘ ખાવાનો મુજ કાય, મનના મનોરથ રહ્યા મનમાંય; હમણાં ન કરી મુકે દોટ, ઝડપ ઝાલશે માહારી કોટ. નવ ચાલે નવ હાલે પાય, આકુળ વ્યાકુળ મનમાં થાય; તે સારદુલને વાચા થઈ, મુખ થકી તેણે વાણી કહી. અરે ભાઈ તું પંથી જન, આપ્ય તને નવ કરૂં વીઘન; એ વાતે સાક્ષી શ્રીરામ, સત કરી

માનો આ ઠામ. જીવતદાન આપો મુજને આજ, હુતો સારીસ તારાં કાજ; બ્રાહ્મણને આવ્યો વીશ્વાસ, ગયો તે પીંજરની પાસ. કર જોડીને ઉભો રહ્યો, ત્યારે સારદુલે બોલજ કહ્યો; ઉઘાડ દ્વાર હું નીસરૂ બાહાર, કરીશ તુજને ઘણો ઉપકાર. વીપ્ર કહે એ અચરત વાત, કોણે પીંજરમાં ઘાલ્યો ભ્રાત; વીસતારીને કહોજી તમો, ત્યાર પછી ઉઘાડું અમો.

દોહરો. તે વારે સારદુલ બોલીઓ, સાંભળ પંથીજન; મેતો મારગ પાડીઓ, સંતોકયું મુજ મંન. ૧ પશુ પંખી કે માનવી, સઉનો કરતો આહાર; કોઈ માનવી માથાનો મળ્યો, પડયો પીંજર આ ઠાર. ૨ ભક્ષ ભોજન એમાં ભરી, હું કરવા બેઠો આહાર; દ્વાર બંધ તેણે કર્યું, કેદ કરયો આ ઠાર. ૩ સાન કરી તેણે મુને, તે થયો સવાયો શેર; વજર પીંજર હું પડયો, એકે નવ સુઝે પેર. ૪ ક્ષુધા તરસ પીડે ઘણી, ઝુરૂ બેઠો આ ઠામ; માટે ભાઈ કહાડો મુજને, હું જીવું તમારે નામ. ૫ આંખે આંસુ ધારા પડે, એમ કહીને કરે રૂદન; વીપ્રને દયા આવી ઘણી, પછી બોલ્યો મુખ વચન. ૬ હુંતો કાહાડુંછુ તુજને, પરમારથ પ્રમાણ; કદાપી ખાય તું મુજને, તે વાતે શાક્ષી આણ. ૭ સુરજ ચંદ્ર બે સાખીયા, શ્રી રામચંદ્રની સાખ; બીજી પ્રતીજ્ઞા કીધી ઘણી, સત સહસ્રને લાખ. ૮ તેવારે બ્રાહ્મણ રીઝીઓ; માન્યુ પોતાનું મન; દ્વાર બંને ઉઘાડીઆ, તે વેળા તે દન. ૯ નીકળ્યો વાઘ તેમાં થકી, બોલ્યો મુખ વચન; ક્ષુધા પીડે છે મુજને, હું ખાઇશ તહારૂ તન. ૧૦ ત્યારે બ્રાહ્મણ બોલીઓ, એ શી બોલ્યાં વાણ; પરમેશ્વર વચમાં ધરયા, તેં સમ ખાધાછે જાણ. ૧૧ વચન તહારૂં મીથ્યા કરે, ધીક ધીક તુજ

અવતારે; બ્રાહ્મણ હત્યા કયાં છુટશો, સમજો મનમાં સાર ૧૨

ચોપાઈ.—સારકુલ ત્યારે બોલ્યો મુખ, શાને પીડા ધરેછે દુખ; ગુણ પછવાડે અવગુણ સહી, એ વાતમાં સંધે નહી. માટે તુજને ખાવાનો ભ્રાત, નીશ્ચે માનજે સાચી વાત; બ્રાહ્મણ કેહે મીથ્યા થાય, મહા પાપી તું કેહેવાય. સત પ્રમાણે કહુછું હું, ચીત ધરીને સાંભળ તું; વીશ્વાસઘાતનું મોહોટું પાપ, નીશ્ચે માનજે આપોઆપ, ગુણ પછવાડે અવગુણ કરે, તે નરતો નરકે સંચરે; સારકુલ કહે હું માનું નહીં, કાંઈ સાખ પુરાવો અહી, ભટજી કહે શાખ પુરાવું હું, મારી સાથ આવને તું; જુઠો પડુતો કાયા મુજ દેઉ, સાચો થઉ તો મારગ લેઉ; વણ પુછે જો ખાસો મુને, તોતો ગઉ હત્યા છે તુને; સારકુલ કહે સાચો થાઉ, તો તુજને જવા ન દેઉ. એમ કહી બે ચાલ્યા જાય, આવ્યો વડ એક મારગ માંહ; ઘાર ગંભીરછે શીતળ છાંય, શીતળ પવન આવેછે ત્યાય. ત્યાં બે જણ ઉભા જઈ, ત્યારે વીપરે મુખથી વાણી કહી; તારી છાયાછે અપરમપાર, માટે એક પુછવો વીચાર. ત્યારે તે વડને વાચા થઈ, મુખ થકી તેણે વાણી કહી; શો કજીઓછે તમારે જાણ, વીસ્તારીને કહો નીરવાણ. ત્યારે બ્રાહ્મણ બોલ્યો વાત, કરગરવા લાગો વડની સાથ; પોતાની સરવે વાતજ કહી, તે સઘળી વાણી વડે લહી. માહારો વાંક હોય તો મુજને કહો, નહી તો મુજને જવાદો;

દુહા.—ત્યારે તે વડ બોલીઓ, કહુ મુજ વીતકની વાત; તે સાંભળતાં ભાગશે, બેઉના મનની બ્રાંત; ૧ ગંભીર છાયા માહરી, શીતળ વાયુ વાય; પશુ પંખીને માનવી, બેશીને સુખી થાય. ૨ વીશ્રામ કરે મારા થકી, સમાવું તેનો તાપ;

ઉપકાર મહારો અતી ઘણો, તું સાંભળ બ્રાહ્મણ વાત. ૩ કોઇ ચુંટે કાયા માહરી, કોઇ ચુંટે માહારાં પાન; કોઇ ડાળી છેદન કરે, તુ સાચે સાચુ માન. ૪ ગુણ પછવાડે અવગુણ સહી, એમાં શો સંદેહ; લખ્યા લેખ મીટે નહીં, તે ભોગવ તારી દેહ. ૫ એવાં વચન વડનાં સુણી, બ્રાહ્મણ થયો મન ભંગ; સારેદુલ હતો તે સજ થયો, આનંદ પામ્યો અંગ. ૬ સાચી વાત મારી મળી, તું જુઠો પડયો આહાર. હવેતો ખાઉં તુજને, નવ લગાડું વાર. ૭ ત્યારે બ્રાહ્મણ બોલીયો, નહી માનું એ વાત; બીજાને પુછો જઈ, પછી કરજો માહારી ઘાત. ૮ વગુ ઘનસાકે મારે મુને, તે હત્યા બેસે તુજ; શારેદુલ કહે વળી વેઠશું, દુખ વળી ભુંડી ભુખ. ૯

ચોપાઈ.—પુછો કોઇ બીજાને જઇ, એમ કહીને ચાલ્યા વહી; શરોવર સુંદર દીઠુ જ્યાં, પેલા જઇને ઉભા ત્યાં. મનના મનોરથ મનમાં રહ્યા, દઇવને ન આવી દયા; જળવીદ માતાછો તમો, ભેદ ભાગો દુખીઆ છઇએ અમો. ત્યારે શરોવરને વાચા થઇ, મુખ થકી તેણે વાણી કહી; શુ દુખકે ને સુકે કામ, આવ્યા છો કેમ આણે ઠામ. ત્યારે બ્રાહ્મણ હરખ્યો મન, સંક્ષેપે કહ્યું તે દન; માટે ન્યાય ચુકાવો જાણ, જેમ બચે બ્રાહ્મણના પ્રાણ; એનો વાંક હોય તો શીક્ષા દો. મુજને પાધરો જવા દો; વાત કરી બે ઉભા તહી, પછે સરોવરે વાણી કહી.

દોહરા.—સરોવર કહે વીપ્રને, સાંભળ મારી વાણ. ભવીષ્ય તે મીટે નહી, જે કરમે લખ્યું પ્રમાણ. ૧ પ્રથમ વાત માહારી સુણો, વીતકછે મહારી કાય; તેની વાત સુણ્યા થકી, સંદેહ મનનો જાય. ૨ સરોવર સુંદર હું સહી, અમ-

રીત સરખુ નીર; પીએ જળ આવી કરી, શીતળ થાય શ-
રીર. ૩ અનવીના જાય અધ ઘડી, જળ વીના ન જાય પ-
ળએક; એવા ગુણકે માહરા, તમો સાંભળજો વીવેક. ૪
પશુ પંખીને માનવી, સરવે તરપત થાય; તે અવગુણ મુ-
જને કરે, તે સાંખી રહ્યું આપ. ૫ કોઈ દંત ધાવન
કરે, કોઈ આવીને નાહ્ય; કોઇ મળ મુતર ધુવે, તે
ખમુંછું મારી કાય. ૬ ગુણ પછવાડે અવગુણ સહી,
નીસ્ચે આડો આંક; સુખ દુઃખ કાયા ભોગવે, તેમાં સાર-
કુલનો શો વાંક. ૭ એવાં વચન તેનાં સુણી, બ્રાહ્મણ પામ્યો
દુઃખ; સારકુલ રીઝ્યો અતી ઘણો, બોલ્યો પછે મુખ. ૮
હવે તો ખાઉ તુજને, જુઠો પડયા બીજી વાર; સાચી વાત
મહારી મળી, ભક્ષ કરૂં આ વાર; ૯ ત્યારે લાચાર થઈ
બ્રાહ્મણ કહે, હું હજી એગનું દ્રષ્ટાંત; હું હાર્યો જીત્યા તમો,
તે ભાગી મનની બ્રાંત. ૧૦ હવે ફરી વચન બોલું નહી.
તું કહે તે કરૂ પ્રમાણ; હવે ત્રીજુ વચન મીથ્યા કરૂ, તો ઇ-
શ્વરની મુજ આણ. ૧૧ તે વારે સારકુલ બોલીઓ, વળી
જુઠો પડાશ આંય; ત્રીજીવાર હું ચુકવાનો નહી, એમ ક-
હીને મારગ જાય. ૧૨ વળી આગળ ચાલ્યા સહી, એક દીઠું
શીયાળ; બ્રાહમણ વાઘ ઉભા રહ્યા, બોલ્યા મુખ તત્કાળ. ૧૩
ચોપાઈ—તે વારે વાચા શીઆળને થઈ, મુખ થકી તેણે
વાણી કહી; ગુણ અવગુણ તણીકે વાત; પછી ભાગ્યુ મ-
નની ભરાંત. ત્યારે બ્રાહ્મણે વાણી કહી, વીતક વાત તે સ-
રવે સહી; તમો કહો તે કરશું અહીં, બેઉ જણ ઉભાછે
સહી. શીયાળ બોલ્યો મુખ થકી, વાત આતો મનાતી
નથી; નજરે જોઉ તો માનું વાત, પછી ન્યાય કરૂં મુજ જા-
ત; જુઠો સાચો કોણ હશે, ન્યાય અન્યાય મુજથી કેમ થશે;

કએ ઠામ તે પીંજર સહી, કેમ એ કબજ પડયો તો તહી. કઇ રીતે ઉઘાડ્યું બાર, મુજને દેખાડો તે ઠાર; ત્યાર પછી ચુકાવું ન્યાય, મુખથી વાત તે કેમ મનાય; એવાં વચન શીયાળનાં શુણી, વાઘને રીસ ચડીછે ઘણી, વડને જળ કરતાં ડાહ્યો તું; આવ્ય ઠેકાણું દેખાડું હું; જોયા પછી ચુકાવું ન્યાય, એમ કહી ગયા ત્યાંય; આ પેલું મારૂ રેહેઠાણ; આ પીંજરમાં પેઠો જાણ; એ પંથીએ ઉઘાડ્યું સહી, ગુણ પાછળ અવગુણ અહી; બોલ વેહેલો થા કહુછુ તુને, ભુખ ઘણી લાગીછે મુને. મુખ જુબાની કહોછો તમો, ન્યાય અન્યાય કેમ ચુકવુ અમો; નજર જોઉ તો ચુકાવું અહી, નહીતર મારગ જાવું વહી; તમો પેસો પીંજર મોઝાર, બ્રાહ્મણ વળી ઉઘાડે દ્વાર; તો તો નજરે જોવું અહીં, પછી ન્યાય ચુકાવું સહી. એવાં વચન શીઆળના સુણી, પેઠો પીંજરમાં તેણી ઘડી; વીપ્રને કહે તમે દોની દ્વાર, એ કહે ત્યારે ઉઘાડજો યાર; દીધાં બારણાં સાંકળ સાથ, શીયાળ મુખથી બોલ્યો વાત, જે રીતે તમો કહ્યું તું સહી, તે રીતે તમો બેઠો અહી. ઉઘાડ ભાઇ તું આણે દ્વાર, હું તુંજને કરીશ ઉપકાર; ગુણ પછવાડે અવગુણ સહી, તારે હું ઉઘાડુ નહીં.

દોહરો. વચન સુણી શીઆળનાં. વાઘને પડો મન ફાળ; દગો કરીને ઘાલીયો, હું આણીશ તારો કાળ. ૧ તું શું ખાતો તો મુજને, બળ હોય તો નીકળ બાહાર; સનેહ કરી તન કહાડીયો, ધીક ધીક તુજ અવતાર. ૨ બરામણનો જીવ બચાવીઓ, વળી અદલ ચુકાવ્યો નાય; જે કરે તે ભોગવે, મુજ શીર દોષ નહીં કહેવાય. ૩ તું શીઆળ હું સારદુલ થયો, મેં અદલ ચુકાવ્યો ન્યાય; ગુણ પછવાડે અવગુણ સહી, તું ભોગવ તારી

કાય. ૪ એમ કહી તયાંથી ચાલીયો, શીઆળ તયાંથી જાય; બરામણ પાછો પરવરયો, કેવો ચુકાવ્યો ન્યાય. ૫ જગત જાગ કોડે કરો, જાઓ તમારે ગામ, વગર વીચારયુ કરતા રખે, આજ પછી તમે કામ. ૬ આશીશ દીધી શીઆળને, બરામણ પંથ પળાય; ઉપવીત દીધુ પુત્રને, વળી પરણાવી કન્યાય. ૭ નાહાના ઉપરે નવ ભુલવું, નાહાનો શીઆળયો એહ; બુદ્ધીએ જીતીયો વાઘને, કળી ન શકે તેહ. ૮ તમો જીતસો સરવને, કોણ માત્ર પરી જાત; પરમેશ્વર પ્રતાપથી, લાવો ફરી વીખ્યાત. ૯

ચોપાઇ.—એવાં વચન વીનતાનાં સુણી, લાચાર થઇને વાણી ભણી; જાઓ કહેતાં જીભ કપાય, માટે શીઘ કરી આવો રાય. આવશો તીયારે સુખ સેહેલ, તમો આવશો તારે રંગના રેલ; આવશો તારે નીકળીશું બાહાર, તે જાણજો તમે નીરધાર; જપ માળા મેં કરમાં ધરી, સરવે સુખ તજ્યું સુંદરી; પરપુરૂશ ભાઇને બાપ, નીસચે માનજો આપો આપ. તમ કારણ લઇ બેઠી જોગ, મુક્યા ભાવતા સઘળા ભોગ; મરવા ઉપર રોજ્યા અમો, ઉતાવળ કરોની તમો. બાર વરસ સુધી જોસુ વાટ, પછી કરીશું દેહની ઘાત; અવરે પુરૂશ કરવાની નથી, સત કરી માનજો સરવથી. એમ કહીને નામીયું શીસ, રાજકુંવર ઉઠ્યો તે દીસ; જોઇ શુકનને પંથ પળાય, નગર થકી નીસરયો બાહાર. લીધું પછી જોગીનું રૂપ, પ્રતીબીંબનું પ્રગટ્યું નુર; ભસ્મ લેપન કર્યુંછે કાય, વજર કછોટો વાળ્યો રાય. શેલા શીંગી ગળામાં સહી, જેસ્ટીકા તુંબડી કરમાં ગ્રહી; મનમાં બીતો નથી લગાર, જંગલમાં આવ્યો રાજકુમાર. મહા અરણ્યવેતો ચાલ્યો જાય, રાત પડે તીયાં મુકામજ થાય; મા-

ણસ નામે જંગલમાં નહી, ઝાડને આશરે બેસે જઈ. દુખે પંચે વીતેછે રાત, વળી પંચ ચાલે પ્રભાત; સાત માસ ગયા એમ જાણ, જંગલ આવ્યું એક નીરવાણ. ઘણા ભેછે અનેક જાત, તીયાં મુકી નવ શકે કોઈ પાગ; કંથાર કાંશકીને ગોખરૂ સહી, તે ઉપરથી ચાલવું તહી. બીજી વનસપતી બાર અઢાર, ઘટા ઘુમ થઈ તીયાં સાર; ક્યાં ઉગ્યો ક્યાં આથમ્યો સહી, એવું વન ભયાનક તહી, અંધકાર નવ સુજે ભાણ, પશુપંખી બહુ મળીઆ જાણ; શબદ શારદુલ શીઆળનાં થાય, તે દેખતામાં કંપે રાય. ઘણા શબદ મોટા વીકરાળ, નાગના શબદ નીસરે બાહાર; ફળ જળ તણું નહી નામ, કંઠ સોશ પડ્યો તે ઠામ. ઘણી છે કોમળ તેની કાય; ગોખરૂ કાંટા પેસે પાય; મરતુકાળ જંગલનું નામ, કોઈ ચાલી શકે નહી હામ. દેવ દાનવથી નવ જવાય, કોણ આશરો માનવનો કાય; દસ જોજનનું જંગલ જાણ, જે જાય તે છાંડે પ્રાણ. તે મધે ચાલ્યોછે વીર, ઘણું દુઃખ પામ્યો તે શરીર; હીમત પોતે મુકતો નથી, માહા દુખે ચાલ્યો સરવથી. વળી તે મનમાં કરે વીચાર, ચતુરાઈ કરી મેં જીતી નાર; એતો પરમેશ્વરનો ખયાલ પડે પાર કે આણે કાળ; લખીત વાત થાશે તેહ; એમ કહી ચાલે છે એહ.

દુહા.—શરીર સઘળું જડાઇ ગયું, નીકળે રૂધીર નારધાર; લાખ વીંછુની વેદના, ભોગવેછે તેને ઠાર. ૧ પગ તળીઆં તરવાઇ ગયાં, છેદ પડ્યા આ ઠાર; પગ ધરતીપર નવ ધરે, દુખ તણો નહી પાર. ૨ ભુખ તરસ પીડે ઘણી, વળી કાંટા ભાગે પાય; હીમત મન નથી મુકતો, ચાલ્યો જંગલમાં જાય. ૩ વાઘ વરૂ ગાજે ઘણા, ડરતો નથી કાય; લખ્યું હશે

મારા કરમમાં, જે થવાનું હશે તે થાય. ૪ એ બેવો ડરવું કસું, વીચારયું પોતે મન; દુખે પાપે ચાલે નહીં, શું કહું મુખે વચન. ૫ સાત દીવસ એમ વહી ગયા, તે જંગલમોજાર; દસ જોજનનું વન સહી તે મુકીને નીસરયા બાહાર. ૬ સુરજ તણું દરસન થયું, ત્યારે હરખ્યા રાજા મન, પાહાડ એક નજરે આવીયો, જોતામાં ગયોછે ગમન. ૭ જયાંહાં પાહાડ ત્યાં જળ સહી, એમાં શો વીચાર; દુખે પાપે જાઉં ત્યાં, ત્યારે મળશે અમંરીત અહાર. ૮ એમ વીમાશી ચાલીયો, જળ વીના જીવડો જાય; પાહાડ સમીપે આવીયો, તાંહાં એક અચરત થાય. ૯ જુએતો તે પાહાડ નથી, એક રાક્ષસ વીકાળ; લાંબા ચોડાની ગણતી નથી, અડુ ગગને વીશાળ. ૧૦ જડ રૂપમાં તાંહાં થઇ ગયો, ચહુતન ટળું શરીર; વીકરાર વદન બીહામણું, કઇ તરેહ રાખુ ધીર. ૧૧ અરે જીવ તું કેમ ડરે, મરવું એકજ વાર; એમ વીચારી મન વોશે, નમીને કરયો જુહાર. ૧૨

ચોપાઇ.—નમો કરીને લાગ્યો પાય, ત્યારે રાક્ષસ બોલ્યો કાંય; કહાંથી આવ્યા આણે ઠામ, નવ આવે માનવનું નામ. દેવ દાનવથી નવ અવાય, તો કોણ માત્ર તું માનવી કહેવાય; મારે કીસ્મતે આવ્યો અહીં, એ વાતમાં સંદેહ નહીં: નીત પશુના કરીએ અહાર, ઘણાં વરસ થયાં તે ઠાર; માનવી ખાવાની ઇછા થઇ, તેતો આજ સંપુરણ થઇ. માટે આજ જીવવું સારથક થયું; તારા કાયાનો સ્વાદજ લઇ: એવાં રાક્ષસનાં સુણી વચન, રાજકુંવર બોલ્યો તે દન, એ વાતે ઘણું હરખ્યું મન, સુખે ખાઓની મારૂ તન; ઘણો ખુશી થયો હું આજ સીધ કરો તમારૂ કાજ; એક પલક તે વરસજ

થાય, નથી દુખ વેઠાતુ કાય; જોતું માહારી કાયા ખાય, તો જીવ નીકળી સરગે જાય. પરદુખ ભંજન મારા તમો, વેહેલા થાઓ દુખ પામુ અમો, એવાં રાજકુંવરનાં સુણી વચન, તવ રાક્ષસનું હરેખ્યુ મન; ઘણી કાંન્તીને રૂપ વીશાળ વાણી સુણતામાં ઉપનીયું વહાલ; મધુર વચનથી વાણી કહી, આવ તુને નહી ખાઉ અહીં; મરવું તો કોઈને નહી ગમે, શામાટે મોત માગો આ સમે; બાળપણમાં જોબન કાય, કેમ આવ્યા જંગલની માંય; પરમેશ્વર વચમાં દરમીયાન, નહીં ખાઊ એતુ નીશ્ચે માન; એમ સમ ખાધા તે ઠાર; આવ પાસે કરીશ ઉપકાર. પાંચ દીવસ પરોણા રોહો, દુખ હોય તે મુજને કહો; હાવું રૂપ તમારૂ સાર, શો છે તમારે નીત્ય અહાર; તે આણીને હાજર કરૂ, વચન તમારૂ મસ્તક ધરૂ; રાજકુંવર કહે સાંભળો તાત, કહું મારા ખાધાની વાત; ઘેઉ ઘઉ તણો સહી જાણ, વળી સરકસ સાકર નીરવાણ; તે તણા અમો કરીએ અહાર, તે કયાંથી આ જંગલમોઝાર.

દોહરો.—એવાં વચન રાક્ષશે સુણી, હરખ્યો અપરમપાર; ચાર ઘડીમાં લાવું સહી, તું બેશી રહે આ ઠાર; એમ કહીને પરવરયો ક્ષણ્યુ નવ લાગી વાર; પોઠ જાતીતી વણજારા તણી જઈ પડયો, તેમોઝાર રાક્ષસે માયા કરી; તે સરવે સમેટી લીધ; પાછો ફરીને આવીયો; કામ કરી તે શીઘ. અંન વસ્ત્રના ઢગલા કરયા, ઘી સાકર બહુ ખાંડ; કરીઆણું વીવીધ પ્રકારનું; ત્રાંબા પીતળનાં ભાંડ. ૪ રાજકુંવર વીસ્મે થયો; જે જોઈએ તે ત્યાંય, ઉનમત નહી કશી વાતની, વીસ્મે થયો મન માંય; ૫ ખાન પાન ગમતુ કરે, તું માહા-

રો મીજબાન; ચિંતા મનની પરહરો; તને આપીસ જીવત દાન. ૬ ભક્ષ ભોજન વીધવીધનાં, કરયાં બત્રીસે પાક; ભાતભાતની સુખડી, કરયાં સુંદર સાક. ૭ રાજકુંવર પાછો બોલીયો, તું પીતા હું તંન; એક અરજ છે માહરી, કહોતો બોલુ વચન. ૮ ત્યારે રાક્ષસ કહે કહો તમો, નવ ડરશો મન લગાર; જે ઈછા તારા મન વિશે, તે કહો મુજને આ હાર. ૯ ત્યારે કુંવરે કરી વીનતી જમીએ બેસીને સાથ; એતો ઉમેદછે મુજને, કહુછુ જોડી બે હાથ. ૧૦ બીજી વીનતી તમ દાસની, અભંગ તમારી કાય; બીક ઘણી લાગે મુને; તો મુખમાં કેમ ખવાય. ૧૧ એવા વચન મુખે કહ્યાં, ત્યારે હરખ્યો રાક્ષસ મનઃહશી કરીને બોલીયો;તું સાંભળ પંથી મન. ૧૨ મારી માયાનો પારજ નથી, તુજ કારણ માનવ થાઉ; આ જાત માહારી તજુ તુજપાસે બેશી ખાઉ. ૧૩ એમ કહી થયો માનવી, ક્ષણુ નવ લાગી વાર; જાણે બીજો રાજવી, થઈ શોભા અપરમપાર. ૧૪

ચોપાઈ.—રાક્ષસે માયા પોતાની કરી, પાહાડ જેવી કાયા પરહરી; થયો માનવી દેવ સ્વરૂપ, અચરજ પામ્યો પોતે ભુપ. ૧ તારે હશી બોલ્યો રાજન, હવે તો હરખ્યુ માહારૂં મન; એમ કહીને પીરશી થાળ, જમવા તે બેઠા તતકાળ. ૨ અમરત વસ્તુ આગળ ધરી, આરોગ્યા પછે પેટજ ભરી; બત્રીસ વાનાના સુખડી સાર, વારા ફરતી કરેછે અહાર. ઘણાં સુઘડ ખાયછે પાન, બેઠા બેહુ જણ ધરીને માન. ૪ વાત ચીત કરી બે ઘડી, એમ કરતાં તહાં રાતજ પડી; નીરભે થઈને સુતા તહી, એમ ચાર પોહોર રજની ગઈ. ૫ પ્રાતઃકાળે ઉઠ્યા બેઉ જણ, કીધાં બનોએ દંત ધાવન;

વળી બત્રીસી રસોઇ કરી, જમીયા બન્યો પેટજ ભરી. ૬ બમણી લેજત પડી બીજે દંન, તેમ તેમ રાક્ષસ રીજે મન; કો દીન મોદીક કો દીન કંસાર, કો દીન શીરો પુરી આહાર; કો દીન વેડમીને સુખડી, રાક્ષસ તણી ભાગી ભુખડી. ૭ સાત દીવસ થયા તે ઠાર, રાક્ષસ રીજ્યો અપરમ પાર; સ્વાદ ઇંદ્રિએ તે વશ થયો, મુખ થકી તે નવ બોલીયો રાક્ષસ મનમાં કરે વિચાર; રાજકુંવરને કહ્યું તે વાર; હવે તમે ધરાયા અહીં, હું પુછું તે કહોને સહી.

દુહા.—રાક્ષસ મુખથી બોલીયો, સાંભળ માનવી જાત; શા દુખે તું નીસરેયો, તે કહો મુખે વાત. ૧ કોણ જાતછે તાહરી, કોણ માત કોણ તાત; બાળપણે વનમાં ભમે, શા દુખે મુજ ભરાત. ૨ માંડી વાત મુજને કહો, હું ભાગુ તાહારૂ દુખ; ઇશ્વર આણ એ વાતમાં, વીતતારી કહો મુખ. ૩ રાખી વાત બાઈ તું કરે, તો ઇશ્વરની તુજ આણ; સાચે સીર્દાછે સહી, માટે સાચી બોલ વાણ. ૪ ભાગીશ દુખ હું તાહરૂ, જ્યાં સુધી ઘટમાં પ્રાણ; સત વચનછે માહરૂ, તું સાંભળ ચતુરસુજાણ. ૫ વચન આપીયું તે રાક્ષસે, તે લાંબુ કરમોઝાર; પેક્રે કરજોડીને બોલીયો, તે વેળા રાજકુમાર. ૬ સીરકસ્તાનનો રાજીઓ, તેહ તણો હું તંન; ગુલબંકાવલી જોવા તણી, ઇછા માહારે મન. ૭ રાજપાટ સરવે તજી, નીકળ્યો છુ હું બાહાર; ફેરતા-ફરતા હું આવીયો, તમો તણા ઘર બાર. ૮ હવે રજા આપો મુજને, તો ઝાલુ મારગ સીધ; તમો સમ ખાધા મુજ આગળે, વચન આપુ મુજ સીધ. ૯ વીગત વાત માંડી કહી, મેહેતો તમારી સાથ; વચન પાળો તમ તણું, સમ કરો પરણામ. ૧૦ એવાં વચન શ્રવણે સુણી,

રાક્ષસ થયો મન ભંગ; કરમે કર અરકાડીઓ, બોલ્યો તેણે સંગ. ૧૧

ચોપાઈ.—બોલ્યો રાક્ષસ મુખથી વાણ, સાંભળ માનવી ચતુરસુજાણ; તે ફુલ કાંઈ રસતામાં નથી, સાચી વારતા કહુંછું કથી. લંકાવજી નાગે પરીકે સહી, તેની શોભાનો પારજ નહીં; તેનીવાડીમાં એકે ફુલ; ઘણી સુઘડને વશનુ અમુલ્ય. તેના રક્ષા કરવા રહુંછું હું, સત્ય કરીને માનજે તું. અઢાર હજાર હું સરખા સેનાપતી, તેની સેનાની શું કહુ ગતી; એકસો બાસઠ ચોકી જાણ, એક અઢારે હજાર નિરવાણ. તમો કેઈ પેરે જાશો તહીં, મુજને ચીંતા થાશે અહીં; તેના બાપનું બહુકે શેન, ત્યાં તમો જાશોજી કેમ. માનવીથી જવાએ નહી, માટે તમો ત્યાં જાશો નહીં; ત્યાં સઉ રાક્ષસ રક્ષા કરે, પવન સરખો નવ સંચરે. જમીનપર ચોકી વીછુ ને નાગ, ગગને સ્ત્રી પરીની જાત; ફરતો કોટ રાક્ષસનો તહીં, દેવતા થકી જવાય નહી. ચંદ્ર સુરજની દ્રષ્ટી નવ જાય, તે ફુલ તુજથી કેમ લેવાય; પ્રથમ ચોકી મહારી સહી, મહારી નજરે દીઠું નહીં; તે કેમ આવશે તહારે હાથ, રાક્ષસ દુખ ધરે મન સાથ; હવે વચન માહારૂ મીથા જશે, એ કારજ કેઈ પેરે થશે; તેતો ગુણ કીધોકે અપાર, અમરત વસ્તુ કરાવી આહાર. મારૂ વચન જો મીથ્યા થાય, ધીકાર પડ્યો અમારી કાય; ધીકાર પડ્યો જો જાય વચન, બહુ પસ્તાઉછું મારે મન. છુટ્ટ જવા સુધી કરવાનો કાજ, બાકે આહાની રાખવી લાજ; ભક્ષણુ ભોજન કરોની તમો, એક રાક્ષસ તેડી આણીયે અમો; એવાં વચન રાક્ષસનાં સુણી, રસોઈ સાધ કરી ચોગણી; ચાર ઘડીમાં કરી તઇયાર, ચતુર નરને શાની વાર;

પોતાની વાણીએ કર્યો પોકાર, એક રાક્ષસ આવ્યો તે ઠાર. જુહાર કરીને ઉભો સાર, વાત કરવા લાગ્યો તે ઠાર; રાજકું-વરને દીઠો જેટલે, રાક્ષસ મુખ બોલ્યો તેટલે. એ માનવ રૂપ ક્યાંથી લાવીઆ, એ ઉપર કેમ રાખી દયા; ઘણી સકો-મળ તેની દેહ, મન તણો ભાગો સંદેહ. કેમ રાખોછો હેતજ ધરી, એવી વાંણી તેણે ઓચરી.

દોહરા.—એવાં વચન તેનાં સુણી, બોલ્યો મીત્ર વચન; એ દેવ થકી અધીકછે, મેંતો આપ્યું સત વચન; ૧ એના ગુણનો પારજ નથી, એણે આપીઓ અમરત અહાર. પુત્ર કરતાં અદકો ઘણો, મુજ મીત્ર આધાર; ૨ મરતુ લોકના માનવી, એની શોભાનો નહી પાર; બીજા ગુણ એમાં ઘ-ણા, શા મુખે કહુ વીસ્તાર. ૩ નીમક હરામ હુંય થયો, એ-ણે ભાગી મારી ભુખ; શું ઓશીંગણ થઇશું અમો, એ નરને મોહોટું દુખ. ૪ માટે તેડયા મેં તમો, એશાની આધાર; ખાન પાન કરીએ સહી, પછી કરીએ એક વીચાર. ૫ બેઉ જણા બેઠા સહી, ત્રીજો માનવી સાથ; મુકયાં ભોજન મુ-ખ આગળે, આંણી મન હુલાસ ૬ સાત વાનીની સુખડી, બીજુ સાહીત અપાર; મુખ આગળ સહુ મુકીયું તે કરવા બેઠા અહાર. ૭ અમરત વસ્તુ મુખમાં ધરી, ઘણા શોભ-તા સાર; તેમ તેમ રાક્ષસ રીઝીઆ, આણી મનમાં વ-હાલ. ૮ ધન માનવ તારી બુધને, તરપત કર્યું મુજ મન; શું દુખછે તારી કાયને, કહે મુખ સત વચન. ૯ જે વસ્તુ ખાધામાં નહી, તેનો ચખાડયો સ્વાદ; તુ કહે તે કરીએ અમે, મનમાં આણી હુલાશ. ૧૦ ત્યારે પહાડ મુખ ઓ-ચરયો, એને છે મોટું દુખ; તેતો કામ થવાનું નથી, એવું

બોલે છે મુખ. ૧૧ ગુલબંકાવળી જોવા તણી, ઈચ્છા છે એને મન; તે કારણ વનમાં ભમે, તું સાંભળ મીત્ર વચન. ૧૨ મહારે સરણે એ આવીઓ, કરાવ્યા અમરેત અહાર; નીરાસ થઈ જાશે શહી, તો ધીક આપણો અવતાર. ૧૩ માટે તેડ્યો તુજને, કઈ પેરે થાય એનું કામ; મનોરથ પોહોચે એહનો, તો થાય આપણું નામ. ૧૪

ચોપાઈ.—એવાં વચન પહાડનાં સુણી, તેના મીતરે વાણી ભણી; એ વાતની ચિંતા નહી, એનું કામ થવાનું સહી. મોકલું મહારી ભગનીની પાંશ તે પુરવાની એની આસ; ઘણી ફોજછે સરવદી, રાક્ષી વીધ્યાનો પારજ નથી. પ્રથમ ચોકી તેની સહી, તે નીશ્ચે કામ કરવાની તહી; એમ વીચારયું મનમોઝાર, કાગળ એક લખ્યાં તત્કાળ. ઘણી વીનતી તેમાં લખી, તેડ્યો એક રાક્ષસ મુખી; જે ફરમાવો તે હું કરૂ, કહો આજ્ઞા તો મુસતક ધરૂ. તે રાક્ષસ બોલ્યો તે ઠાર, મહારી બેહેન અગોજ્ઞા સાર. તેની પાસે જવાને સહી. આ માણસને સાથે લઈ; પ્રથમ જઈને આશીસ કરો, પછી એના ખોળામાં ધરો. તહારા ભ્રાત તણો એ પ્રાણ, નીશ્ચે માનજો સાચી વાણ; જીવ થકી કરજો જતન; જાણે પેટ તણો મુજ તન. જતન કરી એને રાખજો, એની આશા પુરી પાડજો: મુખ જણાની એવી કહી; વળી કાગળ કર આપ્યો લઈ. ફુલની પેરે જાળવજે તું, નહીં તો મારી નાખીશ હું; પ્રતીઉતર પાછો લાવજો, ચાર ઘડીમાં પાછા આવજો. વધતી વાર લાગશે આ ઠાર, મારી નાંખીશ આણી વાર: તે સેવકે નામ્યું શીસ, ઉઠયો તે વેળા તે દીશ. એક હાથપર બેસાડ્યા જાણ, બીજે કર ઢાંકી ની-

રવાણ; ગગન મારગે ચાલ્યા વહી, ચાર ઘડીમાં પોહોચ્યા સહી. અમોલા બેઠી હતી મુકામ, ઘણી શોભા છે તેણે ઠામ; દીઠા અનુંચર હરખી નાર, તેને જોઇને કરયો જુહાર. મુખ જુબાની સઘળી કહી, બોગા મધે મુક્યો લઇ; જોઈ મુખને હરખ્યાં મન. ધન ધનરે આજનો દન. જાણે પ્રગટ્યો દીન કર સુર. એવું તે માનવનું રૂપ, અમોલા બોલી તે હાર, માહારા ભાઇને કરજો પ્રણામ. તમે મોકલ્યો તે મહારો પ્રાણ નીશચે કરી ભાઇ તું મનમાં જાણ. અનુંચર તાંહાંથી પળ્યો, આવી પેલા રાક્ષસને મળ્યો; આવી હકીકત સરવે કહી, તે રાક્ષસ હરખ્યો તહી.

દુહા. અમોલાએ મન વિચારીયું, માનવ આવીયો મુજ પાસ; માહારા ભાઇએ મોકલ્યો, તેની કરવી બરદાશ. ૧ એ પુત્ર છે કોઈ રાજા તણો, આવી ચડ્યો છે ત્યાંય; એ બત્રીસ લક્ષણો સહી, શું કરવું હવે હાંય, પુત્રી માહારી. મોહોટી થઇ, જેનું મેમુદા નામ; તેની સાથે પરણાવું હમો, તો થાય માહારૂ કામ; એવું મન વીચારી કરી, બોલાવી મેમુદા નાર; તેડાવીને કહ્યું સહી, તુને પરણાવું ભરથાર; ત્યારે મેમુદાએ વાણી કહી, હું ખુશી થઇ અપાર; તમો એને ક્યાંથી લાવીયાં, સાચુ કહો આ હાર.

ચોપાઈ. શીકાર રમવા ગયતી બહાર, તાંહાંથી લાવી રાજકુમાર; અચરજ તેનો થઇને રહી, પછે તેણે વાણી કહી; માતાજી પરણાવો મુને, એતો સાચુ કહુછું તુને. માતાએ પરણાવી તે સાથ, પછે રાજા સાથે કીધી વાત; એકાંત જગા પોતાની સહી, તેમાં ભરથારને તેડી ગઇ; પછે કર જોડીને બોલી નાર, તમે વીગત વાત કહો ભરથાર; રાજકું-

વર પછે બોલ્યો તહી. મારી વીગત કહુછું આહીં; સમ દીધા માટે કહુછું એમો, પુછોછો તો સુણજો તમો. હું છું રાજા કેરો પુત્ર, બાળપણામાં મેહેલું ઘર સુત્ર; ગુલબંકાવલી જોવાનું મન, તે કારણ નિકાળ્યાં હું વન. પ્રથવી કેરો કહાડ્યો પાર, ફરતો ફરતો આવ્યો આ ઠાર; એક રાક્ષસ શું મિત્રાઈ થઇ, તેણે મોકલી દાખો આહીં; અબોલા હરખ્યા મન સાથ, તેણે મેહેલ આપ્યો સાર; તુંને પરણાવી આપી કરગરી. મુખ થકી વાણી ઓચરી; સુખ ભોગવે નર ને નાર, વઈભવ ભોગવો અપરમપાર; જાઉ ફુલ તો ભાગે ભુખ, ત્યાર પછી ભોગવવું સુખ. પરમેશ્વરે મેળવી જોડ, પણ નવ પોહોચ્યા મનના કોડ; બંકાવલી ફુલ જોવું એકવાર, તોતો સફળ મારો અવતાર; નહીતર હું રેહેવાનો નથી, સાચી વાત તો કહુછું કથી; એવાં તે નરનાં સુણી વચન, પ્રસન થયું વીનતાનું મન; એ વાતની ચિંતા નથી, ગુલબંકાવલી દેખાડીશ સરવથી; એ અબોલા માતા મુજ જાણ, તે કહાડેછે મુજ પર પ્રાણ; મારૂં વચન મીથ્યા નવ કરે, મર કહુંતો નાખે મરે, છીએ એકને જુજવી દેહ, માહારા ઉપર રાખેછે નેહ; બળતણો કાંઈ પારજ નથી, તેથી કામ થશે સરવથી. ભેદ પરપંચ કરશે તે ઠાર, માટે જઇએ ચાલો ભરથાર; એવાં વીનતાનાં સુણી વચન, રાજકુંવરે હરખ્યો મન; નરનારી આવ્યાં ત્યાંય, અબોલા ને લાગ્યાં પાય; દીઠાં નરનારીનાં મુખ, ઘણી રાક્ષણી પામી દુઃખ. ખોળામાં બેસાડી નરનાર, મુખ થકી બોલ્યા તે ઠાર; શુંછે નરનારીને દુઃખ, બંન્યોનાં ઉતરી ગયાં મુખ; ખાવા પીવાની કમતી નથી, કેમ દુઃખ ધરો સરવથી. એવાં વચન સુણી તે જાગ, કુંવરી લાગી માતાને પાય.

દોહરા. માતાજી સુણો મુજ વીનતી, માહારા સ્વામીને દુઃખ; નીસાસા નાંખે ઘણા, નથી ભોગવતા સુખ. ૧ ખાવું નહી પીવું નહી, હાશ વીનોદ કે વાત; સંસારનું સરવે તજી, ઝુરે દીવસને રાત. ૨ મહારે કાજ તમો લાવીયા, સ્વામી ચતુરસુજાણ; આશા નવ પહોંચી માહરી, કરમે કીધી હાણ. ૩ ઘણાં વીનતી મેં કરી, ત્યારે બોલ્યા વાણ; ગુલબકાવળી જોઉ નહી, તો જાશે માહારા પ્રાણ. ૪ અબોલાએ ચાંપ્યો રૂદે, હાથ ફેરવ્યો શીશ; ચિંતા તજરે દીકરા, કરીશ તુજને બક્ષીસ. ૫ બાગ દેખાડીશ એહનો, એમ બોલી તે સુખ: ચિંતા તજરે દીકરા, કરીસ તુજને સુખ. ૬ ત્યાં ફરતી ચોકી રાક્ષસની, ગગને પરી અતુલ્ય; આંખમાં ધુળ નાંખી સરવને, દેખાડીશ એનું ફુલ. ૭ સત્ય વચન છે માહરૂં, કરવું માહારે કામ; ફુલ દેખાડું નજરે કરી, તો અબોલા માહારૂં નામ. ૮

ચોપાઈ. એમ મનાવ્યું કહીને મન, નરનારીનું હરખ્યું વદન; ખાન પાન કરાવોની જઈ, તેડું ત્યારે આવજો અહી. ગયા મુકામે નરને નાર, અબોલાએ મન કરયો વિચાર; એ નર નારીને થાશે સુખ, દેખાડું ફુલતો જાએ દુઃખ. એમ વિચાર કરયો તે ઠાર, તેડ્યા રાક્ષસ એક હજાર; આવી કરીને નમાવ્યું શીશ, જે કહો તે કરીએ આ દીશ; અબોલા કહે કરો એક કામ, ઉંદરનાં રૂપ ધરો આ ઠામ; સળંગ મુકો આણે ઠાર, જાય ગુલબકાવલી મેહેલ મોઝાર; ચોકીવાળા કોઈ જાણે નહી, એ રીતે કામ કરવું સહી; તે રાક્ષસે વચન ચડાવ્યું શીશ, એમ કહી ચાલ્યા તે દીશ. ઉંદર કેરાં રૂપજ ધરયાં, સળંગ પાડવાને પરવરયા; રાક્ષસ વિદ્યા તેને

શી વાર, ક્ષણું માત્રમાં પાડ્યા પહાડ; તે વાડીમાં પાડ્યું દ્વાર, પાછા ફરી આવ્યા તે ઠાર; અબોલાને કર્યો જુહાર, સીધ કામ કર્યું તે વાર. એવાં વચન રાક્ષસનાં સુણી, ખુશાલી વાધી મનમાં ઘણી; જાઓ જંગલમાં ફરતા ફરો, ભક્ષ ભોજન મન ગમતાં કરો; એમ કહીને આપી રજાય, સહુ સહુના મુકામે જાય; પછે રાજકુંવર તેડાવ્યા જાણ, દુઃખ થકી તે બોલ્યા વાણ; ગુલબંકાવલી દેખાડું આજ, કરૂં તારા મનનાં કાજ; આ સળંગમાંથી જાઓ તહી, દુરથી જોઇને આવો અહી; કરશો લોભ તો થાશે ઘાત, નકી માનજો સાચી વાત; કદાપી કોઇની પડશે દ્રષ્ટ. તોતો ઘણું ભોગવશો કષ્ટ; મેં જીવ ગયે કર્યું છે કામ, ચેતાવું છું આણે ઠામ; એમ કહી તેડાવ્યા દાસ, તતક્ષણ આવી ઉભા પાસ. આ માણસને લઈ કરી, દેખાડો વાડી નજરે ભરી; સળંગમાંથી નવ કાહાડશો બાહાર, ઉભા રેહેજો જ્યાં ઘરનું દ્વાર; જો વાંકો થશે એનો વાળ, તોતો આણીશ તમારો કાળ; જતન કરી દેખાડો જઈ. પાછા તેડી લાવજો અહી; એમ કહી વળાવ્યો રાય, લઈ ચાલ્યા સળંગની માંય; જે ઠેકાણે પાડ્યું દ્વાર, ચાર ઘડીમાં આવ્યા તે ઠાર;

દોહરા.—દ્વારને મુજ આવી કરી, બોલ્યો અનુચળ વાત; ગુલબંકાવળીનો બાગજ સહી, જુઓની તમે ભ્રાત. ૧ ન્યાળીને જોયું તહી, જાણે ઉદેકર ઉદ્યોત; ઇંદ્રપુરી કોણ માત્ર, એવું દેખાય જાકમ ઝોત. ૨ રાક્ષસ સાથે બોલીઓ, જાવા દે મુજને બહાર; જોઉ ચરચા બહાર જઇ, પાછા આવીશું આ ઠાર, ૩ નહીતર ખાનું મુજને, નહીતર ખોઇશ પ્રાણ; જોયા વીના નવ રહું, સાચી માન મુખ વાણ. ૪

જેમ દીવકમાં પડે પતંગીઓ, તેમ પડવા માંડ્યું બહાર; રાક્ષસે ઝાલી કરી, લીધો સલંગમોત્તર. ૫ અરે મુરખ તું માનવી, એ શું કરે છે કામ; જીવ જશે એક પલકમાં, ખોઇશ માહારૂં નામ. ૬ જક્ષ કે વળી રાક્ષસી, કોઈ દેખશે તારી કાય; ભક્ષ કરી જશે તુને, તેનો શો ઉપાય. ૭ અમો બાએ મુજને સોપીઓ, હું શું કરૂ આ ઠાર; બુદ્ધી ભ્રષ્ટ તું કેમ થયો, મનમાં કરની વીચાર. ૮ એવાં વચન તેનાં સુણી, બોલ્યો તે મુખે વચન; નવ જવાદે મુજને, તો પાડીસ માહારૂં તન. ૯ જીભ ખેંચી કહાડીને મરૂં, કે મારીશ પેટ કટાર; જોયા વીના જવાનો નથી, માહારે મરવુ એકજ વાર. ૧૦ રાક્ષસે મન વીચારયું, આવી પડી મુજ શીસ; જે બાનસે તે ખરી, આપી રજા તે દીસ. ૧૧ તુજ કારણ મરશુ અમો, શું મુખ દેખાડીશું ત્યાંય; લખ્યો હશે તે થશે, જે મુજ કીસમત માંય. ૧૨

ચોપાઈ.—એમ કહી આપી રજાએ, પેઠો કુવર તે બાગની માંહે; જીવ ગમેથી જે નવ ડરે, મન ચીતવું તેનો કરે. સુગણ તણીકે પ્રથી તહીં, જરા રજને કચરો નહીં; પુષ્પ ઝાડનો અપરમપાર, કવી કહે સું કરૂં વીસતાર. દેવતાઈ ઝાડ દેવતાઇ ફુલ, શોભા ચીંતામણી સમતુલ્ય. ઘણાં લક્ષ તે શોભા માન, શરોવર સરખી શોભા જાણ. કોઇ રૂપા સરખા સહી, તેની શોભાનો પારજ નહીં; કોઇ વરૂક્ષે હીરા સરીખા ફુલ, ઘણું તેજ ઝગેકે અમુલ્ય. કોઇ ઝાડ ઉપર મોતીની ઝુલ, શોભા ચીંતામણી સમતુલ; કોઇ ઝાડ લીલમના સહી, તેના સામુનો જોવાય નહી. કોઇ ઝાડ જાણે હીરાની જોત, ફુળ જાણે ઉદેકાર ઉદ્યોત; કોઇ ઝાડ સોભે બહુ

સાર, ફણી જાણે રતન જળકાર. મેવા કેરા પારજ નથી, એ દેવતાને દુરલભ સરવથી; પુશ્પ સુઘડ તેનો નહી પાર; જોતો ચાલ્યો રાજકુમાર. જોતો જોતો ચાલ્યો જાય, આણંદ તેને અંગ ન માય; દીઠો દરવાજો તે ઠાર, સોનાના થંભ રૂપાનાં દ્વાર. રત્ન જડીત તણાંછે કામ, ઘણી શોભા દીઠી તે ઠામ; બારી ઉઘાડી દીઠી નહીં, તે મધ્યેથી ચાલ્યો વહી; કીધું પરમેશ્વરનું થશે, જોઉં આગળ બીજુ શું હશે; એમ વીચારી મુક્યો પાગ, વળી આગળ ચાલ્યો જોહલાગ. દીઠો ત્યાં એક સુંદર મેહેલ, તે આગળ સ્વર્ગપુરી શેલ; અમરાપુરી શીવપુરી કેરો ઠાઠ, વઇકુંઠપુરીથી સુંદર વાટ. દેવતાઈ કામ વીશ્વકરમાએ કીધ, ઘણી રચના વીધવીધ; જાણે કોટી ઉગ્યા ભાણ, એવો મહેલ શોભે નીરવાણ; ગુલબંકાવળી હોજમાં સાર, ફુવારા છુટે સેહેસતર ધાર. તેના પાસે સુંદર તળાવ, પાળ તેના રત્ન જડાવ; તે મધ્યે એક સુંદર ફુલ, શોભા ચીંતામણી સમતુલ; લાખ પાંખડી ખીલી રહી, તેની શોભાનાં પારજ નહી. ગુલબંકાવળી તેનું નામ, કુંવરે નીશ્ચય કીધો આમ; એ શીવાય બીજી નથી, સીધ કામ થયું સરવથી. વસ્ત્ર ઉતારેયાં તેની વાર, પડ્યો જળમાં ન લાગી વાર; તોડ્યું ફુલ તે જતન કરી, આવ્યો બાહાર તે જળમાં તરી ; વસ્ત્ર પોતે પરીધાનંજ કીધ, પુષ્પ કેડમાં બાંધી લીધ; પછી તે મનમાં કરયો વીચાર. હવે મેહેલ જોવું તે ઠાર; એવું પોતે વીચારયું મન, કામ મહારૂ થયું તે ધન; માહારા પીતા તે દેખતા થશે, ચડ્યું કલંક તે ઉતરી જશે. પ્રભુ રાખ્યા તે મારો ધરમ, મન થયું મહારૂ પ્રસન; ધન રાક્ષસ ધન અબોલા નાર, માહારૂ કાજ ઉતારયું પાર.

દુહા.—જોઊ રચના સઊ મેહેલની, એમ વિચારયું મન; નીરખે થઈને પરવરયો, ત્યાંથી તે ભાવન. ૨ ચાલ્યો મેહેલમાં ચતુર નર, મહા શોભા અપરમપાર દેવ કામ ઝળકી રહ્યા, તેનો કહું વીસ્તાર ૨ બારણાં બાર સાખને બારીઓ, જારી અટારી માળ; સોવરણ સ્થંભ ઝળકી રહ્યા. ચીત્ર વીચીત્ર વીશાળ. ૩ કામછે આરસ પાણનું, જાણે જલહલ જોત; દીવસ રાત જણાય નહીં. ઉદેકાર ઉદ્યોત. ૪ કવી કહે શું વરણવું, મેહેલ સુંદર તે ઠાર; તરણ લોકમાં શોભા નથી, કેટલો કરૂ વીસતાર. ૫ પુરવ જનમ સાંચે કરી, રાજકુંવર તાંહાં જાય; લખીત વાત મટે નહીં, ભાગ્યે લખ્યું તે થાય; ૬ જોતો જોતો સઘળે ફરે, નથી ડરતો મન માંય; જુવેછે રચના અતી ઘણી, નીરખે છે રાજન. ૭ પશુ પંખી કે માનવી, નથી નરને નાર; હાવી રચના કોને કરી, એમ કરે વીચાર; એમ વીચારી તે ચાલીઓ, ચડયો સાતમે માળ; રચના છે અતી ઘણી, તરેહ તરેહના ખ્યાલ; પુસ્પ નાહાના પ્રકારના, સુગંધનો નહી પાર; હીંડોળો હીરે જડયો, ત્યાં સુતી એક નાર. ૧૦ જાણે શસી જળકી રહ્યો, રંભા કુળ અવતાર; જાણે ચમકે વીજળી, આવ્યો માસ અસાડ. ૧૧ તેજ ઘણું તે નારનું, વાગ્યું મોહનું બાણ; આંખે તમર આવીયા, જોતાં નીરખ્યો ભાણ. ૧૨ મુરછા ખાઈ અવની પડ્યો, જાણે સુતો સેજ; વીનતા કાંઈ નથી જાણતી, ભર નીંદ્રામાં હેજ. ૧૩

ચોપાઈ. હીંમ્મત રાખી ઉભો સહી, વીનતાની શોભા શી તહીં; છુટી વેણ કુચપર લપટાય, જાણે મણીધરની સોભાય. પરવાળી જોઈ થયો મન ભંગ, તેથી અદકો અ-

ધરનો રંગ; ઝાંખી પડે તારા જોત, તેથી દંત ઝળકે ઉદ્યોત. ભ્રમ્મણી ભ્રકુટી ભાળ, મુખ કમળથી શોભા વીશાળ; કુચ સ્થળની ઉપમા ઘણી, જાણે શોભા નારંગી તણી. કદળી લજ્યા પામીને રહી, તેથી જંગા નાજુક છે સહી; ગુલાબ જોઇ લાગ્યો ડાઘ, તેથી પગની પાની લાલ. આભુશણ તણો નહી પાર, જોતાં ત્રપ્ત થયો રાજકુમાર. નખ શીખથી નરખી તે નાર, નીસાસા મુકયા તેણીવાર; કયાંથી પોંચે મનના કોડ, ત્રેણ લોકમાં નહી વીનતાની જોડ; કયાંથી ભાગ્ય મારૂં ફળે, એવી નાર કેમ મુજને મળે. કદાચને જાગી ઉઠશે, કરે ક્રોધતો જીવજ જશે; હું આવ્યો તે શું જાણશે નાર, માટે નીશાની મુકુ આ ઠાર. એમ વિચારી ગયો તેણી ભણી, વીંટી કાહાડી સ્ત્રી તણી; પોતા કેરી ઘાલી દેઇ, તેની શોભા નવ જાએ કહી. છબી તેમાં પોતાની સાર, જેવું રૂપ તેવો આકાર; વીંટી તેમાં પોતાનું રૂપ, અદલા બદલા કરી ચાલ્યો ભુપ. પછી તજી ચાલ્યો તે ઠામ, આવ્યો જાંહાં ગઢ મુકામ; રાક્ષસે મનમાં કરચો વીચાર, કેમ લાગી આવડીવાર. એટલે આવ્યો રાજકુમાર, રાક્ષસ હરખ્યો તેને ઠાર; દીઠો માનવી હરખ્યું મન. ઉંચકીને ચાલ્યો તે વન; અમોલા આગળ મુકયો જઇ. ઘણી ખુશાલી મનમાં થઈ. હસી મુખે બોલી વાણ, સુણો માનવી ચતુરસુજાણ; ગુલબંકાવળીનો જોયો બાગ, એવાં વચન બોલી તે જાગ, માતાજી તમારી કીરપા સાથ, આશા પુરી પડી મુજ માત; હરખ્યું અમોલા કેરૂ મન, તેડાવ્યા રાક્ષસ તેણે દન. જાઓ સબંગપુરો આ ઠામ, નહીતર જાશે આપણું નામ; બરાબર ભોમીને કરો, પછે સુખે ફરતા ફરો, રાક્ષસ વિદ્યા તેને શી વાર, પ્રથ્વીમાં પ્રથ્વી મેળવી તે વાર;

કરી મોજ તમો નરને નારે, વઇભવ ભોગવો અપરમપાર;
પછી તે સ્ત્રીને આવ્યું સુખ, ગયું તે વીનતાનું દુખ.

દુહા.—મનના મનોરથ પુરા થયા, ખુશાલી વાધી અપાર; પછે નરને સુખે મળ્યાં, કીધો વાત વિચાર. ૧ ઘણી સુઘડ તે સુંદરી, રૂપે રતી સરીખી કાય; તેની શોભા ચોગણી, રૂપે સુંદર રાય. ૨ જુગતે જોડુ નર નારનું, કરે વીનોદને રંગ; વઇભવ ભોગવે ઇંદ્રના, આણંદ બેઉને અંગ. ૩ પ્રાતઃકાળે ઉઠી કરી, જાય અબોલા પાસ; દેખીને રીઝે ઘણું, પામે મન હુલાસ. ૪ ખોળામાં બેસાડે લઈ, ડાબા જમણી નર નાર; જોઇ મુખ નરનારનું, હરખે અપરમપાર. ૫ જે જોઇએ તે હાજર કરે, કસી વાતે નહી દુખ; ખાય પીએ રંગે રમે, સદા ખુશાલી મુખ. ૬ એક સમે તે બોલીયો, વીનતા પ્રતે વચન; માત પીતાને મળીએ જઇ, જો માને તાહારૂ મન. ૭ તારા સજનને હું મળ્યો, તું પણ મળે પરીવાર; રાજપાટ જઇને કીજીએ, ત્યારે સફળ થાય અવતાર. ૮ રાજપાટ ભોગવ્યા તણી, ઇચ્છાછે મન માંય; વીજોગ ટળે વહાલા તણો, એમ મુખથી બોલ્યા રાય. ૯ મુવે છુટવાના નથી, કરમે કીધી હાણ; મનના મનોરથ ક્યાં પોચશે, કાળા ગરહની ખાણ. ૧૦ એવાં વચન શ્રવણે સુણી, પ્રેમુદા બોલી વચન; ચીંતા મનની પરહરો, શીદ ધરો દુખ મન. ૧૧ ખુશી થયો તે રાજવી, કીધો ભોગ વીલાશ; રેજની વીતી રંગમાં, થયો તે પ્રાતુશ કાળ.૧૨ અસનાંન દાંન ભોજન કરી, સજ્યા સોળ સણગાર; નરનારી બેઉ આવીયાં, અબોલા બેઠી તે ઠાર.

ચોપાઈ.—દીઠી નરનારીની દેહ, અબોલાને લાગ્યો નેહ ખોળામાં બેસાડી જોડ, દીઠુ મુખને પામી કોડ. ઘણી કાંન્તી છે રૂપ વિશાળ, આવ્યું રાક્ષણીને વહાલ; દીપ વસ્ત્ર સણ-

ગાર સોળ, ચંદ્ર વદની મુખ રાતાં તંબોળ. જાણે ઇંદ્રાણીનાં રૂપ, ગગનથી અવતરીયો ભુપ; તેવી શોભા નરના થઈ, ત્યણી રાક્ષણી મનમાં મોહી. માગો માગો નરને નાર, જે માગો તે આપુ આ હાર; વચન તમારૂં મીથ્યા ના કરૂં, જે માગો તે હાજર ધરૂં. ચંદ્ર સુરજને માગો તમો, તો તો આણી આપુ અમો; ઘણું મને આવ્યું છે વહાલ, માગો તે આપુ તત્કાળ તે વારે મેમુદા બોલી વચન, હસી કરીને તે દન; માના માગતાં આવ્યાં નરનાર, વચન આપોતો માગુ આહાર. સત્ય વચન આપો કર ધરી, જે માગોતે આપું દીકરી, રખે શરમાતાં નરને નાર, ઇચ્છા હોય તે માગો આહાર; એવાં વચન અબોલાનાં સુણી, મેમુદાએ વાણી ભણી; અમો નરનારી કેરી જોડ, માત પીતા મળવાનો કોડ. કુટુંબ પરીવારનાં જોઈએ મુખ, તો તો થાય માતાજી સુખ. મુજ સ્વામી ઝુરે રાતને દન, માત પીતા મળવાનું મન. માટે રજા જો આપો માય, તો તો કુટુંબ મેળાવો થાય; એવાં વચન બોલી તે સાથ, ત્યારે અબોલાએ શીર મેલ્યો હાથ. મુજને વચને બાંધી કરી, એ શું વાણી મુખે ઓચરી; કેમ વાળીશ માહારૂ મન, કેઇ પેરે જશે માહારા દન. તારો વાંક નથી લગાર, તારા સ્વામીએ શીખવ્યું આ હાર; મેંતો એને સુપી તુંને, એણે દગો દીધો મુને. વચન મહારૂં મીથ્યા ન કરૂ, તારે વીજોગે નીચ્ચે મરૂ; એમ કહી રાક્ષણી રહી, ત્યારે કન્યા બોલી તહીં. માતાજી હુંતો તારી બાળ, બાળપણાથી રાખોછો વહાલ વસ્ત્ર આભુસણ ને પાંન, સોળ વરસની કીધી નીધાન. સુદર સ્વામી પરણાવ્યો મુને, સઘળો ઓરીઓ વીત્યો તુને હવે સફળ જનમારો થાય, જો વસ્તીમાં જઈએ માય.

દુહા. એવાં વચન કુંવરીનાં સુણી, હરખી અબોલા મન;

જાઓ નરનેનારી તમો, મળો કુટુંબ સાજન. ૧ વસ્ત્ર આ-
ભુષણ આપીયા, શણગાર આપ્યા બહુ ત્યાંહ; જુએ મુખ
નરનારનું, રાક્ષણી રીઝી મન માંહ. ૨ એકેકો વાળ
પછી આપીયો, પોતાના શરીરનો જેહ; કદાપી દુખ તમે પા-
મશો, હું જાણીશ માહારી દેહ. ૩ અગ્ની ઉપર તમો બા-
ળજો, કદી પડે કાંઇ દુખ; તે વેળા જાણ મુજને થશે, અમો
આવીને કરીશુ સુખ. ૪ હઠાર હજાર રાક્ષસ લઇ, આવી
પોહોંચીશ હું ત્યાંય; તારા દુશ્મનનો પરાજય કરીશ, નીશ્ચે જા-
ણો મનમાંય. ૬ એમ કહી વળી તેડીયા, બે જક્ષ તેણી વાર;
આવીને ઉભા રહ્યા, કરચા દંડ જુહાર. આ નર નારીને લે-
ઇ કરી, ઉડો ગગન મોઝાર; એ કહે ત્યાં મુકો જઈ, પાછા
આવજો આ ઠાર. ૮ કદાપી એ દુખ પામશે, વાંકો થાશે
વાળ; તો તો મારી નાંખીશું, આણીશ બેઉનો કાળ. ૯ પત્ર
લખાવી લાવજો, એમના હાથનો અહીં; એમ કહીને વી-
દાય કરચા, રાક્ષસને સઉ તહીં. ૧૦ રાક્ષસ વાટે વીનવે,ભા-
ઇ કીયું તમારૂ ગામ; ત્યાં જઇ ઉતારીએ, એમ બોલ્યા કરી
પ્રણામ. ૧૧ રાજકુંવર ત્યારે બોલીઓ, ફરદ શેહેર મોજાર;
ત્યાં જઈ મુકો મને, તો પહોંચે મનની આશ. ૧૨ ચાર ઘ-
ડીમાં મુકીશું, એમ કહીને ઉડી જાય; આવી પાહોચ્યા પલ-
કમાં, જ્યાં લાખીને ત્યાંય. ૧૩ તે શેહેર સમીપે જઈ રહ્યા.
દીઠા મેહેલ અવાશ; કાયો મેહેલ છે તમ તણો, ઓળખો
આણી ઉલાસ. ૧૪ નવ ટુંકા મેહેલ છે લાખી તણા, ઓ-
ળખ્યા તેણે ઠામ; રાજકુંવરે દેખાડીયાં, ઉતરચા તરત તે
ઠામ. ૧૫ નર નારીને મુકીયાં, મેલીયાં મેહેલની માંહ; રાક્ષસ
બેઠા બારણે, નવ ઓળખે તેને ત્યાંય. ૧૬

ચોપાઈ.—બેઉ ગયા મેહેલની માંય, લાખી ગુણકા બેઠી

ત્યાંય; દીઠું રાજકુવરનું મુખ, ગયું દોહલું તેહનું દુઃખ. જાણે અંધ પામ્યો લોચન, તેવી ખુશાલી વાધી મન; દંડવરત કરી નામ્યું શીશ, સફળ જન્મ થયો આ દીસ. મોતીની થાળે વધાવી કરી, ઓવારણાં લીધાં સુંદરી; પછે સજ્યા સોળે શણગાર, આવીને પાસે બેઠી નાર. વીગત વાત પુછી તે ઠાર, સંક્ષેપે કહ્યા વીરતાર; લાવ્યો પુષ્પ આ લો નાર, એ પણ છે રાજાની કુમાર. લાખી તેવારે રાજી મન, રાજકન્યા શું બોલી વચન; આપણ બંન્યો સહીયર થયાં, દુઃખ દોહલાં સઘળાં ગયાં. ખાશુ પીશુ ને રેહેશું પાસ, પ્રભુએ પુરી મનની આશ; મળી બેઠી રહી બેઉ પાસ, રાજકુંવર ગયો જ્યાં દાસ. કાગળ લખીને આપ્યો તહીં, દેશ હમારે પોતા સહી; કશી વાતે દુઃખ પામ્યા નથી, એમ લખી આપ્યું સરવથી. માગી શીખને નીકળ્યા સહી, અબોલાને જઈ માળ્યા તહીં; મુખ જુબાની સઘળી કહી, કાગળ કરમાં આપ્યો લઈ; એ વાત તો અહીથી રહી, રાજકુંવર શું કરેછે તહી. હાશ વીનોદને કરે વીલાસ, ડાબા જમણી બંન્યો પાસ; સાત દીવસ રહી તે ઠાર, લાખીશું બોલ્યા તે વાર. સીરકસ્તાન જાશું સરવથી, અહિયાં રહ્યાની કાંઈ શોભા નથી; મુજ પીતાનું કરવું કામ, દૃએ આંખેતો થાયે મુજ નામ. માટે તઈયારી કરવી સહી, પાણી પીવાને રેહેવું નહીં; લાખીએ વચન ચડાવ્યું શીશ, ઉઠી તે વેગા તે દીશ; માલ ખજાનો ધન ભંડાર, ચડાવ્યું સરવે વાહાણ મોઝાર. સીરકસ્તાન જાવા તઈયાર, સામાન સરવે કાહાડ્યો બાહાર; રાજકુંવરી બેઉએ સાર, વાહાણમાં બેશી જાઓ તે ઠાર; હું પગ વાટે આવીશ તહીં, એવી વાણી વીનતાને કહી; એવી વાત કરે તે દીશ, દરવાને જઇને નામ્યું શીશ; કેદી લાચાર રાજાના બાળ, તે કેહેછે હ-

મારા શા હાલ; જે ફરમાવો તે કીજીએ, જીવતદાન અમને દીજીએ; એવી વાણી લાખીએ સુણી, મુખ થકી તેણે વાણી ભણી; સમાચાર રાજાને કહુ, ત્યાર પછી તેમને જાવા દઉ.

દુહા.—એવાં વચન લાખીનાં સુણી, ગઇ રાજાની પાસ; કર જોડી કરી વીનતી, કરી વાણી પ્રકાસ. ૧ ભાઇ તમારા છે કેદમાં, તેને કહાડોની બાહારે; તમને જેમ મનમાં ગમે, તેમ કરો આ ઠારે. ૨ એવાં વચન વીનતાનાં સુણી, તેડ્યા સભાની માંહ; ચાર જણા આવી કરી, કરજોડીને ઉભા તાંહ. ૩ પુન્ય તણા પ્રતાપથી, ભાઇ તમે જીત્યા જાણ; પર ઉપકાર તમો કરો, ઉગારો હમારા પ્રાણ. ૪ તમ વીના મુકાવનાર કો નથી, નવ ટળે હમારૂ દુખ; એમ કહીને ટળવળ્યા, કરોની હમને સુખ. ૫ તમો લાખીને જીત્યા, માટે કરો પરમારથ કામ; કાળા ગ્રહથી છોડાવીએ, રાખી હમારી મામ, ૬ કર જોડીને કરગરે, આ બંધીથી મુકાવો ભરાત; ગુણ તારા ભુલુ નહી, લઇએ લાખેણી વાટ, ૭ એમ કહીને રૂદન કરે, ત્યારે દયા આવી મન; મન થકી ત્યારે બોલીયા, હશી કરી રાજન. ૮ તમેતો ચારે હારીયા, ગુલામ થયા આ ઠામ; હવે કઇપેરે છુટશો, કેમ પોચે મનની હામ. ૯ નામ ગુલામતો નહી ટળે, લોની કપાળે છાપ; પગમાં નીસાની લોહા તણી, તો મુકુ જીવતાં આપ. ૧૦ ત્યારે ચારે જણા કરે વીનતી, અમો રાજાના છઇએ તન. કુળને ખાપણ લાગ્યા ઘણી, આપ વીચારોની મંન. ૧૧ ત્યારે રાજા બોલીયો, લો જંગા ઉપર ડહામ; તે વાત કોઇ નવ જાણશે, મુકી દેઉં આ ઠામ. ૧૨ નીશાની કીધા વના, કોઇ નવ મુકે ગુલામ; કબુલ કરો મુજ વાતને, તો મુકી દેઉ આ ઠામ. ૧૩ ત્યારે ચારે જણે વીચારીયું, કો

ઈ નવ જાણે પેર; ગુલામ ડાહ્ય દેવડાવીએ, જાઈએ આપણે ઘેર. ૧૫ એમ વીચારી મન લીધે, કબુલ વાત તે કીધ; મોહોર એક કીધી સહી, કોરી લખ લખ્યો તે શીઘ. ૨૫ જંગા ઉપર મારીયો, ઓશ પાડી બહુ તંહી; પછે આસના વાસના કરી, તેને રજા આપી તે સહી. ૧૬

ચોપાઇ—તીયાર પછે આપી રજાય, ખુશી થાયછે મનની માંહ; ભાઇ જાણી આપીયો સણગાર, દીધાં આભુશણ વસ્ત્ર અપાર. લાખ લાખ રૂપઇયા આપ્યા સહી, વીદાય કરયા ચારેને તહીં, વીનતા માન વળાવ્યો જાણ, સી રકસતાન ભણી નીરવાણ, પોતે જોગીનું લીધુ રૂપ, પુસ્પ લઈને ચાલ્યા ભુપ; ચારે જણા તે પાછે જાય, તેની ચરે ચા જોતો ત્યાંય; લાખ લાખ રૂપઇયા સહુ પાસે રોક, સમીયા તેના મનના સોક; એકેકસો રાખ્યા સ્વાર, સજ થયા તે રાજકુમાર. તેની પછવાડે ફકીરજ પળે, તેની વાત કોઈ નવ કળે; મુકામે બેઠા પાણી પાસ, કરે વાત આણી હુલાસ; ફકીર ત્યાં આવીયો સહી, ચારે કરી સલામજ તહીં; આવો બેસો તમો આ ઠામ, કયાંથી આવ્યા કીયે જાશો મુકામ; સાચી વાત અમને કહો, ફકીર બોલ્યો તે લહો. ર હેવું અમારે વન મોઝાર; રજની રાત રેહેશું આ ઠાર; કંદ મુળનો હારજ થાય, જાશું જંગલ વાંહાંણાં માંય. તમો કયાં થી આવ્યાતે કયાંજશો; કોણજાતને કયાં તમે વશો; રાજવંશીના સરખી કાય, શું ધારી નીકળ્યા મનમાંય. ચાર જણ વીચારેજ કરે, ફકીર પ્રમાણે વાણી ઓચરે; પોતાની હકીકતની કહી વાત, ફકીર સમજ્યો મન સંગાથ. મળ્યા વનમાં ચારે સહી. ફકીર પ્રતે વાણી કહી; અમને તે ફુલ મળ્યું નહીં, પાછા ફરી ઘેર જાશું વહી.

દોહરા.—જુઠી વાત કરો તમો, જુઠો કરો હંકાર; આપ વખાણ જે નર કરે, તે મુરખનો સરદાર. મુલક મુલક ફરયા તમો, તમ વીના ચતુર નવ કોય; તે સાચું જો જાણીએ, તો ફુલ દેખાડો સોય. ૨ લબાડ વાત બોલો તમો, વળી મનમાં ધરો હંકાર, એ બોલવું તે મુરખનું, ચતુર કરો વીચાર. ૩ બકાવળીનું પુસ્પ મુજકને, કેમ આવે તમ હાથ; એમ કહીને દેખાડીયું, અચરેત પામ્યું સઉ સાથ. ૪ એમ કહીને કહાડીહું, જુવેછે સઘળા લોક; એ સાચુ કેમ માનીએ, સાચુ જુઠું ફોક. ૫ એમ કહીને તેડીયો, એક અંધ જતો તો વાટ; આ નરને કરો દેખતો, તો સાચી માનીએ વાત. ૬ નહીતર તમો ધુતારા સહી, જુઠા કેરી જાત; થાય અંધ જો દેખતો, નીસ્ચે સાચી વાત. ૭ આંખડી માંહે અંજન કરેયું, પાંખડી પુસ્પની એક; કાટી પડળ ઉડી ગયું, ને રહયો તેનો ટેક. ૮ ઘણા વરસની ખોડ હતી, તે સારા થયાં લોચન; ફકીરને ચરણે નમો, હરખ ધરીને મંન. ૯ જીવતદાન જાણે આપીયું, ને ટાળી હમારી ખોડ; એમ કહીને કરી વીનતી, નમેછે બેઉ કરજોડ, ૧૦ અચરત પામ્યા ચારે જણા, નીસ્ચે એતો વાત; મારી કરીને લીજીએ, અથવા કરીએ ઘાત. ૧૧ એમ કહીને ઉઠોયા, ગ્રહી નગન તળવારે; એ ફુલ અમને દીજીએ, નહીતર મારૂં આ ઠારે. ૧૨

ચોપાઇ.—એમ કહીને ઉઠયા જોધ, અંતઃકરણમાં આણી ક્રોધ; ખુસી થઇને અમને આળ, નહીતર આવ્યો તારો કાળ, આપો તો જાવા દેઇશું, નહીતર મારીને લેઇશું; ત્યારે પસ્તાયો પોતે તે દીશ, વગર સમજ્યું કરેયું એ ઇશ. બધી ચતુરાઈ મહારી ગઈ. મેંતો ફુલ દેખાડ્યું બઈ; માટે લખી વાત મટવાની નથી, હજુ દુઃખ કેટલું સરે ત્યાંથી. મુજ

પીતા કેરૂતો દુખજશે. દેખાશે આંખે ને સુખીયો થશે; પાછો પ્રભુએ દુખમાં નાંખીઓ, જસ મહીમા તેને વાધીયો. અંતે ધરમ તરવાનો સહી, ન આપુતો મારે અહી; એમ વીચારયું મનમોજાર, આપ્યું ફુલ નવલાગી વાર. શા સારૂ મારોછો તમો, લ્યોનો ફુલ આપુછુ અમો; ગુલબંકાવળી તણોછે બાગ, લાવ્યો ફુલછે તેની જાગ. તમારે મન અમુલખ સરવથો, અમારે મન કોડીનું નથી; એમ કહીને આપું હાથ, ચાર જણા હરખ્યા મન સાથ. મુકી ફકીરને ત્યાંથી વળ્યા, પોતાને દેશ સમીપે પળ્યા; કુચ મુકામે ચાલ્યા જાય. આવ્યા સીરકસ્થાનને માંય. નગર મધ્યે વધામણી ગઈ, કુંવર રાયના આવ્યા સહી; ઓસીંગણ પોતાને થઈ, જલદ રાજા હરખ્યો તહી. ઉઠયો તે વેળા તે દંન, પુત્રનું મુખ જોવા થયો પ્રસન; જે વેળા જોઇશું પુત્રનું મુખ, તે વેળા ટળે મારૂં દુખ; એમ વીચારી મનમોજાર, અસ્વારી કીધી તઇયાર; ગાંમને બહાર જઇ સભા કરી, અરાઢે વરણ આવીને અડી. અમુલખ વસ્તુ લાવીયા, તે જોવાને સહુ આવીયા; ઘણી ખુશાલી અપરંપાર, ચાર કુંવર આવ્યા તે ઠાર. ડંડવત કરી લાગ્યા પાય, રાજાયે ચાંપ્યો રૂદીયા માંય; પુછે હકીગત રાજા તહી, સંક્ષેપે વીસ્તારી કહી. માહા દુખથી આવ્યાછીએ અમો, શું વીસ્તારી કહીએ તમો; એમ કહી મુક્યુ તે ઘડી, સઉને વાત તો અચરત અડી; વખાણ કરે સહુ તે વાર; ધન ધન તમારો અવતાર; તમવીના કોણ કરે કામ, બત્રીસ લક્ષણા તમારૂં નામ. ત્યારે ચારે કુંવર બોલ્યા તહી, અમો ગયા તો લાવ્યા સહી; બીજો કોઈ લેવાને જાત, તો નીશ્ચે પામત ઉતપાત.

દુહા.—એમ વખાણ સહુનાં સુણી, ને ચારે હરખ્યાં

મન; તે ફુલમાંથી કાહાડી પાંખડી, મેહેલી તેણે દન. ૧ અંજન કીધુ આંખમાં, પોતાના પીતાય; નેત્ર પડદો ફાટી ગયો, થયો દેખતો રાય. ૨ અંધ તે લોચન પામીઓ, તેથી બીજુ શું સુખ; દાન પુન્ય કીધાં ઘણાં, ભીક્ષુકની ભાગી ભુખ. ૩ કચન મેહ વરસાવતો, પાછો વળ્યો પુર માંય; ચારે પુત્ર મુખ આગળે, શોભા કહી નવ જાય. ૪ કોઈ વધાવે મોતીડે, કોઈ પુશ્પેરે વિશાળ; ઘેર ઘેરથી લે વારણાં, નાના મોટી નર નાર. ૫ છત્રીસ વાજાં વાજી રહ્યાં, બોલે બંદીજન ભાટ; જાચક જસ બોલે ઘણા, નહી કોઈને ઉચાટ. ૬ વાજતાં ગાજતાં આવીયા, પોતા તણે મુકામ; ખુશાલી વાધી સરવને, મુખથી બોલ્યા તે ઠામ; ૭ ફરી લોચન મુજને આપીયાં, પરમેશ્વરે બીજીવાર; તે પ્રતાપ માહારા પુત્રનો, સફળ કરયો અવતાર. ૮ નેત્ર સમાન બીજુ નથી, ઘણી ખુશી મુજ મન; હવે ખાઓ પીઓ ખુશી કરો, નગર મધે સહુ જન ૯ એક વરસ લગી રહી, કોઈ નવ કરે વણજ વેપાર, ખાનપાનને રંગરાગ, કરે સહુ નરને નાર. ૧૦ ધન ભંડાર ભરાવીયા, ગરીબ લોકને ઘેર; આઠે પોહોરને સાઠ ઘડી, મોજ કરે બહુ પેર. ૧૧ ખુશાલી વાધી ઘર ઘરે, વાજે ઢોલ મરદંગ; ખાય પીએને મોજો કરે, આણંદ સહુને અંગ. ૧૨ તાજલમુખ પાછો દુખી થયો, તે રહયો વન મોજાર; હવે ગુલબંકાવળી જાગી ઉઠી, હું તેનો કહુ વીસ્તાર. ૧૩

ચોપાઈ. એ વાતતો અહીથી રહી, બંકાવલીની શી ગત થઈ; તે પેહેરી વસ્ત્ર નીકળી બાહાર, આવી હોજ ભરયો તે ઠાર. મુખ પખાળ્યું હેતજ કરી, વેણુ છુટી છે સુંદરી; નજરે પોતાની હાથ ઉપર ગઈ, વીંટી પોતાની કરમાં નહી;

મુદ્રીકા કોઈ નરેની સહી, અચરત વીનતા મનમાં થઈ; આતે કારણ શું કીરતાર, કોણ પુરૂષ આવ્યો આ ઠાર; એટલી ચોકી વીંટાવી કરી, કો નર આવ્યો હીમ્મત ધરી; એમ વિચાર કરે મનમાંય, ગઈ નજર તે તળાવકે ત્યાંય; તેમાં જુએતો ફુલજ નહી, ચારે દીસાએ જુવે તહી; અચરજ સરખું થયું આ ઠામ, કોણે કર્યું તસ્કરનું કામ. તે નરે પીધું અમરતનું પાન, નીર નાખ્યો ગયો તે ઠામ; દેવ દાનવથી નવ અવાય, ઘણી વીમાશણ મનમાં થાય. ધન ધન તેની માતાની કુખ, તે નર જોઈ ગયો મુજ મુખ; નગ્ન જોઈ તેણે મારી કાય, મેં નીસ્ચે કરયું છે આંય. પુરૂપ પેમલા તેણે સંગ લીધ, ગયો કામ પોતાનું કરી સીધ; નખથી તે માથે નીહાળી ગયો, હવે શો ઉમેદ તે નરને રહ્યો. નીદ્રાવશમાં મેં જાણ્યું નહી, ગયો વીંટી બદલી તહી; અધર નીહાળી ગયો મુખ, વળી જોઈ હશે મુજ કુખ. કુચ ઉપર મુકયો હશે હાથ, નીહાળી હશે માહારી જાત; વરત ભંગ કુંવારીનું કરયું, હવે બીજો ચીતે કેમ ધરૂં. માટે તે નર સાથે વરૂં, નહી મળેતો નીસ્ચે મરૂં; તે નર મુજ પ્રાણજીવન આપ, અવર પુરૂપ ભાઈને બાપ. માનવની બુદ્ધી આ ઠાર, તે વીના બીજો કોણ આવનાર; એમ વિચાર્યું પોતે મન, એક સહસ્ત્ર પરી તેડી તે દન. સરવે આવીને ઉભી જાણ, ત્યારે ક્રોધ કરીને બોલી વાણ; તને શું ચાકરી મારી કરી ફુલ અહીંથી કોઈ ગયો હરી. તે નરને લાવોની નાર, નહીતર મારી નાખીસ આ ઠાર. અરાઢ હજાર રાક્ષસ અધીપતી, તે સાથે બોલી વીનતી; તમે શું રક્ષા કરી આ ઠામ, ખોઈ નાખ્યું મુજ પીતાનું નામ; બાગનું ફુલ લેઈ ગયો સહી, પીતાને જવાપ શું દેશો તહી; માટે શોધી કાહડો ૮૮ ઊ. લઈ જ-

નારાના જોઉ હવાલ. એક સહસ્ત્ર પરીશું બોલી વાણ, શો-ધી લાવો નહીતો ખોશો પ્રાણ; એ રીતે ચમકાવ્યા સહુ, સ-હુને રીશ ચઢી છે બહુ.

દુહા. રાક્ષસ સઘળા કોપીયા, કોણે કર્યું એ કામ; અપ કીરતી થઈ જગતમાં, બોળ્યું બાપનું નામ. ૧ ખોળ કરાવી અતી ઘણી, મોકલ્યા રાક્ષસ દસ વીસ; પકડી લાવે ચોરને, તેનું છેદાએ શીશ. ૨ હજાર રાક્ષસ દોડીઆ, કોઈ ગંગાને પટની જાણ; પહાડ પરવત જંગલ સહી, શોધી વળ્યા નિર-વાણ. ૩ ઘણા મુલક શોધી વળ્યા, પણ નવ લાગી વાર; નીરાશ થઈ સહુ આવીયા, દેખીતા વીકરાળ. ૪ નામ ની-શાન જાણ્યું નહી, તે કેમ આવે હાથ; નીરાશ થઈ બેઠા સહી, રાક્ષસ કેરી સાથ. ૫ ઠામ ઠેકાણું તેનું મળે, તો શોધી કાહાડીએ ગામ; મારી મોહોમાં લાવીએ, પાછું ફુલ આ ઠામ. ૬ એમ કહીને કળકળ્યા, કોણ પુરૂષ એ સોય; સહુનું મુખ ઉડી ગયું, કારણ ન કળે કોય. ૭ સહસ્ત્ર પરી શોધી વળી, જોયા મુલક અપાર; થાકીને આવી સઉ, બંકાવલી જે ઠાર. ૮ કરજોડી કરી વીનતી, જોયા પાહાડને વન; વસ્તી જોઈ બીજી ઘણી, શું કહું મુખે વચન. ૯ ગુલબંકાવલીએ વિચાર્યું, મારે કરવું એ કામ; ભેદ પરપંચ કર્યા વિના, કેમ ચોહોચે એ હામ. ૧૦

ચોપાઈ.—માનવ લોક જોઉ સરવથી; તેની બુધીનો પારજ નથી; માટે જોઉ ત્યાંના લોક, કદાપી સમશે મનના શોક. એવું મન વિચારી કરી, ઉડી સમુદર પરવરી; ઉતર દીસાનો જોયો દેશ, બદલી કરી પોતાનો વેશ. જોતી જોતી તે પછે ગઇ, તોએ ભાળ તો લાધી નહી; અનેક વેશ પોતાના કરી, નગરી બાધી જોતી ફરી. પશ્ચીમ દેશ નીહાળે સરવ, નીરાશ

થઈ મુકયો મન ગરવ; તીયાં થકો નવ જડી ભાળ, પછી દક્ષીણ ઊતરી તતકાળ. અનેક રૂપ કર્યાં પ્રકાશ. જોયા દેશ આણી ઊલાસ; બાગબગીચા મહેલ અવાસ, કોઇ સ્થાનક નવ પોતી આશ. વાયુ રૂપ તેને શી વાર, લીધો દક્ષણ દેશનો પાર; નીરાશ થઇ ત્યાંથી પરવરી, પુર્વ ભણી તે તો સંચરી. બુધી પોતાની કરે પ્રકાશ. જોવાને લાગી તે ચોપાસ; ઘણા દેશ જોયા સરવથી, તોએ ભાળ કાંઇ જડતી નથી; ત્યારે મનમાં થઈ નીરાશ, અરે દઇવ નથી પોહોચતી આશ. એમ કહી ચાલી જેટલે, સીરકસતાન આવી તેટલે. જોવાને લાગી તે ગામ, ઘણી શોભા છે ઠામે ઠામ; ઘેર ઘેર વાગે ઢોલ મરદંગ, રાગ આપે નવલા રંગ. ખાન પાન થાય અપરમપાર, જોતાં અચરજ પામી નાર; ઘણાં મુલક જોયા સરવથી, પણ આવી ખુશાલી કાંઈ નથી.

દુહા.—તે નગરમાં સંચરી, ધરી મરદની કાય; પુછવા લાગી લોકને, શો હરખ છે પુર માંય. ૧ ઘેરઘેર રંગ રચી રહ્યા, હરખે સહુનાં મન; વસ્ત્ર આભુશણ સરવે સજ્યાં, શું છે દીવાળીના દંન. ૨ એવાં વચન શ્રવણે સુણી, બોલ્યા તે પુરના લોક; નીત દીવાળી આ દેશમાં, નથી કોઇને મન શોક. ૩ રાજા હમારાના નેત્ર ગયાં, નથી કાંઇ તેનો ઉપાય; હકીમ એક બોલ્યો તહી, ભરી સભાની માંય. ૪ ગુલબંકાવલી પુશ્પ મળે સહી, અંજન કરે જો રાય; સો વરસનો અંધ હોય જો કદી, તરત દેખતો થાય. ૫ એવાં વચન તેનાં સુણી, ખોળ કરાવી અપાર; કાંઇ ભાળ લાગી નહી, દીલગીર થયો તે રાય. ૬ એનાં પુત્ર છે ચારે પાક્રમી, તેણે કરી સલામ; જંગલ જંગલ તે ભમ્યા, લાવ્યા ફુલ આ ઠામ. ૭ અંજન કીધું આંખમાં, થયો દેખતો રાય; ખંપણ ટળીયું

આંખનું, આનંદ અંગ ન માય ૭ પૃથ્વી પતી ઘણું રીઝીયો, બોલ્યો મુખે બોલ; એક વરસ લગી સહુ મેદની, ખાવો પીવો કરો કલોલ. ૯ ખજાંના આપાછે ગરથના, જેને જોઇએ તે ખાય; નીત દીવાળી સરવને, આનંદ અંગ ન માય. ૧૦ એવાં વચન તેનાં સુણી, હરખી બંકાવલી મન; ધન ધન ભાગ્ય માહરૂ, ધન આજનો દીન. ૧૧ સફળ જન્મ માહરો થયો, મળી નીશાની આ ગામ; ફુલ તણો એ તશ્કર સહી, મુજને મળીયો આ ઠામ. ૧૨ પ્રસંન થઇ મનડા વીષે, ગઇ સેહેરની બહાર; આગળ જળછે નદી તણું, ઊતરીયા તેણે ઠાર. ૧૩ જળક્રીડા વીનતાએ કરી, સુધ કરયું શરીર; અદભુત રૂપ કરયું નરતણું, જાણે કોઇ બાવનવીર. ૧૪ દેવતાઈ વસ્ત્ર અંગે ધરયાં, સજ્યા ત્યાં સોભતા શોળ; મરાઠી પાઘ મુસ્તક ધરી, મુખે રાતાં તંબોળ. ૧૫ સ્વરૂપ પ્રકાશ્યું પોતા તણું, નર તણી કરી કાય; કોઇ દ્રષ્ટે જોઇ નવ શકે, જળકારે આંખ મીચાય. ૧૬ કેડે કટારી વાંકડી, શોભે ધનુષને બાણ; શોભાથી આવી પુરવીએ, ચતુરા ચતુર સુજાણ. ૧૭

ચોપાઇ.—જોઇને હરખ્યા સહુ લોક, જે દેખે તેના સમીયા શોક; ઘણી સકુમળ તેની કાય, સ્વરૂપે ચંદ્ર સુરજ ઝંખવાય; ૫ એવું કારમુ કીધુ રૂપ, જે દેખે તે હરખે ભુપ; નર નામે મુકયા હંકાર, એ કોઇ દેવાંશી અવતાર; સ્ત્રી દેખી કામાતુર થાય, ધન ધન એ નરની કાય; શોભા તણું એછે શુખ, એવું રળીઆમણુ શોભે મુખ. એમ મોહ પામ્યુ બધુ ગામ ફરેછે પુરમા ઠામો ઠામ. જે દેખે તેનું મન ચળે, તેની પાછળ નર નારી પળે. તે ખબર રાજ સભામાં થઇ, ત ખત પર બેઠા તે તહીં; અરજ બંગીએ કરી સલામ, માંડી

વાત કહી તે ઠામ. કોઇ પુરૂષ આવ્યો નગરી માંહ, તેની શોભા કહી નવ જાય; જાણે ઇંદ્રાસનનો ભુપ, ધરી આવ્યો માનવનું રૂપ, તેની સોભા કેવાતી નથી, તે સમાંન કોઇ પ્રથવીમાં નથી; ઘેલાં કીધાં સહુ નરને નાર, જોવા મળી સહુ ઠામે ઠાર. અરજ બંગીનાં સુણી વચન, જલદરાયનું હરખ્યું મન. તે પુરૂષને લાવો અહીં; એવી મુખથો વાંણી કહી. ઘણી સ્વરૂપછે રૂડી કાય, જોઇએ તેને લાવો આંહ; વજીર મોકલ્યો તેણે ઠાર, માન દેઇને લાવો આ વાર. ઉઠ્યો વજીર નામીને શીશ, આવ્યો બજાર ભણી તે દીશ: કરી સલામને જોડ્યા હાથ, પછે વાત કરી તે સાથ, ધન ભાગ્ય ધરતીનું સહી, તમ સરખો નર આવ્યો અહીં. પ્રસન્ન થયુંછે બધુ ગામ, ભલે પધારયા આણે ઠામ. રાજસભામાં ચાલો સહી રાજા મળવા ઇચ્છે તહી; મુજને મોકલ્યો તેડવા કાજ, ચાલો સભામાં જ્યાં મહારાજ. દીન વચન વજીરનાં સુણી, બંકાવળીએ વાંણી ભણી; સાને દલગીર થાઓ તમો, ચાલો સભામાં આવું અમો. એમ કહીને ચાલો તાંહ, વજીર તણી ઝાલીછે બાંહ; રાજ સભામાં ઉભા જઈ, જોતાં ખુસાલી સઉને થઇ, રાજાએ દીધુ સનમાન, મુખવાસ આપ્યાં બીડાં પાન; કોણુ દેશ નીકળ્યાં શાકામ, કોણુ જાતને શુંછે નામ. તારે બંકાવળી બોલી તે ઠામ, મગરબ શેહેર અમારૂ ગામ; સોદાગર કેરો હું તન, પુશ્પસેન મુજ નામ રતન. ઉમેદવાર ચાકરીનો સહી, દાંણો પાણી ત્યાં રેહેવું જઇ; સુણી વાતને હરખ્યો રાય, મારી પાસ રેહો ભાઇ આંય;

દુહા.—જલદ મુખ એમ બોલીયો, ભાઇ રેહો અમારે ઘેર; મન ગમતો મહીનો લ્યો, મોજ કરો બહુ પેર. ૧ મારી પાસે બેસી રેહો, નવ કરવું હવે કામ; ખાઓ પીઓ સુખ

ભોગવો, આવો આપ મુકામ. ૨ એવા વચન સુણી રાયનાં, બંકાવળી રીઝીમન; રાજ સભામાં નીતે રહુ, કબુલ કરયું વ-ચન, ૩ બાળ મળી મને ગામમાં, મળશે મારો ચોર; હીમત રાખીને રહુ, પુરૂશ થઇ આ ઠોર. ૪ નીશાં પડી તેણે સ-મે, બેઠા સભામાં રાય; ચાર પુત્ર પેલા આવીયા, પડયા પીતાને પાય. ૫ ચુંમન દઇ ચાંપ્યા રૂદે, બેસાડયા લઇ પા-સ; સભા સહુ જોઈ કરી, પામી મન હુલાસ. ૬ ત્યારે બં-કાવલી ઓચરી; ધનુષ્ય ધરૂંછે જે નામ; કોણ પુરૂષ એ કોણ તણા, કેમ આવ્યા આ ઠામ. ૭ ત્યારે સભા સહુ ઓચરી, એ રાજાજીના તન; ગુલબંકાવલી ફુલ લાવીયાં, કરયાં દીન લોચન. ૮ એવાં વચન શ્રવણે સુણી, જોયાં નરનાં મુખ; પરીક્ષા કરી તે નર તણી, પામી મનમાં દુખ. ૯ મુ-રખના સરદાર એ, બુધીહીણ અપાર; મુખ જોતાં કીમત કરી, ક્ષણુ માત્ર મોઝાર. ૧૦ એ નર તણો શો આશરો, તે નર બાવનવીર; ધનછે તેની માતને, જેણે જોયું મુજ શરી-ર. ૧૧ તે નર તણા એ ચોરછે, દગો તે સાથે કીધ; ફુલ લીધુ તે પાસથી, જસ જગતમાં લીધ. ૧૨ બાળ તેની મળશે આંહી, એમ વીચારયું મન; પ્રભુજી આશા પુરશે શમરથ જગજીવન. ૧૩

ચોપાઈ. એ વાતતો અહીંથી, તાજલમુખની શી ગત થઈ; ફુલ ન રહ્યું પોતાની પાસ, છેક થઈ બેઠો નિરાશ. મે-હેનત મારી મિથ્યા ગઈ, કીરતી જગમાં તની થઈ; લાખી આવશે લઇને વાહાણ, મુજ વિના તે તજશે પ્રાણ; બંન્યો સ્રીની હત્યા થશે, કેઇપેરે તે છુટશે. એવો મનમાં કરયો વિચાર, ચાલ્યો ત્યાંથી રાજકુમાર; જે રસ્તે ભાઈ ગયા હતા વહી, તે પગલે પગલે ચાલ્યો સહી; થોડા દિવસમાં ગયો તે

ઠામ, સીરકસ્તાન છે પોતાને ગામ. જોજન એક રહ્યું તેહ, ચતુર નરે વિચાર્યું એહ; જો કદાપી નગરમાં જાઉં, તોતો તરણાથી હલકો થાઉં; મારી વાત કોઈ માનશે નહી, મુજને મારી નાંખશે સહી. પીતાતણે મન હું તો કાળ નામ સુણતામાં મારા બેહાલ; મારૂં મોહો જોવાનું નથી, માટે ત્યાં જાવાનો નહી કદી; માટે ત્યાં જાઉં તે ફોક, એવો મનમાં પ્રગટ્યો શોક; નથી સુજતો એને એકે વિચાર. બેઠા જંગલમાં ગુણભંડાર; એક તરફ નદીનું નીર, એક તરફ ઝાડી ગંભીર; બેઠા કર કપાલે દઈ, અબોલા સાંભરી આવી તહી: તેની કરપાથી પામ્યો ફુલ, વળી વાળ આપ્યોછે અમુલ: કદાપી સંકટ પડે શરીર, બાળજો ધુપ અગની પરવીર: તરેત આવીને કરવાની સાહ, વચન આપીયુંછે મુજ કરમાંય; તેને હું તો સમરૂં આજ, તે વીના નથી સરવાનું કાજ. એવું આપ વીચારયું મન. વહની પ્રગટ કરયો તે દીન: કાહાડયો વાળ નવ લાગી વાર, અગ્નીપર મુક્યો તતકાળ; આંચ લાગી તેને જેટલે, અબોલાએ જાણ્યું તેટલે. થયું તે વીનતાને જાણ, માહારા પુત્ર પુત્રી દુખીયાં નીરવાણ; તેણે વાળ માહારો બાળ્યો સહી, તેની સુગંધ આવી અહીં; માહારે કરવું તેનું કામ, અસવારી કરી એ ઠામ; અરાડ હજાર રાક્ષસને લીધ, પોતે પંથ કરો તે સીધ. સુગંધ વાળની આવી તહીં, તે દીશા ભણી વીનતા ગઈ; ના પુરૂષ તેને શીવાર, આવી જ્યાં બેઠો રાજકુમાર.

દુહો. હરાડ હજારે સાથ ઉતરી, જાહાં બેઠો રાજકુમાર: પુત્ર કેમ સમરી મુને, શુંછે દુખ આ ઠાર. ૧ આ જંગલમાં એકલા, તજી સજનનું સુખ; કેમ એકલા આ વન વીષે, ને સુછે મનમાં દુખ. ૨ મેસુદા મહારી દીકરી,

તે તન મન માહારૂં પ્રાણ; તેને મુકી વનમાં ભમો, સાચુ બોલો સુજાણ. ૩ ત્યારે રાજકુંવર મુખ બોલીયો, માતાજી સઘળું સુખ; વઈભવ નાના પ્રકારના, પણ એક વીત્યું દુઃખ. ૪ મે તમને સમરયાં માવડી, સમજણ પડે મુજ; સમરતાં માત્રમાં આવીયાં, ટાળવા માહારૂં દુખ. ૫ હવે આશા પુરો માવડી, તો તો ભોગવીએ સુખ. એવાં દીન વચન તેનાં સુણી, દયા આવી ગઈ મુખ. ૬ શું ઇચ્છા છે મન તાહેરે, બોલની સત્ય વચન; માતાજી શું ઓચરૂં, બોલતાં આવે લાજ. ૭ તે દેવતાને દુર્લભ સહી, તે ક્યાંથી સરે મુજ કાજ; અબોલા મુખ ઓચરી, તજોની મન ચંતાય. ૮ જે કાંઇ ઇચ્છા છે મન વીષે, તે લાવી આપીસ રાય; લાજ તજી મુજને કહો, તો કામ તમારૂં થાય. ૯ ત્યારે રાજકુંવર મુખ બોલીયો, ચરણે નામ્યું શીશ; ગુલબંકાવળી જેવો બાગ કરવો છે આ દીશ. ૧૦ તેવો મેહેલને તેવાં ચીત્ર, તેવો હોજને તેવાં ઝાડ, કરી આપો મુને માવડી, તો પોહોચે મનના લાડ. ૧૧ અબોલા ત્યાં વીસમે થઈ, એ થાયે કેમ કામ; મેં બાગ જોયો નથી, નથી જોયા મેહેલ સુઠામ. ૧૨ દીઠા વીના કેમ હું કરૂં, મેહેલ બેઠક રચના બાગ; સાજોગપડાવી તમને દાખવ્યું, તે કેમ થાયે આ જાગ. દીઠા હોય મેં દ્રષ્ટીએ, તો કરતી તમારૂં કામ; વીશકરમા તેડાવીને, રચાવત ઉતમ ઠામ. ૧૪ માતાજી તમ કોપા થકી, જોઈ આવ્યો તે બાગ; કહો તે લખી દેખાડીએ, કાગળમાં સહુ વાત. ૧૫

ચોપાઈ.—કાગળ દુવાત તીયાં લીધી સહી, ચીતરવાને બેઠો તહી; જે પ્રમાણે હતુ તહી, પટમાં ઉતારી દાખવ્યું સહી. વ્રક્ષ બાગ બગીચા સાર, સરવે માંડી કરયો વીસ્તાર; તે વારે અબોલા હરખ્યાં મન, એ પ્રમાણે રચાવું તન. તેડી

શેના સઊ પોતા તણી, તે સંઘાથે વાણી ભણી; મેહેલ રચા વો આણે ઠામ, દેવ રચના દેવતાઈ કામ. વીસકરમાને તેડી શું ઘેર, સામાન સહુ લેઇ આવો પેર; હીરા ઝવેર મોતીને લાલ. લાવે સ્થંભ માહિ પરવાળ. સોના રૂપાના ઢગલા કરો, તે દીશા ભાણી પરવરો; આરસ પાહાણ લાવો આ ઠાર, જે જોઇએ તે અપરંપાર. એમ હુકમ રાક્ષસને મળ્યા, દેશ દેશાંતર સહુએ પળ્યા; દેવ રૂપ તેને શી વાર, જે માગે તે લાવે આ ઠાર. સોના રૂપા મોતીને લાલ, હીરા ઝવેર માણી પરવાળ; જુદા જુદા ઢગલા કરો, એવો બોલ અબોલાએ કરયો. વળી કેહેતામાં દોડ્યા તે વાર, કરતાં કામ નવ લાગી વાર; કહ્યા પ્રમાણે કીધુ કામ, સનમુખ આવીને કરી સલામ. ત્યારે અબોલા બોલી વાણ, એક વચન કરો પ્રમાણ; વીસકરમાને લાવો અહી, એવી મુખથી વાણી કહી. ત્યારે એક રાક્ષસ ઊઠ્યો તહીં, વીસકરમાને લાવ્યા સહીં; તે રાક્ષસ સાથે પંથે પળ્યા, જઇને અબોલાને મળ્યા. વીસકરમાએ કરયા પ્રણામ, શું ફરમાવો મુજને કામ; ત્યારે અબોલા બોલી વચન, આ રાજકુંવર છે મારો તન. એ કહે તેવો રચવો બાગ, સરોવર મેહેલ કરો આ જગ; માણેક મોતી હીરા ને લાલ, ઢગલા સરવે દેખાડ્યા ને ઠાર. ઘટે તે મંગાવશું અમો, જડીત કામ કરોના તમો: એવાં વચન અબોલાનાં સુણી, વીસકરમાએ વાણી ભણી. મુજને નથી કાંઇ કરતાં વાર, નીશાની કરો તે ઠાર; દેવતાનું વરદાન મુજને સહી, એક રાતમાં કરશું અહી. માટે જે વસ્તુ કરવી હોય, તેની નીશાની કરાવો સોય; તે પ્રમાણે થાશે કામ. મીણાકારી સુંદર ધામ.

દુહા.—રાજકુંવર મુખ બોલાયો, ગુલબંકાવલી બાગ; તેવી રચના કરવી સહી. હું તો જોઇ આવ્યો તે જાગ. ૧ નકશો

ઉતારી આપીયો, હોજ બાગ અપાર; જેજે વસ્તુ દીઠી તહી, તેતે ચીત્રી ચોપાસ. ૨ જ્યાં જેવી સોભા હતી, ત્યાં તેવો ભરીઓ રંગ; પટમાં સરવે ઉતારીયુ, આણી મન ઊમંગ. ૩ જગ મગ જોત ઝગકી રહી, એવુ કરયું માંહે કામ; પટ સોંપ્યો પોતે કર વીષે, વીશકરમા જેનું નામ, ૪ એ પ્રમાણે તમો કરો, મેહેલ બાગને ઝાડ; મનોરથ પોચે મન તણા, પાળોની મુજ લાડ. ૫ દસ કોસ ફરતો સહી, કોટ કરો ચોપાસ; તે મધ્યે રચના કરો. પોહોચે મનની આસ ૬ એમ કહી આપ્યો કર વીષે, હરખ્યો જોઇને મન; એથી સાવાયુ થાશે સહી. ધીરજ ધરો રાજન. ૭ એમ કહીને આપીયો, રાજા એ તે ઠામ; નીસા પડી તેને સમે, રચવા માંડ્યું તે ધામ. ૮ દેવતાનું વરદાનછે, તેને શાની વાર; ધારીને જોયું પટમાં રચવા માંડ્યો તે ડાર. ૯ બાગ બગીચાને વાડીઓ, બારી અટારી માળ; પુશ્પ ઝાડને વનસપતી; પટ પ્રમાણે રચ્યાં ખ્યાલ ૧૦ જે મુખથી બોલે સહી, તરત તેવું થાય; ઇંદ્રપુરી ની રચના રચી, એક રાતના માંય. ૧૧ જળહળ જોત ઝગકી રહી, જાણે દીપકની જોત, જાણે દીનકર ઊગીયા એમ થઇ રહો ઉદ્યોત. ૧૨ રાતની વીતી તેણે સમે, થયું સંપુરણ કામ અબોલા પાસે ગયા. કીધો દંડ પ્રણામ. ૧૩ પટ પ્રમાણે સહુ કર્યું, ફુલ ઝાડને ધામ; રજા આપો હવે સુજને, તો જાશે માહારે ગામ. ૧૪ અબોલા હરખી ઘણી, આપી તે ને રજાય, વીસકરમા ત્યાંથી ગયા, પોતાના પુર માંય. ૧૫

ચોપાઈ.—જોઇ બાગને હરખ્યું મન, રાજકુંવર તેડ્યો તે દંન; તારા કારણ રચાવ્યો બાગ, વઇભવ માંડો આ જાગ. ઇંદ્રપુરી પ્રથ્વીપર કરી, જાણે સ્વરગ પુરી આવી ઠરી; તેથી સોભા અદકી હોય, ઉપમા કહી શકે ન કોય. સાંભળી રાજ

કુંવર આહાર. તારા ભાગ્ય તણો નહી પાર; મરતુ લોકના માનવ સહી, કસા લેખામાં ગણીએ નહી; તે તારે આધીન થઇ રહી; ફરમાવો તે કરીએ સહી. પુત્ર કરીને બોલી રહી; તે વચન પાળુસ્કું અહી. ઘણું વેર માનવ સાથે જાણ; જોતાં વારને લઇએ પ્રાણ. તેને આધીન થઇને રહી, લખીત વાતતે મીટે નહી; એ સહુ પરમેશ્વરના ખ્યાલ, સુખ ભોગવો મારા બાળ. માતાજી પુત્ર તમારો સહી, આશા મારી પુરણ થઇ એમ કહીને નામ્યુ શીશ, અબોલાં પ્રસંન થઇ તે દીસ; માથા ઊપર મુકયો હાથ, સુખ ભોગવો મેમુદા સાથ; હીરા માણેક ઝવેર અપાર, અરવો અરપ રહ્યા તે ઠાર. સોના રૂપાનો પારેજ નહી, તે સરવે બખસુછે લેઇ; ભરયા અંખડ તેના ભંડાર, ખાતાં ખુટે નહી લગારે; અબોલા ત્યાંથી પરવરી, લશ્કર લઇને ઠામે ઠરી. રાજકુંવરને હરખ અપાર, શ્રણીરચના જોઇ ઠામો ઠામ; ગુલબંકાવલીથી બનાવું કામ, તેની રચના ઠામોઠામ હવે બાળ લાખાની લઇ જાણ, આજકાલમાં આવશે વહાણ; દરીયા કીનારે ઊભા જઇ, વહાણ આવતાં દીઠાં નહીં. હરખ્યો મનમાં અપરમપાર, ગયો સામો તે રાજકુમાર; નજીક ઝાઝ આવ્યું જેટલે, લાખાએ નીરખ્યો તેટલે. સ્વામી મળવાને આવ્યા સહી, ઘણી ખુશાલી મનમા થઇ; મછવો મુકયો તેણીવાર, તે ઉપર બેઠી બે નાર; રાજકુંવરની આવી પાસ. પોહોચી મનડા કેરી આસ. ચાકર નરેન સઘળા દાસ, ઉતરયા સઘળા પોતાને આવાસ; માલ મતા ઉતારી લીધ. પાછા વાહાણ વીદાએ કીધ; મોજ કરે તે રાજકુમાર, જોઇ રચના ઘણું હરખી નાર;

દુહા.— બંન્યો નારી આણંદમાં, સજ્યા સોળ શણગાર; હાસ વીનોદ કરે સહી, શોભાનો નહી પાર. ૧ દાસ દાસી

ઘરમાં ધણી, ફરેછે બાગમોઝાર; એક ચાકર ઘરમાંથી નીકલ્યો, ગયો જંગલ બહાર. ૨ અડધો કોસ ચાલી ગયો, દીઠા માણુસ દસ વીસ; નજર પડ્યા તેહને, કાષ્ટ ધરયાછે શીશ. ૩ રાજાનો ચાકર બોલીયો, તમો કોણ માણસ સારઃ આ કાષ્ટ ક્યાં જઈ વેચશો. કોના નગર મોઝાર. ૪ ત્યારે સરવે બોલીયા, સીરકસ્તાન હમારો મુકામ; પેટને અરથે નીકલ્યા, વેચીશું તે ઠામ. ૫ તેવારે તે નર બોલીયો, આવો હમારે શેહેરઃ કાસ્ટ વેચાશે તમ તણાં, દામ મળે બહુ પેર. ૬ તેવારે સહુ બોલીયા, આંહીતો નથી કાંઇ ગામ; એ રાન જંગલ તો સહી. નથી વસ્તીનું નામ. ૭ તે નર કહે વસતી સહી, અરધો કોસછે ગામઃ જાણું શીદ બોલુ અમો, નથી મળવાના દામ. ૮ બમણા પઈશા લાગશે. તમો આવોની મુજ સાથ; એ વેચીને થાઓ વાણીયા, લેજો પઈશા હાથ. ૯ સહુ જણા સાથે મળી. આવ્યા તેણે ઠામ; તે શોભા કેહેવાતી નથી, સોભા નઉતમ તે ગામ. ૧૦ અચરત થયા સહુ મન વીષે, આ તે શું કેહેવાય; હવે દીઠા માણુસ આવતા, ત્યારે મનનો સંદેહ જાય. ૧૧ એમ વાત કરતા આવીયા, રાજાજી મુકામઃ હકીકત સરવે કહી, ધરયા કાષ્ટ લેઈ ધામ. ૧૨ ગરીબ લોક અમે શહી, આપો મન ગમતા દામ; એવું કહી છાના રહ્યા, હવે રાજા શું કરે કામ. ૧૩

ચોપાઈ.—એવાં વચન સેવકનાં સુણ્યાં, ખુશી થયો નગનો ધણી; સો સો મોહોર આપી તેણી વાર, ગરીબ જાણી કરયો ઉપકાર; મુખ થકી તેણે વાણી કહી, તમને ગમે તો રેહોને અહી. ખાઓ પીઓ કરો કુળકાજ, જે જોઇએ તે લોની આજ. એવાં રાજાનાં સુણી વચન, ખુશી થયાં સઉકોનાં મન. તેનાં છઈઆં છોકરાં બાવી કરી, રહ્યા તે ઠેકાણે

ઠરી; કોઇને મનઈ રાજાની નહી, જે આવે તે વસે તહી; પગ મેલવાનો નથી કાંઈ ઠામ એમ લોક મળ્યા તે ગામ. સીરકસ્તાન તો ભાગ્યું સહી. લોકો ઉચાળા લાવ્યા તહી; કોટવાળ નગરની કરે રખવાળ, તેને કાને પડ્યો સવાલ; વજીરને તેણે જઈ કહ્યું, ઉતપાત નગરમાં થયું; રઇયત બાધી ઉચળી ગઈ, અડધી નગરી ખાલી થઈ. તમારૂ શેહેર તજીને જાય, ત્યારે તે બોલ્યા મુખ રાય. ત્યારે વજીરને આવી આસ, કેહેવા લાગ્યો બેસી પાસ; બોલ્યા પછી મુખે સરવથી, એ વાત મનાતી નથી; બાર ગાઉ ઉપર ઝાડો અપાર, વાઘ વરૂ ભણ્યા તે ઠાર; તહાં કોણે વસાવ્યું ગામ, દેવ રક્ષણ દેવતાઈ કામ; એતો અચરજ સંરખુ અહીં, જાઓ તમો જોવાને સહી, ત્યારે કોટવાળે વાણી કહી, નગર તમારે અંધેર છે સહી; કશી ખબર તમે રાખતા નથી, શેહેર ઉજડ થાશે સરવથી;

દુહા.—કોટવાળ કહે વજીરને, તે ઉપર કહુ દ્રશટાંત; પ્રભુ ગતહે આવી નથી, ભાગુ મનની ભ્રાંત. ૧ ઉતર દશાનો એક રાજવી, સતવાદી અપાર; એકાસી રાણી ઘર વીષે, રૂપ તણો અંબાર. ૨ એક પુતર વીના ઘર નહી, નથી તેને કોઈ તન; રાત દીવસ ઝુરે સહી, નારી સહીત રાજન; ઘણા દીવસ એમ વહી ગયા, એક વીનતાનું ભળીયું ભાગ્ય; ઉદર ગરભ તેને વાધીયો, વીનતાને તે જાગ. ૪ પટરાણી તેને ફરી, પામી ધાસ્તુ એક માન; પુરે માસે પદમણી, અવતરીયું સંતાન. ૫ પુત્રી તેને અવતરી, હરખ્યો રાજા મન; વાંજીઆ બાર ઉઘાડીયું, ધન આજનો દન. ૬ રમાડે રાજા તેડી કરી, આણે અદકુ હેત; પ્રીત અતી અંતરમાં, તન મન ધન સમેત. ૭ ઘણા દિવસ એમ વહી ગયા, ફરી ગરભવંતી થઈ નાર; તે પણ પુત્રી અવતરી, રાજાને દરબાર. ૮ એમ કર-

તાં પુત્રી છ થઈ, સાતમું ઓધાનછે નાર; રાજા મુખથી બોલીઓ, ક્રોધ કરી તે ઠાર. ૯ કદાપી પુત્રી આવશે, દેહસ જાહાજ ઉપમાન; ક્ષણુ એકમાં મારૂ સહી, તતક્ષણુ કરીશ હાણુ. ૧૦ પુત્ર જો કદી આવસે. તો નાહાલ કરીશ એનાર. તારે આધીન થઈને રહુ, એમ બોલ્યા રાજા તે વાર. ૧૧ એમ કહીને તે પરવરેચા, રાજ સભામાં રાય; રાણી દુખ ધરે ઘણું, કેહેતાં કહ્યુ ન જાય. ૧૨ લખોત વાત થાશે સહી. એ નથી કોઈને હાથ; પ્રભુને ગમતુ થશે, એમ વીચારયુ તેણે મન સાથ. ૧૩ દસ માસ પુરા થયા, તોપણ આવી કન્યાય: પુત્રની બુમ પાડી સહી, દાઈના ચાંપ્યા પાય. ૧૪ જીવ જીવાડણ કારણે, જુઠુ બોલી તે નાર; તાર પછી શું નીપનું. તે માંડી કહું વીસ્તાર. ૧૫ રાણી દાઈ મનસુબો કરે, તેનો કહું વિસ્તાર; એમાંથી શું નીપજે; તે કહું આણે ઠાર. ૧૬

ચોપાઈ.—રાણી દાઈ મનસુબો કરે, પુત્ર તણી વાણી ઓચરે; વધામણી મોકલી રાજાની પાસ, આવી દોડતી સભામાં દાસ. રાણીજીએ જનમ્યો પુત્ર, રાજાજી વાધ્યુ ઘર સુત્ર; એવાં દાશીનાં સુણી વચન, રાજાનું ઘણું હરખ્યું મન; વેહેચ્યાં ગોળ ધાણાને પાન, જાચક જનને દીધાં માન; ધોળ મંગળને ગીત ગવાય, આણંદ સહુને અંગ નમાય. રાણીએ જોશી તેડ્યો તે જાગ, કર જોડીને લાગ્યા પાય; ધરમ તણા પીતાછો તમો, જીવતદાન બખસોને અમો. રાજાજી કહીતી વાત, આવશે પુત્રી તો કરશું ઘાત; સહુ પરમેશ્વર કેરો ખ્યાલ, સાતમી પણ જનમીછે બાળ. મારો નાંખે મુને સરવથી, વચન પોતાનું લોપતા નથી. માટે જુઠી બોલુંછું વાત, છે પુત્રી પુત્ર કેહેવો સાક્ષાત. એમ કહી બચાવી છે ઘાત, તમ આગળ કહી સાચી વાત. તમારે ખોળે મુજ શીશ, હું.

કહું તે કરો આ દીસ; રાજ સભામાં જાસો ગુણવાન, રાજાજી દેશે સનમાન; કરાવશે જનમોત્રી તમ પાસ, જનમોત્રી આણી ઉલાસ. વખાણ કરજો અપરમપાર, પછે વેહેમ મુકજો તે ઠાર; બાર વરસ સુધી જોવું નહી મુખ, તો નો રાજા થાશે સુખ; હવડાં મુખ જો જોસો સહી, તો નો ઘાત થવાની અહી; એમાં એકની થાશે ઘાત, એટલી કેહેજો મુંખથી વાત. માટે જીવતદાન અમને દીજીએ, એટલું કામ તમો કીજીએ. અમુલખ મોતીનો આપ્યો હાર, જોશી પ્રસન થયો તે વાર. ત્યાર પછી રાજસભામાં ગયા, રાજા ઉઠીને ઉભા થયા. પુજા કરી લાગ્યા પાય, ભલે પધાર્યા સભાની માંય; જનમ અક્ષર કરોની અહીં, રાણીને પુત્ર જનમ્યો સહી. જોશીએ ગ્રહ માંડ્યા તે વાર, જન્મ અક્ષર કર્યા તત્પાર; પછી મુખથી કર્યો વિચાર, સભા સહુ સાંભળે તે ઠાર. સકળ ગુણ સંપૂરણ થશે, ચઉદ વીદ્યા જશ જાણો હશે; બત્રીસ લક્ષણો થાશે વીર, ધનુર વીદ્યામાં થાશે ધીર. દશ રાહુમાં જનમ્યો બાળ, તેનું ફળ કહું તતકાળ. રાહાનું ફળ એવું કહે સહી, બાર વરસ લગી મુંખ જોવું નહી; કદાપી મુંખ જોસો સહી, તો તો વીઘન થાશે અહી.

દોહરા.—બાર વરસ જોતાં જશે, ઉતરી જશે દોશ; પછે પુત્રનું સુખ ભોગવો, એવો જોશીએ જોયો જોશ. ૧ સ્ત્રી હત્યા રાજા કરે, પુત્રીની કરશે ઘાત; રાજ વચન લોપે નહી; માટે એમ સમજાવી વાત. ૨ વચન શીર ચડાવીઉં, રાજાએ તે કામ; હરખ ઘણો થયો રાયને, કરે મન ગમતાં કામ. ૩ જે જોઈએ તે મોકલે, ખાન પાન સણગાર; પુત્રી કેરો પુત્ર કરી, રમાડે તે નાર. આભુશણ પેહેરાવે નર તણાં, પેહેરાવે પોશાક; બાર વરસ તો વહી ગયાં,

એમ ફરતાં તે જાગ. ૫ માગુ આવ્યું એ રાયનું, વીહવાહ કરયો તતકાળ; ખાંડુ આપીને મોકલ્યું, પરણાવા તે બાળ. રાજ સભામાં પરવરયા, પેહેરી વસ્ત્ર સણગારે; જોઈ મોહ પાંમ્યા રાયજી, રીજ્યા અપરમપાર. ૭ ન્યાય અન્યાય ચુકાવે ઘણા, તે લે ન્યાય અન્યાય. વળી અશ્વ બેસીને પરવરયા. મરગીયા રમવા જાય. ૮ કોઈ પાર પાંમે નહી, નર નીરખે સહુને મનઃ તે ચતુરાને ચીંતા ઘણી, ઝુરે રાતને દીનઃ કેલી કાય માહારી થશે, વળી આવશે પરણીનાર; હાંશી થાશે જગતમાં; ધીક ધીક મુજ અવતાર. ૧૦ મુજ માતાએ વીપરીત કરેયું, કુળમાં લગાડી લાજ; હવે મરવું પડશે માહરે, કેઇ પેર શરશે કાજ. ૧૧ એકે વાત ન ઉકલે, શી થશે માહારી પેરઃ પરણી પ્રેમદા આવશે, થોડા દીવસમાં ઘેર. ૧૨ મહીમા માહારો સઉ જશે, પુરમાં થાશે વાત, વળી જોબન માહરૂં ખીજશે, થાશે માહાઉતપાત. ૧૩ માટે દેહ તજવી સહી, જીવું તેતો ફોક; કીરતી થાશે એ દેશમાં, વળી હસશે પુરના લોક. ૧૪ માટે દેહ પાડી મરૂ, જઇ વન મોજારે; કોઇ ખબર કહાડે નહીં, કોઈ ન જાણે વાત, ૧૫

ચોપાઈ—એમ વીચારયું મન મોઝાર, અડધી રાતે થયો તઇઆર, ઘોડા ઉપર બેશી કરી, તજ્યો દેશ પોતે સુંદરી; ઘણા દીવસ પંથે ચાલ્યા સહી, અઘોરવનમાં વીનતા ગઇ; રાક્ષસ એક મોહોટો ગંભીર, આવ્વ સહીત ગઇ તેને તીરઃ દીઠા અશ્વ હરખ્યો મન, આજતો મળ્યું મુજને ભોજન એમ વિચાર કરે જેટલે, રાજકુમાર આવ્યો તેટલે; દીઠો રાક્ષસ પડ્યો શરીર, વીનતા ઊભી તેને તીર. ક્યાંથી આવ્યો આણે ઠામ. નહીં આવે માનવનું નામ; આ અશ્વ સુધાં તુને ખાઊ, પેટ ભરી મારગ જાઊ; એવાં વચન રાક્ષસનાં

સુણી, વીનતાએ વાંણી ઓચરી; વચન બોલ્યા તે પાળો તમો. મરવા આવ્યો છું જી અમો; માટે કરડી ખાઓ હાડ, હું તો માંનું તમારો પાહાડ; એવા બોલ વીનતાએ કહ્યા, રાક્ષસને મન આવી દયા. મરવા ઉપર રાજી મન, શા દુખે મરો રાજન; તે વીસ્તારીને કહો અહીં, ત્યાર પછી ખાવાનો સહી; કોઇને મરવું વાહાલું નથી, કેમ મરવા આવ્યો શરવથી: સાચી વાત જો નવ કહે મુને, તો ઇશ્વરની આંણ છે તુને: ત્યારે વીનતા બોલી તે જાગ, કરજોડીને લાગી પાગ; માહારા દુખ તણો નહી પાર, સંક્ષેપે કહું વીસ્તાર, હું તો રાજાની છઉ દીકરી, મુજ માતાએ ચોરી કરી, પુત્ર તણું તેણે લીધું નામ. રાજ સભામાં હરખ્યા તે ઠામ; પુરૂશના વેશ રાખીને રહી, કોઇએ વાત તો જાણી નહીં. એમ કરતા વરસ થયા છે બાર, માગું આવ્યું સભા મોઝાર; ખાંડું મોકલ્યું તણી વાર, વરી ત્યાં તો સુંદર નાર. એ અંધેર મુજ માતાએ કરયું, તમ આગળ સાચુ ઓચરૂ; પરણી વીનતા આવશે ઘેર, તારે સી થશે મારી પેર; પ્રફુલીત થાશે મારી કાય, તે કેમ રાખી મુજથી જાય; મોટી એમ લાગી છે શીશ, માટે ધસ્યો આવ્યો આહીં સઃ; હાંસી થાશે અપરમપાર, શુ મુખ દેખાડું સંસાર, માટે મરવા આવી જાણ, ઇશ્વર આણ એ સાચી વાણ; એવાં વચન અબળાનાં સુણી, દયા આવી તેને મન ઘણી. દઇતે રૂપ તપેશરીનું કરયું, અબળા સાથે એજ ઓચરયુ, એ વતા સાંભળજો તમો, સત વચન બોલું છું અમો.

દુહા.—તપેશ્વરી પછે બોલીયો, વીનતા સુણજે કાન: બેસ મારી પાસે સહી, સાંભળ કહું તે વાત. ૧ મહારા તપના જોરથી, તને પુરૂષ કરૂં આ ઠાર; ઘેર જાઓ તમે સરવથી, સુખે ભોગવો નાર. ૨ પુરૂષ પણુ આપુ તુને,

સ્ત્રીપણું હું લેઉ; મોજ કરો જઈ માનવી, જીવત દાન તો દ-
ઊ. ૩ સરત આપણે એટલી, એક આવે તને તંન; પછે
પાછુ આપો મુને. તો સત્ય વચન. ૪ ઉપગાર હું તુજને
કરૂં. પરમારથનુ પુન; હું તવેશ્વરીછું તપ કરૂં, મારે કાંઈ
નથી તેની નુન. ૫ સીખામણ તુજને કહી, તે રાખજો
ચીત મોઝાર; વચન એ પાળજો તમો, તે સાંભળજો આ
ઠાર. ૬ તોએ અરસપરસપર કરૂં, મારી વદ્યાનો પરતાપ; કા-
મ થયા પછી આવજો, નહી તો દઈસ સરાપ. ૭ પ્રતીજ્ઞા
કરો વાતમાં, તો હું આપુ જાણ; બીજુ કોઇ જાણે નહી,
એમ સીખ બોલ્યો વાણ. ૮ ત્યારે રાજકુંયા ચરણે નમી;
ઘણું પ્રતીજ્ઞા કીધ; ઘણા સમ મુખે ઓચરી, સત્ય વચન
કીધ. ૯ સુરજ ચંદ્ર બે સાખીઆ, સાખી રાખ્યા શ્રી
રામ; એક પુત્ર થયા પછે, પાછુ આપુ આ ઠામ. ૧૦
ત્યારે તપેશ્વરી રીજીયો, ધર્યું પ્રભુનું ધ્યાન; આશા પુરૂ એ
નારની, હું કરૂં પરમારથ કામ. ૧૧ મારા તપના જોરથી,
સફળ થજો એનો અરથ; એનું સ્ત્રીપણું મુજને આવજો,
એ થાજો પુરૂશ તરત, એમ આસા પુરૂ એહની, જ્યાં
સુધી થાય ફરજન; સત સમરપ્યુ તન ધણી, કર વીએ તે
દીધ. ૧૩ ઉગ્ર તપ ઘણાં કરચાં, તે પુન તણો પરતાપ; અ
રસ પરસ ત્યાં થઈ ગયું, અન્યો અન્યએ આપ. ૧૪
નારી ફીટી નર થયો, ચરણે નામ્યું શીશ; સીધ કામ કરી
આવજો, એમ સીધે દીધી આશીશ, ૧૫ ત્યાં થકી ચાલ્યો
પાછો ફરી, ગયો પીતા અવાસ; પોતાની નારી તેડી સહી,
કરયા ભોગ વીલાસ. ૧૬ વરસ બાર એમ વહી ગયાં; થઇ
ગરભવંતી તે નાર; પુત્ર એક વરસવ થયો, સુંદર રાજકુમા-
ર. ૧૭ પછી તે રાજાએ વીચારયું, પાળુ મારૂં વચન; આ-

શા મારી પુરણ થઈ, જાઉ સીધ ભોવન. ૧૮ સત વચન પાળુ સહી, જાઉ સીધના પાસ; આપું પાછું એહને, પ્રભુએ પુરી આસ. ૧૯

ચોપાઈ.—હવે એ વાત અહીથી રહી, સીધ પુરૂશે શું કીધું તહી; જપ તપ સહુ તેનું ગયું, તેની પાસે કાંઈ નવ રહયું. બુધી બ્રષ્ટ તે વેળા થઈ. ઈશ્વર ઉપરથી આસ્તા ગઈ; રવે રૂવેર્યા વાપીયો કામ, વેહે બ્યાકુળ થઈ તે ઠામ. તે થકી નવ જાએ રહયું, તપ ધાન સહુ તેનું ગયું, મદોનમત થઈ વનમાં ભમે, કોઈ પુરૂશ મળ્યો તે સમે. તેના સાથ માંડ્યું ઘર સુત્ર, સ્વામી કરીને રાખ્યો ભુપ; હાસ વીનોદ કરે તે ઠાર, એમ ત્રણ વરસ ગયાં તે ધામ. તે સ્રીને બાળક ત્રણજ થયાં, બે પુત્ર એક પુત્રી કહ્યાં. ચોથો વળી ઉદર ગર્ભવાસ, એટલે કુંવર આવ્યો તે પાસ: જઈ કરીને લાગ્યો પાગ, દીનવચન બોલ્યો તે જાગ. માહારો જ એક થયો બાળ, પાછો આપવા આવ્યો તતકાળ; સતવચન માહારૂ મીથ્યા થાય, માટે આપવા આવ્યો આંય. તમારૂ તમને મુબારક સહી. ઉપકાર કોઈનો ભુલીએ નહી; રાજકુંવર એમ બોલ્યો વાણ, પાછું આપવા આવ્યો નીરવાણ. ત્યારે સીધ પછી બોલ્યો વાણ, સાંભળ રાજા ચતુર સુજાણ; કદાપી કરીએ ઉપગાર, પાછું નવ લઈએ લગાર, વગર વીચાર્યું કર્યુંછે કામ, માટે ફળ ભોગવું આ ઠામ; મેં કુર્યું તેવું કરસો નહી; કરસો તો દુખ પામશો સહી. આ પરવસ થઈછે મારી કાય, મેંતો નરે ભોગવ્યા છે આંય. ત્રણ બાળક રમેછે બાહાર, ચોથુંછે મુજ ગર્ભ મોજાર; પાછું લઈને હું સું કરૂં, ફાટ્યું પેટ તે કયાં જઈ ઠરૂં. માટે તો આપ્યું તને, તે આપ્યું તે બકસ્યુ મને એમ

આપી રજાય. રાજકુંવર ત્યાંથી પંથે પળાય. સજન સહોદર મળીઆ તહીં, એમ કોઇએ જાણી નહી; અકળ ગત પ્રભુની સહી, તેની માયાનો પારજ નહી. નારે હતી તે નર થઈ, નર હતો તે નારી થઇ; એ વાત તો પુરી થઇ કોટવાળે વજીરને કહી. માટે સેહેરની તપાસજ લો, જશે શેહેર રાજાને કહો: તેવી માયા રચી આ ઠામ, મહોટું સેહેરને ઉતમ ધામ, લોક સરવે રહ્યા ત્યાં જઈ, એ વાતમાં તો સંદેહ નહી; તે રીતે શેહેર તમારૂ જશે. માટે રેહેજો ચોકશે. પરમેશ્વરે રચ્યો છે એહ, એ આગળ ઇંદ્રાસન શેહેણ; ત્યારે વજીરનું રીજ્યું મન, કોટવાળ સાથે બોલ્યો વચન. તમો નજરે જોઇ આવો અહીં, પછી ખબર કહાડોની સહી; પછે કરીએ રાજાને જાણ, એવું વજીર બોલ્યો તે વાણ.

દુહા.—કોટવાળ ત્યાંથી ઉઠીયો, થયો ઘોડે અસ્વાર; છડી અસ્વારોએ પરવરયો, જોવાને તે ઠાર. ૧ દીઠી રચના દુરથી, જાણે સુરજના અવાસ; જાણે દીનકર ઉગીયો, એવી જોત પ્રકાશ. ૨ જોતાં ભુખ ભાગી ગઈ, ધન આંહીના લોક ધન નગરના અધીપતી સમીયા સઘળા શોક. ૩ લોકે જઈ કેહ્યુ રાયને, કોટવાળ આવ્યો આ ઠામ: જે હુકમ હોય તે કીજીએ, વચન કરીએ પ્રણામ. ૪ બેસાડો રંગમહેલમાં, આગતા કરો જઈ તાંય, એવાં વચન રાયનાં સુણી, કોટવાળની ઝાલી બાંય. ૫ રંગ મેહેલમાં લઇ ગયા, મુખ આગળ મેલ્યાં પાન; રકતમણી સુવર્ણમાં જડી, જાણે શોભા કોટીએક ભાણ. ૬ કોટવાળની વતી કેહેવાતુ નથી, એ ત ભરમ થયો તતકાળ; જળહળ જોત ઝળકી રહી; થઇ રહયું ઝાકઝમાળ. ૭ ફુવારા છુટે અતરગુલાબના, બીજી સોભાનો નહી પાર; સુગંધી નાના પ્રકારની કહેતાં નવ આ-

વે પાર. ૮ હવે રાજકુંવર ત્યાં આવીઆ, જાણે ઇંદ્રપુરીનો રાય; કોટવાળ ઉઠી ચરણે નમ્યો, કરજોડી બેઉ તાંય. ૯ કુંવર પ્રતે મુખ બોલીયો, સીરકસ્તાન અમારૂ ગામ; ત્યાં સતવાદી રાજા વસે, જસદરશંગ તેનું નામ. ૧૦ તેણે મોકલીઓ મને, કહેવાને એક વાત; રીસ ન કરશો મુજ ઉપરે તે માંડીને કહુ ખ્યાત. ૧૧ કહ્યા પ્રમાણે હું કરૂ, જોડીને બે હાથ; ત્યારે રાજકુંવર બોલીયો, સાચી કહોને વાત. ૧૨ શું કહાવુંછે રાયજી, શીછે એમાં રીસ; જે કહેવાડ્યું તે તમે કહો, કરતા હમારા જગદીશ. ૧૩

ચોપાઈ.—ત્યારે કોટવાલે જોડા બે હાથ, બોલ્યો રાજકુંવરની સાથ; તમોછો દેવાંશી અવતાર, અમે દેવ ગયના દીઠી આ હાર. કોણ જાતને શુંછે તમ નામ, કેમ વસીઆછો આણે ઠામ; શેહેર અમારૂ ઉજડ થયું, અહીં આવીને વશીઆ સહુ. એક મેણમાં બે તરવાર, કેમ રહેશે તે કરો વિચાર; અમ સેહેર સમીપે વસીઆ તમે, કઈ પેરે કરીશું અમે. જુધ કરવું હોયજો મંન, તો તઈયાર છે મારો રાજંન; દગો કરેવા આવ્યા આ ઠામ, એ વાતમાં રાજી નહી રામ. એ વાતનો પ્રતીઉત્તર દીજીએ, પછે પંથ અમારો લીજીએ; ઇશવરે આણુ એ વેળા સહી, સાચી વાતજો કહો નહીં. લશકર નથી મુજ પાસે સરવથી, મારે લડવું કો સાથે નથી; નથી જોઇતું કોઇનું રાજ, નથી લડવાનું મારે કાજ. નથી તમ સાથે મારે વેહેર, હુંતો બેઠોછું મારે ઘેર; બેઠા પીયાના ઇશવરનું ઘરૂ, સત્ય વચન સાચું આચરૂ; સત વચન પાણુ પાંસરો, સુખે રાજ તમારૂ કરો. ત્યારે હરખ્યો કોટવાળ મંન, માગી સીખ ઉઠ્યો તે દન; ગયો પાછો પોતાને ગામ, વજીરને મળ્યો તે ઠામ. વાત વીસ્તારી સહુને કહી, જે જે વાત

તે સાથે થઈ; શરોવરને સઘળું છે ગામ, ઈંદર સરખો રાજા તે ઠામ; મને ઘણી આબરૂ આપી સહી, સંતોષ્યાને મોકલ્યો અહીં. તારે વજીરની થઇ નીશાય, આવ્યો રાજ સભાની માંય: ડંડવત કરીને નામીયું શીસ, પછે મુખ બોલ્યો તે દીસ; આપણા શેહેરથી ત્રણ જોજન, ઘણી ઝાડી ભયાનક વન. તાંતો વસાવ્યું કોઇએ શેહેર, દેવ કામ દેવતાઈ મેહેલ; ઈંદ્રાસનથી સોભા બહુ, શું મુખે વીસ્તારી કહુ. આપણા લોક વશ્યા ત્યાં જઈ, અડધી નગરી ખાલી થઇ; કોટવાળને મોકલ્યો તે જાગ, તે જઇને જોઈ આવ્યો બાગ. પુછી વાતને લાવ્યો પાર, તેપણ વાત કહુ આ ઠાર: ઘણું રૂપને શોભા વીશાળ, છે કોઈ પરમેશ્વરનો લાલ. કહે હું કોઈ નડતો નથી. તુમે રાજ કરો સરવથી.

દુહા.—સુણી વચન વજીરનાં અચરત પામે રાય. સભા સહુ વીશમે થઈ, એ કારણ શું કેહેવાય; આપણા શેહેરને પાદરે, કોણે વસાવ્યું ગામ. એવા બે માંથાનો કોણ છે, એમ રાજા બોલ્યો તે ઠામ; કોઈ સાચુ કોઈ જુઠું કહે, બેઠા સભાના લોક; રાજાને મન નીશ્ચે થયું, પ્રગટ્યો મનમાં શોક. વજીર વચન મીથ્યા નહીં, નીશ્ચે સાચી વાત; રાજા ચીંતાતુર થયો, કઈ પેરે ભાગુ ભરાંત; માનવ તણો નહી આસરો, કોઈ દેવદાંનવનું ઠામ; દેવ રચના તેણે રચી, કીધાં નઉતમ ધામ; કદાપી હું તયાં પરવરૂ, મળવા કારણ રાય; કેદ કરી રાખે સહી, તોય હાંશી થાય પુરમાંય; એમ વીચારી મન વીષે, વજીર શું બોલ્યા વાણ; તમો ચરચા જુવો સહી, તમો જાતે ચતુરસુજાણ. એ દેવ દાનવ કે માનવી, લોની જાઇને પેર; દેવ રચના કોણે રચી, તે શું છે કારણ ઘેર. માટે તમે ત્યાં પરવરો, જુવો ચતુરાઈ ચાલ; કપટી હોયતો પાછા

આવજો, નહીતર કરજો વહાલ. મીત્રાઈ તે શું કીજીએ, કોઇ હોય ચતુરસુજાણ; કપટી હોયતો જુધ કીજીએ, એમ રાજા બોલ્યા વાણ. એવાં વચન સુણી રાયનાં, ઉઠ્યો વજીર તેણીવાર; છડી અસ્વારીએ પરવરયો, જ્યાં સ્વરગપુરી તે ઠાર; દીઠી રચના દુરથી, ઊદેકાર ઉદ્યોત. પુર વીષે તે પરવરયો, જુવે દીપકની જોત; બાગ બગીચાને વનસ્પતી, મોહોલ અટારી વાસ. સુવરણમાં મણી જડ્યા, ઝળકી રહ્યા ચોપાસ; જોતો જોતો આવીયો, જ્યાં મોટા દરબાર; દીઠો વજીરને આવતો, શોભાનો નહી પાર. અરજ કરી જ્યાં રાયને, વજીર આવ્યો આ ઠાર; શીરકસ્તાનના રાયનો; એમ કહીને કરી શલામ.

ચોપાઇ.—એવાં રાજકુંવર સુણી વચન, પ્રસન થઇ બોલ્યો તે દન; મોતી બાગમાં બેસાડો જઇ, હું મળવાને આવું તહી. આગતા સ્વાગતા કરો અપાર, પાન ફુલ મુકો તે ઠાર. એવાં વચન સેવક સુણી, ગયો સામો વજીરની ભણી; કરજોડીને કરયો જુહાર; બેસાડ્યો મોતીના બાગ મોજાર. પાંન ફુલ આપાં મુખવાસ, સુગંધ મુકીછે ચોપાસ; અતરનો હોજ ભરપોછે તહી, ફુવાર જારી કીધાછે સહી; વજીર દીગ મુડ થઇ ગયો, શોભા જોતાં અચરજ થયો. ઠામ ઠામ મોતીના ઝુલ, એક મોતીનું નવ થાએ મુલ; એવાં કોટી મોતી ચોપાસ, દેવ રચના દેવતાઇ વાસ; માનવ કેરૂં નથી એ કામ, શીવ વીશનું કે બરમાનું કામ. એમ વિચાર કરે જેટલે, રાજકુંવર આવ્યો તેટલે; વજીર ઊઠીને લાગ્યો પાય, નીશચે દેવતા એ કહેવાય. એવું રઢીઆળુ દીઠું રૂપ, ઇંદર સરીખો દીઠો ભુપ, ત્યારે વજીર કરજોડી રહ્યો, રાજકુંવરે બોલજ કહ્યો; કોણ દેશને શુછે નામ શા

અરથે આવ્યા આ ઠામ. ત્યારે વજીરે કરી વીનતી, સીરફસ્તા નનો પ્રથવીપતી; જાલદસંગ રાજાનું નામ, તેનો મોકલ્યો આવ્યો આ ઠામ, વજીર તેના છઈએ અમો, અરજ એક સાંભળોની તમો; આ દેવ રચના દેવતાઇ મેહેલ, એઆગળ ઈંદ્રાસન સેહેલ; છો તમે ઈંદ્રાસનના ભુપ, ધરી આવ્યા માનવનું રૂપ; અમારા ગામનું પાદર સહી, નવીતમ રચના કરી અહીં; જોએ અનેક મન માને સહી, માટે મુને મોકલ્યો અહીં; કીરપા તમારી હશે સહી; તોતો નગર વસવાનું અહીં: નહીં તો કોઇ માણસની થાશે હાણ, વીપરીતવાત સાચીની રવાણ કીરપા દ્રષ્ટી તમારી હોય, તો રાજા મળવા આવે સોય; એવાં વચન વજીરનાં લહયાં, રાજકુંવરે બોલ્યા કહ્યાં; તમારા રાજાને કેહેજો સુખ, શાને તમો ધરોછો દુખ; સુખે ભોગવો તમારૂ રાજ, શાને મનમાં કરોછો લાજ. ચિંતા ફીકર કાંઇ કરવી નહી, સુખે રાજ ભોગવો અહી. મળવા આવો સુખે તમો, એ વાતમાં રાજી અમો; ત્યારે કરજોડી કરી વીનતી, આઠમેદીવસ આવશે અધીપતી; એમ કહીને મંદીર જાય, પાછો આવ્યો જ્યાંછે રાય;

દુહા.—વીદાય કરી વજીરને, પાતે ગયો વીનતાની પાસ; હશી વચન સુખ બોલીઓ, આજ પોચી મનની આશ. મુજપીતા મળવા આવશે. જોઇશું આવ્યો અન્યસુખ વીજોગના સંજોગ થશે, થશે માંહો માંહે સુખ; ઓસીંગલ થાઓ તાતને, સેવા કરૂં આ વાર; આગતા સવાગતા. કરૂં. તો પામીશ જશ સંસાર; ત્યારે મેમુદા બોચરી, સમરો આબોલા માત; જે જોઇએ તે આપસે, થાઓ ઓસીંગલ તાત. એવાં વચન સુણી નારનાં, ધ્રુપે વાળ લઇ નામ; તરેત ખબર તેને થઇ, આવી પોચી તે ઠામ; મેસુદા લાખો બે સુંદરી, ત્રીજો

રાજકુમાર; હાશ વીનોદ કરે સહી, આવી પોતી તે ઠાર; મ-મુદા ચરણે નમી, લાખી નમી તે સાથ; રાજકુંવર ચરણે નમ્યો, જોડી કરી બે હાથ, અબોલા રીઝી ઘણું, જોઇ નરે ના રીની જોડ ઘણી પ્રસન મનમાં થઇ, પોચવા મનના કોડ; આ કોણ બીજી પરેમદા, કુંવર કહે મુજનાર. તે પણ જોઈ રીઝી ઘણુ, પ્રસન થઇ તે ઠાર; ખોળામાં બેસાડીઆં, નર નારી બેઉ સાથ. હશી વચન મુખ ઓચરી, માથે ફેરવ્યો હાથ; કેમ સમરી મુજને તમો, કેમ બાળ્યો મુજ વાળ. શી ઈરછા છે મન વીષે, તે માગી લયો તતકાળ; માતાજી આપો તમો, કેઇથી નવ અપાય. સ્વરગના સુખ ભોગવીએ અહી, તે તમ તણો મહીમાય; આ મેમુદા તમારી દીકરી, તે ને મળવાનું થયું મન. સમરણ માત્રમાં આવ્યા તમો, ધન ધન આજનો દન; માતાજી એક બીજી વીનતી, માત પીતા છે જેહ; તે જોવા આવેછે બાગને, તેથી આણંદ વરસે મેહ. ઘણે વરસે જોયુ અમો, માત પીતાનું સુખ; વીજોગના સંજોગ થશે જોઈશું અન્યોઅન્ય મુખ; એની આંગના હું કરૂ, તો થાય જગતમાં નામ. અબોલા કહે ઇરછા હોય, તે આપુ આણે ઠામ;

ચોપાઈ.—માતાજી મળવા આવે પીતાય, તેને ઓશીંગણ થાઉ આંહ; બાર કોસ અહીઆંથી ગામ, રચના કરવી બા-હાર મુકામ. અકેક કોસને છેટે સાર, તંબુ તણાવો ઝાક ઝ-માલ; રંગબેરંગ જુજવી જાત, ભક્ષ ભોજન તેથી વીખ્યાત. બીછાના રંગબેરંગી સહી, કીનખાપ મુખમલ સીવાય નહીં; તે બાર કોસ લગી જાણ. તે ઉપર ચાલી આવે રાજન. આબરૂ આપુ મુજ તાતને, છું ઉમેદવાર મળવા માતને; અ-બોલા ત્યારે હરખ્યાં મન, રાક્ષસને રજા આપી દન-

જરી તણા તંબુ જઈ કરો, એકેક ગાઉને છેટે ધરો. કીનખાપ મુખમલના સાર, જમીન ઉપર પાથરો નીરધાર; તસુ જગા કાંઈ ખાલી નહી, જાઓ કરો તે વેગે જઇ. એવાં અપ્સરાનાં સુણી વચન, સજ થયાં સઉ રાક્ષસ જન; દેવતાઈ માયા મળી તેની વાર, ધારી વસ્તુ કરે તે ઠાર; દેવ રચના કરી તે ઠામ, કીધા તંબુ નઉતમ ધામ; ખાનપાન ભર્યાં તે જાગ, આવીને લાગા પાગ. સીધ કામ કરીઆવ્યા અમો, જેજે ફરમાવ્યું તુ તમો; તેવાં વચન રાક્ષસનાં સુણી; અપ્સરાએ મુખ વાણી ભણી. કહ્યા પ્રમણે કીધું તહી, મળી બેઠી અપ્સરા ગઈ; વળી કદાપી પડે જો કામ, તોતો સમરજો આણે ઠામ; એમ કહી અપ્સરા જાય, રાજકુંવરને હરખ ના માય. દેવ રચના મારગમાં થઇ, એવી રચના નવ જાએ કહી; રંગી બેરંગી પાથરીઆં પાટ, સોભી રેહી રસ્તાની વાટ. લોક જોઇને આવ્યાં તહી, રાજકુંવરને વાતજ કહી; હવે વાત અહીંથી રહી, વજીર ગયો ત્યાં શી ગત થઈ. જઈ જલદ રાજાને પાય, સઘળી વાત કહી ત્યાં રાય; મેહેલ બાગ રાજાનું રૂપ, ઈંદ્રપુરી ઇંદ્રાસનનો ભુપ. તે શીવાય કોઈ બીજુ નહી, તમને કહુ નીશ્ચે કરી અહી; નથી તેને કોઈ સાથે વેર, આદરમાન આપે બહુ પેર. સફળ જનમારો માહારો કરી, તમ પાસે આવ્યો પાછો ફરી; નીમક હલાલ કરવાને કાજ, નહીંતર ત્યાં રેહેત માહારાજ; એવાં વચન વજીરનાં સુણી, સભા સઉ અચરત થઇ ઘણી; રાજા રીઝ્યો અતીસે કાય, આણંદ તેના અંગ ન માય.

દુહા.—ગુલબંકાવળી પણ છે તહી, સભા તણે મોજાર; તેણે વાત સહુ સાંભળી, કરવા લાગી વીચાર. તે નરતો નીશ્ચે સહી, મારા ફુલ તણો હરનાર; જોવી રચના મારે ત્યાં

જઈ, એમ નીશ્ચે કર્યું તે ઠાર. ત્યાં જલદ રાજા રીઝ્યો, જોઈ મેહેલને બાગ ધન ધન તે નરને સહી, જેણે રચના રચી અથાગ. વજીર વખાણ કરે ઘણું, જોઇયે તેતો આ ઠાર; એમ સ્વારી તઇયાર કરી, ઘડી એક મોઝાર. એવાં વચન સુણી રાયનાં, હલકારા દોડ્યા ચોપાસ; ઠામ ઠામ જાહેર કર્યું, સેનાપતીને વાસ. ઉમરાવ અમીર સરવે મળી, થયા ઘોડે સ્વાર; હસ્તી સહીત ટોળે મળ્યા, રાજાને કર્યો જુહાર; છડી સ્વારીએ નીસર્યા, માણસ એક હજાર, રસાલો સહુ પોતા તણો, નીસર્યો શેહેરની બાહાર; અમીર સહુ પોતા તણા, વજીરને કોટવાળ; પુત્ર ચાર સઉ પરવર્યા, જોવા કારણ તે ઠાર. ગુલબંકાવલી મરદ સહી, તેનું બહુ પ્રાક્રમ; રાજા ચાલ્યો જોખમાં, ઘોડા ઉપર અસવાર. પુત્ર ચારે મુખ્ય આગળે, છત્રીસ વાજાં વાય; ઘણી શોભાથી પરવર્યો, જોવા કારણ રાય. રાજાને હરખ ઘણો, ક્યારે જોઉં એની ક્રયા તીરવા બે ત્રણ ચાલીયો, ત્યાં દીઠો નઉતમ ધામ; બીછાનાં નાંખ્યાં મુખમલનાં, દીઠા તેણે ઠામ; તંબુ દીઠા જરી તણા, જાણે ઝળકો બાણ; જરી મંજરી કસબી તણી, ઉદેકાર ઉદયોત. જોઈ રચના વીસ્મે થયો, બીછાનાં અમુલકે જોત. તંબુ તણી ઉપમા શી કહું, ઈંદ્ર સમી સમતુલ્ય, હરખ ઘણો થયો રાયને, જોતામાં છે અમુલ. વજીર પ્રતે વાણીકહી, તમે બાર કોશ કહો મુકામ; ત્યારે આ શોભા કોણે રચી, દેવપટ મુકામ; રચના ત્યાં નઉતમ થઈ, અચરેજ થયો વજીર આ નઉતમ ખેલ નવો થયો, કાલે નોતુ આણે તીર.

ચોપાઈ.—એમ કરતાં ચાલી આવ્યા પાસ, ચરણે આવી નમીયા તે દાસ; કરજોડીને બોલ્યા તે દીશ, જલદ રાજાને નમાવ્યું શીસ. આ વીશ્રામ ઠામ કર્યા તમકાજ, એ

સ્થળે વીશ્રામ કરો મહારાજ; ઘડી એક ત્યાં સુખીયા થાઓ, પછી ત્યાં મળવાને જાઓ; આગતા સ્વાગતા તમારી કીજીએ, લાહાવો લાખેણો લીજીએ; એમ કહીને લાગ્યા પાય, રાજા મનમાં અચરત થાય: અસવારી રાખી તે રાય, પોતે ગયા તંબુની માંય; સોભા જોતાં અચરત થયો, કોહો ભાઈ આતે શું કહો. અચરત પામ્યા સઘળા લોક, સમયા તેના મનના શોક. કવી કહે શું કહું કથી, સોભાનોતો પારજ નથી. સંક્ષેપે કર્યો વિસ્તાર. એથી સોભા બીજી અપાર. દેવતા સરખા તહાં વીસમે થાય, સહુ રચના જોઈ તે રાય; ખાન પાનને મેવાને ફુલ, સુગંધ બેહેકી રહીછે અતુલ; જલદરાય બેઠા ત્યાં જઈ, જાણે ઈંદ્રની સોભા છે તહીં; ચાર ઘડી ઠ-રયા તે ઠાર, પછી સ્વારી કરી તઈયાર; ત્યાં આબરૂ મુજને-દીધ, સફળ જનમારો મારો કીધ; કયારે જોઈશું એનું મુખ, ધન ધન એની માની કુખ; એમ કહીને નીસર્યા બાહાર સરવ લુટાવી દીધું તે વાર; મુખમલ બીછાના જરીના કામ, સરવ લુટાવ્યું તે ઠામ; રાંક લોક સઉ નાહાલજ થયા, જ-લદ રાજા સઉ વીસમે ભયા. ઈંદ્રાપુરી આકારે કામ, અનર ગલ બેઠા હશે દામ. ગણીતમાં કાંઈ આવે નહી, કેમ લુંટા-વી દીધું અહીં. ત્યારે ચાકરે જોડ્યા હાથ, અરજ કરી બો-લ્યા તે સાથ. તમારે મન અમુલખ સહી, મહારા રાજાને વી સાતમાં નહીં; સુના રૂપા ઝવેરને લાલ, હીરા મોતીને પરવાળ. સફાટીક મણીને લીલા મણી, જડીત મેહલની સોભા ઘણી; તેને મનથી ત્રણા માત્ર, તમ ઉપર કરૂ ખેરાત; એ હુકમ પ્ર માણે કીધું અમો, સુખે આગળ પધારો તમો; અચરત પા મ્યા સરવે જન, વળી આગળ ચાલ્યો રાજન; ઝળકારે ઝ-ળકારો થાય, તેથી રાજા ઘણો અકળાય.

દુહા.—જળદ રાજા અચરત થયો, વળી આગળ ચાલ્યો જાય; એક કોશ વળી ચાલીયો, ત્યાં દીઠી વળી રચનાય. અમાણું કામ પેલા થકી, બીછાના સુભ અમુલ્ય; તેની રચના શી કહુ, સુરજને વળી સમ તુલ્ય; જળહળ જોતા જળકી રહી, ઘણા ચીત્ર વીચીત્ર કામ; રાક્ષસ જાત સરવે મળી, તેણે કીધા દંડ પ્રણામ; આગત સ્વાગત ઘણી કરી, દીધું ઘણું એક માન; અગીલ બરાસને મેવા ફુલ, મેવા ફળને પાન; એક ઘડી તેમાં કરી, વળી ત્યાંથી નીસરયા બહાર. તે પણ લુટાવ્યું સહી, ઘડી નવ લાગી વાર; ત્યારે રાજા મુખથી બોલીયો, સુ કરોછો આ કામ, મારા ખાવંદના હુકમથી, તમપર ખેરાત આ ઠામ; કરી ગણતરી એની નથી, નથી ખજાને ખોટ; હીરા ઝવેરના ઢગલા બારણે, તેને શી વાતની ખોટ; એ હજુરી રાયની, નથી દીઠી તે રચનાય; લુટાવી દીએ એક પલકમાં, તે જોઇને વીસ્મે થાય. એમ વાત કરે તહી, આણંદ અંગ ન માય; તાજલ મુખને ખબર થઈ, કે આવ્યા મુજ પીતાય.

ચોપાઈ.—ઘણું પ્રસન થયા તે વાર, પોતે સ્વારી કરી તઈયાર; મળવાને સામા પરવરયા, હરખ ધરી પોતે સંચરયા; દીવ્ય વસ્ત્ર સજ્યા સણગાર, શોભા કેતાં નવ આવે પાર. કામ દેવ સરીખુ રૂપ, ઇંદ્રના સરખો દીસે ભુપ; ચડી સ્વારીએ આવ્યો તહી, એક કોસ સામો તે સહી. તે જલદ રાએ જાણી વાત, રૂવે રૂવેથી થયો રળીયાત; ધન ધન મારે આજનો દન, પ્રમેશ્વર થયો પ્રસન; ઘેર બેઠે ગંગા મળી, જોતામાં પાપ જાશે પરજળી. મારા પુન્ય તણો નહી પાર, સામો મળવા આવ્યો આહાર; એમ વીચાર કરેછે રાય, રાજકુંવર ઊભા છે તાંય; જાણે બીજો દીનકર સુર; એવું ઝળકે

મુખપર નુર. સભા સરવે ઝાંખી થઈ. કોઈથી સામુ જોવાય નહી. જાણે ચીતરામણ લખીઆ ભીત, એમ થઈ ગવાં સઉનાં ચીત. જલદરાજા ઉઠયો તેની વાર, આવ્યો અન ભેટી કરચો જુહાર; પ્રેમ આલીગન દઈને મલ્યા, દુખ હુંતાં તે ટળ્યાં; રાજકુંવરે કરી વીનતી, ભલેં પધારચા પ્રથ્વી પતી; ભલે પધારચા આણે ઠામ, પાવન કરો આવી મુજ ધામ. સરણે આવ્યા તમારે આજ, પુરણ ભાગ્ય અમારે કાજ. રાંક જાણી કરૂણા કીજીએ, જસ મહીમા અમને દીજીએ; કરૂ શેવા હું રૂડી પેર, આજ પધારો મારે ઘેર. સેના સહીત ચાલો મુજ સાથ, એમ કહીને જોડ્યા હાથ; તેમ તેમ રાજા અચરત થાય, એ સાચુ કે સ્વપનું કહેવાય. અંગાવલી સર્વે જુવેછે ખ્યાલ, તે પણ મનમાં થઇ ખુશાલ; એ નર શીવાય બીજો નહી, જોઉ ચરચા શું થાય અહી. એમ જોઈ સઉ અચરજ થાય, ઉઠી તાંહાંથી શરવ સભાય; અસ્વારી થઇ તઇયાર, આગળ રાજા પાછળ રાજકુમાર. છત્રીસેં વાજા વાજે સહી, બીજી સોભા નવ જાએ કહી; એ રીતે આવ્યા પુર પાશ, જાણે શોભા સુરજ પ્રકાસ.

દુહા.—દીઠી રચના ત્યાં દેવની, ઉદેકાર ઉદ્યોત; જાણે કોટી સુરજ ઉદે થયો, જાણે જલહલ જોત; બાગ બગીચા રાવઠી, જાળી અટાલીને માલ, કાંમ બાધુ સુના તણું, માટે જડ્યા હીરાને લાલ; ધર કોટને કાંગરા, સુના કેરા તે ઠાર; દશ કોસની વસ્તી તહીં, તે સોભા અપરમપાર. વરક્ષ ઝાડ ઝળકી રહાં, સુના રૂપા કેરા વીલાસ; માણેક લાલ લીલામણી, ને શારૂ ઝળકે લાલ. કવી કહે શું વરણવું. દેવતાઈ સઘળુ કામ; સીસી રચના તેની લખું, એ રચના એ ઠામ; દીગમુઢ સઘળા થઇ રહા, એ કારણ શું કહેવાય. અવતાર

સફળ સઉના થયા, એમ કહીને જોતા જાય; જોતા ચાલ્યા સહુ, ગલી કુચીને બજાર. બાગ બગીચા રાવટી, આવ્યા મેહેલમાં તે ઠાર; રાજકુવરે હુકમ કરયો, હીરા બાગ કરો તઇયાર. ઉતારો તેમાં રાયને. તેમાં સોભા અપરમપાર; જાણે કોડીદીપક પ્રજાળીઆ, જાણે ઝળકી હીરાની જોત. બીજી રચના તેમાં ઘણી, ઉદેકાર ઉદ્યોત; જરીનાં બીછાના તકીઆ તાંહાં, તેમાં પણ હીરાનાં કામ. બેસાડયા તેમાં રાયજી, જાણે ઇંદ્ર સોભા તે ઠામ; ફુવારા જારી કરયા, ગુલાબ અતર જાંહાં. શેહેર ધારા છુટે તહીં, સુગંધ બેહેકી રહી તાંહાં; બીજી ખુશબોનો પારજ નથી, તરેહ તરેહનાં તેલ; ભરી છાબ તાંહાં પુસ્પએ, થઇ રહી રંગની રેલ. ભક્ષ ભોજન મુકયાં ઘણાં, મેવા ફળ પકવાન; એલચી પાંન મુકયાં ઘણાં, ભરી મુકયાં તાંહાં પાન. આગતા સ્વાગતા કીધી ઘણી, કરાવ્યા અમરત અહાર; રાગ રંગ પછે ત્યાં થયા. ગુણકા નાચે તે ઠાર; આણંદ સઉને અતી ઘણો, ખુશાલી સઉને અંગ; ગુલબકાળી મનમાં દુખ ધરે, તેનો કહુ મહીમાય.

ચોપાઇ.—ગુલબંકાવલી ધરેછે દુખ, ઉતરી ગયુંછે તેનું મુખ; એતેશું કારજ કીરતાર, મારી શઘળી રચના આકાર; મેહેલ બાગ બગીચા સહી, કોણ ઉચકી લાવ્યું અહીં; મરત લોકમાં એ કેમ થયું, એવું દુખ કોણે મુજને કરયુ. એ રીધસીધ મારી સહી, કેમ કરીને આવી અહીં; માટે ફુલ તણો એ નીશ્ચે ચોર, આ દુખ કેમ કરૂ ઘનઘોર; એ કઇ પ્રકારે લાવ્યો અહી, મુજનેતો અચરજ સહી; એમ ઘણી દુખીઆરી તે થઇ, પછે પાંચ પરી તેડી તહીં. ગુપત કરી તે સાથે વાત, આનો મોટો થયો ઉતપાત સરવ;

વસ્ત આપણું આવ્યું આંય, એતો કારણ શું કહેવાય; આ દેવતા કેરો કોપ, આપણો દેશ થયો અલોપ: મતી ભ્રંમ થઈ પડી આપ, નથી સુજતો એકે ઉપાય; તમો જઈને જુવો તહી. આપણી વાડીછે કે નહીં, ચાર ઘડીમાં લાવો તપાસ, પછી ફરી આવો આ વાસ. વચન વીનતાનું મુસ્તક ધરૂ, ગગન મારગે પ્રઆણજ કરૂ; ઉડતી વીદ્યા તેને શી વાર, પવન પેહેલાં જાઓ તે ઠાર: એવો પરી તણો મહી માય, ચાર ઘડીમાં પોતા તીયાંય; બંકાવળીનાછે જે ધામ. વળી સરવે જાહાછે મુકામ; ફરી વળી તે ચારે પાસ, દીઠી રચના પોહોતી આસ; રતીભાર કાંઇ ઓછું નથી, ધારીને જોયુ સરવથી; તાંહાં નીસા પોતાની કરી, પછી ઉડી ચાલી સુંદરી; ચાર ઘડીમાં આવી તે ઠાર, ગુલબંકાવળીને કરયો જુહાર: આપણી વાડી મેહેલને બાગ, સરવે અનામત છે તે જાગ; ચારે ખુણે ફરી આવી અમો, ચંતા મનની તજો તમો. તાંહાને આંહી અંતર નથી, એ નીશ્ચે વાત સાચા સરવથી, એ પ્રભુ તણો માયાનો નહી પાર, કોઇ દેવતાએ રચ્યો આકાર; એવાં વચન સુણીં તે ઠાર, તારે હરખ પામી અપરમપાર. ચરચા જોવા બેઠી તહી, હાસ વીનોદ થાએછે સહી. ઘણી ખુશાલી તેને મન, નચીંન થઇ બેઠાં સહુ જન. રાજકુંવરે પછે કાડી વાત, ભાગવા સઉના મનની ભરાંત.

દુહા.—ત્યારે રાજકુંવર મુખ બોલીઓ, સુણીયે રાયજી વાત; હકીકત તમારી કહો, ભાગે મન ઉચાટ; રાજ રતી શી રીતે કરો છો, પ્રજા તણા પ્રતીપાળ; નારી ફરજન તમ ને સહી, તે કહો માંડીને વાત; પ્રધાન તમારે ડાહ્યો હશે, કોટવાળ હશે તેણી વાર; તે સરવે કહો તમો, પછે અમે

કેહેશું આમ વાત, ત્યારે જલદસીંગ પછે બોલીયો, સાંભળો રાયજી વાત. એ હકીગત માંડી કહું, ચીતમાં લાવો ખ્યાત.

ચોપાઈ.—સુણો રાય ચતુર સુજાણ, ખતરી તણા છે એ સનતાન; રાજ ચલાવુ રૂડી પેર, ઘણી આબખત છે મારે ઘેર; પ્રધાન કોટવાળ છે રૂડી રીત, તે ઘણા ડાહા છે ચીત; ઘરમાં તરૂણી છે એક, તેને પુત્ર ચારવીવેક, તે પુત્ર અમારા આગળ સહી, તેના ગુણનો પારજ નહી; કામ કહ્યુ કરે છે તરત; નથી લાવતા મનમાં ગરવ;

દુહા.—ત્યારે રાજકુંવર પછે બોલીઆ, કહી તમોએ સત્યજ વાત; ચાર પુત્ર તમો કહો પણ મે સાંભળ્યા પાંચ; તમોજે ચાર કહોછો સહી, તે અચરત શરખી વાત, પાંચમો પુત્ર કહો કયાં ગયો. સાચુ કહો વીખ્યાત; જલદસંઘ ત્યારે બોલીઓ, સાંભળો રાયજી વાત, પાંચમાની વાત કહેવાની નથી. તેમાં ઘણો ઉતપાત; જન્મ થયો તે પુત્રનો, જોશીએ કરયો વિચાર; આ પુત્રને જોતાં અંધ થશો, એ અચરત સરખી વાત. માટે દેશવટો દીધો એ પુત્રને, કહાડ્યો જંગલ મોઝાર; વજીર સાથ પરવર્યો, રક્ષા કારણ સાથ; ત્યારે રાજકુંવર પછી બોલીઓ, કેવું હતું તેનું રૂપ; નામ તેનું શું હતું, તે વીસ્તારી કહો ભુપ; જલદસંગ ત્યારે બોલીઓ, શું જાણું એનું નામ; વજીરને પછે તેડીઓ, સાચુ કહો આ ઠામ; તે વજીર આવી ઉભો સહી, કરજોડી કરયો પ્રણામ; શું ફરમાવો છો રાયજી, એમ કહીને નમ્યો તે ઠામ. રાજકુંવરે પછી ઓળખ્યો નીશ્ચે વજીર કહેવાય; એણે પાળી મોટો કરયો, એ વાતમાં નહી સંદેહ; ભણાવ્યો ગણાવ્યો છે મુને, કીધો ઘણો ઉપકાર; એમ વિચારી મન વીષે, પુછ્યુ સભા મોઝાર; પાંચમો પુત્ર રાજા તણો, તે સુપ્યો તમને જાણ; તેનાં નામ

કળા ગુણ ચાતુરી, ધારોને કહો મંડાણ; પછે વજીરે માંડી કહ્યું, જે પુરવે હતી વાત; તે સાંભળીને હરખીયા, ખુસી થયા સહુ સાથ; ત્યારે વજીર કહે સહુ સાંભળો, કહુ અચરજ એકવાર; પાંચમો પુત્ર જે હતો, તેવો છે આ રાજકુમાર. એ કાનતી ચતુરાઈ તે તણી, રૂપ રાગ ને રંગ; મેં પરીક્ષા એની કરી, પાંચમો પુત્ર એ સંગ. મારા પુન્યથી ઓળખ્યો, સાચી કહુંછું વાત; મહારાજ એ ખોટી કહો, વસ્તારી કહો વાત.

ચોપઈ.—નીસાની એધાણી સહુ મળી, મળ્યા અન્યો અન્ય પોતે રળી. તમને મળવાને તેડેછે તહી. વેગે કરીને આવ્યો વહી. એવાં વચન સેવકનાં સુણી, ખુશાલી વાધી મનમાં ઘણી; તે વીનતા તણું ઘણું દુખ, જોવા ચાલ્યાં મા પુત્રનું મુખ. વધામણીમાં આપ્યા સણગાર, સુખપાલ ઉપર બેઠા તે ઠાર; માતા પુત્રને મળ્યાં તહીં, શોભા જોતાં દીગમુડ થઈ. રાજકુંવર જઈ નમીયો પાય, હુતો પુત્ર તું મારી માય, દીઠુ મુખને દુખ ગયું વીસરો, રૂવેરૂવેથી રાણી ઠરી, માત પીતાને બીજા ભ્રાત, કરવા લાગ્યા ગુંજની વાત.

દુહા.—માત પીતા મુખ બોલીયા, કુળ તારણ તુ તન; પરણાવીએ તુને પદમણી, વીનતા રૂપ રતન. સંસાર તણુ સુખ ભોગવો, ઘણું દુઃખ પાંમ્યા રાય; એમ કહીને રોઇ ઘણું, ભરે આંખ્ય તેની માંય; અરે માતાજી ચંતા તજો, બે પરણ્યોછુ નાર. એનો દાસી તમ તણી, કોહોતો લાવુ આ ઠાર. અરે માત પીતા હરખ્યા ઘણું, જોવા ઇછુછુ મુખ; દીકરા દેખાડો વહુ મુજને, તો તો જાએ દુઃખ. સજન સહુ ટોળે મળી, એમ કહેછે વારંવાર; વહુ જોવા ઇચ્છે સહુ, તે દેખાડો આ ઠાર. રાજકુંવર ગયો મેહેલમાં, જ્યાં વીનતાનો વાસ. ચરણે લાગી બેઉ ચંતની, સનમુખ ઉભી

કુપાસ; માત પીતા મુજ પાસે આવીયાં, મળવા કુટુંબ પરીવાર. તમને મળવા તેડે તહી, માટે આલો બંને નાર; ચક નાંખીને બેસજો, નવ દેખાડશો કાય. ત્યારે તમને પુછશે. મારા માત પીતાય. હોજબ પડદો શો મુજ આગળે, તમો ફરજન થયાં આજ; ખોળે બેસો આવી કરી, મા બાપની શી લાજ; તે વારે તમે મુખ બોલજો, અમારો સફળ અવતાર. તમારા દરસનની ઇછા ઘણી, ચરણે નમું આ ઠાર; ગુલામ હમારા ચારછે, અહીં તેને કેમ દેખાડું મુખ. એવું સીખવીને આવીયાં. જ્યાં બેઠા માત પીતાય; સજી સણગાર આવ્યા તહી, મેમુદા લાખી બે નાર. ચક નાંખ્યો ત્યાં દશીએ, બેઠી પડદે બે નાર; તારે રાજા રાણી બોલીયાં, તે વેળા તે ઠાર. હાસ વચન મુખ બોલીયા, શીદ ધરો છો લાજ; તમો પુત્ર સમાનછો. આવીને બેસો આજ. આ કુટુંબ બેઠાછે સહી, નથી અતરાપી કોઇ અન; માટે આવો નીરભે થઇ, એમ બોલ્યાં રાણી રાજન.

ચોપાઈ.—ત્યારે લાખી બોલી તહી, તમે કહ્યું તેમાં સંદેહ નહી; માત પીતા તણી શી લાજ, પણ એક અચરજ સંભળાવું આજ; ચારે પુત્ર તમારા સનમુખ, તેને નહી દેખાડું મુખ; મારા દેશમાં આવ્યા એહ, રમત રમવા આણી નેહ. હાર જીતની પાડી હોડ, રમવા માંડું તે ચારે કોડ; એ સરવસ હારયા મારે ધામ, છેલી બાજીએ થયા ગુલામ. બાર વરસ મજુરી કરી, ચતુર વરજીત હું વરી; કર જોડી ઉભા મુજ પાસ, માગી રજા આણી ઉલાસ. બાર વરસ ગયા વહી, હવે રજા આપો ઘેર જઇએ સહી; જાણે દીધું જીવત દાન, લાચાર થઇ બોલ્યા એ વાણ. માત પીતાને મળીએ જઇ, કરજોડી એમ વાણી કહી; ઘણી વીનતી

મારી કરી, પછી ગુલામી દાગ દીધા સહી. અંગા ઉપર દીધો સહી, એ વાતમાં સંદેહ નહી; નહીતર બોલાવી પુછો તાત, પછે માનજો સાચી વાત. જોઇને કહાડી મુકો તમો, તો તો આવી મળીએ હમો; એ વાતનું મોટું દુખ, ગુલામને કેમ દેખાડું મુખ. ઇશ્વરની આણ એ સાચી વાત, ન માનો તો જુઓ સાક્ષાત; અચરેજ પામી સજનને તાત, આતો અચરજ સરખી વાત. તે ચારેજણ શીરમીદા થયા, નીચુ જોઇને ત્યાં ઉભા રહ્યા; માનભંગ થયા તે વાર, નીચું જોઇને નીશરયા બાહાર. ભાન્યો તેહ તણો હંકાર, પછી ચકથી નીસરા બાહાર; જાણે વીજળી ઉતરી આકાસ, તેથી રૂપ ઘણું પ્રકાશ; દેવરૂપ વેશ ધરી કરી, બંનો નારી ત્યાંથી પરવરી; સાસુ સસરાને લાગી પાય, કરજોડી ઉભી તે જાગ; અમો દાસી તમારી આ ઠામ, જે ફરમાવો તે કરીયે કામ; રાણીએ કર મુકયો શીશ, અખંડ શોભાગ દીધી આશીસ; પદમણી સ્ત્રીમાં કોણ માત્ર, ઘણી નાજુકને ગોરૂ ગાત્ર; ત્રપત થયાં જોતામાં મન, ઘણી ખુશાલી દીધી તે દન. રાજા રાણીએ આપી રજાય, રાજસભામાં જઇ બેઠા રાય; પાંચમાં પુત્રને પાસે લેઇ, પછે મેહેલમાં વીનતા ગઇ; શું વીત્યું ભાઇ તમારી કાય, તે સહુ વીસ્તારીને કહો આંય; ત્યારે રાજકુંવરે શાબળી તીહાં કીધ, રાજાએ સુણી સરવ લીધ. વાત સાંભળી અચરજ થયાં, પછે રાજાએ બોલજ કહ્યા; પછે ચાર પુત્રને બોલાવી કરી, ચતુરાઇ ભલી તીહાં નમોકરી. ન આપત ફુલ તો ઘાતજ થાય, તાહારે ઘસવા પડતે હાથ.

દુહા.—હવે વચન કુવરનાં સુણી, અચરજ પામા મન; ધન ધન તારી બુધને, વળી પરમેશ્વર પ્રસન. તે નામ વધા

રેયું પુર વીષે, ઓશીગલ શું થાઉ આજ; તેં દુખ વેઠયુ કાય ઉપરે, ને ફુલ લાવ્યો મુજ કાજ; સાબાશ સાબાશ સહુ કેહે, વરણ અરાઢે લોક; માગી રજાને પરવરા, સમીયા સહુના શોક; પછે જલદ રાજા બોલીયો, પુત્રની સાથે વચન; સીરકુસ્તાન આવો તમો, તો હરખે મારૂં મંન; રાજ પાટ આપુ તમને, તેથી રેહેશે મુજ નામ; માટે સાથે આવો તમે, એમ બોલ્યા તે ઠામ; ત્યારે રાજકુંવરે વીનતી કરી, એમ કેમ થાએ કાજ, તમ છતાં અમે બેશીએ, તો થાય કુળને લાજ; નીત મળવાને આવશું, ને રેહેશું આણે ઠામ; એમ કાહીને ચરણે નમો, પીતાને રાજકુમાર; જલદ રીઝ્યો અતી ઘણું, પુત્રનાં સુણી વચન; રજા માગીને પરવરયો, પુર વીષે ત્યાં રાજન. ત્યાં નીરગોપ નીશાન ગરગડે, ગગન વીષે તાંહાં જાય, પુર વળાવી પરવરયો આણંદ અંગ ન માય. રાજપાટ રાજાજી કરે, કુંવર રહા તે ઠાર. એ વાત રહી એટલે. વળી બંકાવલી શુ કરે વીચાર; ચરચા તેણે સઘળી જોઈ, લીધો સઘળો પાર. ધન ધન છે એ નરને, એમ મનમાં કરી વીચાર. એવાં પ્રાકરમ એણે કરયાં, તે કરી ન શકે કોઈ; મરત લોકનું માનવી, ઈંદ્ર શરખી કાય, ચતુરાઈનો કાંઈ પાર નથી, એવી જોડી નથી જુગ માંય, વરત ભંગ મારૂ કરયું, એણે ઝાલ્યો મારો હાથ. વળી વીંટી પારી હરી ગયો, ધન ધન એની જાત, માટે એ નરને હું વરૂ, એહેવો નથી સંસાર; એમ વીચારી મન વીષે, કાગળ લખ્યો તે ઠાર; વીંટી રાજકુંવર તણી, ઘાલી ગયો હતો જે હાથ; બંનો વાનાં મોકલ્યાં, સમેદર પરીના સાથ; આ આપી કરી આવો તમો, રાજકુંવર છે જ્યાંહાં; પ્રતી ઉતર લાવી કરી, આવજો હું છઉ ઈંહાં.

ચોપાઈ. એમ કહી ચાલી તેણી વાર, જ્યાં પોતાનો હુતો ઠરાવ; જીવ રેહા રાજાની પાસ, ક્યારે પોચશે મનની આશ. દાશીને સોપી ગઈ કામ, તે તો ગઇ રાજાને ધામ; વીંટી કાગળ આપો તહી, એકાંત જાગ બેઠા છે સહી; અચરજ પામો મન મોઝાર, વીંટી દીઠી પોતાની તે પાસ; ત્યારે ગુલબેકાવળી સાંભરી તહીં, તેના કરમાં ઘાલીતી લઇ; નખ શીખથી હરખ્યુ અંગ, મોહ પામો થયો મન ભંગ; વાંટી જોઇને વ્યાકુળ થયો, તે વીનતા પ્રત્યે બોલજ કહો; કોણે મોકલી તુજને નાર, ક્યાંથી કાગળ લાવી આ ઠાર; ત્યારે તેણે જોડ્યા હાથ, પ્રતી ઉતર કરચા તે સાથ. ગુલબેકાવલી પરીનું નામ, તેણે મોકલી આણે ઠામ; વીટી નીશાની તમો લીજીએ, આ કાગળનો ઉતર દીજીયે. હેવાં વચન વીનતાનાં સુણી, ખુશાલી વાધી મનમાં ઘણી; કાગળ લઇ રૂદીઆશું ધરી, વાંચવા માંચયો હેતજ કરી;

દુહા —પ્રતીઉતર પાછો લખ્યો, એ સઘળી સાચી વાત; ફુલ લીધું તળાવથી, જોયો બ ગ શાક્ષાત; સાતમે મેહેલ હુતો ચડ્યો, ત્યાં દીઠી તમને નાર; પગથી તે શીખા સુધી, મેં શોભા જોઇ અપાર; નીંદ્રાવશ તું તારૂણી, મેં નીરખી તારી કાય; મોહ બાણ વાગ્યું સહી, મારા રૂદીઆ માંય. આશકનું ચાલે નહીં, હાસ કરયુ લગાર; દીલ નહી રાજી તેહનું, તો મારી નખાવે તે ઠાર. કદાપી માહાસુક રીઝીએ, બખસે તન મન ધન; નમી સીત આગળ ધરે, કરે તે મન પ્રસન. એ પ્રમાણે એ વાતમાં, નીશચે કરૂ એ વાર. વીંટી બદલી મેં તજ્યો, તરત તમારો ઠાર. જો માસુક રીજશે મનમાં, તો કરશે ભેદ અપાર. જમીન ફોડીને પરવરે, નવ ડરે લગાર. એ વખત ત્યાં આવીય, ઘણી ચતુરાઇનું કામ.

હવે એ સેહેલું નથી, મૂશકેલ છે આ કામ. કીરપા દ્રષ્ટી હશે તમ તણી, લખીત પદારથ હોય. તો તો મળશું એકઠાં, તેને કળી ન શકે કોય. એમ લખીને પત્ર આપ્યું તહી, સ મેદ પરીને હાથ; ગગને તે ઉડી ગઈ, ચાલી પોતાને સાથ. પછે બંકાવલી કને ગઈ, ચરણે નામું શીશ; કાગળ મુખ આગળ ધરો, તે વેળા તે દીશ. પ્રસન થઈ તે મનમાં ઘણી, ઉમેદ વાધ્યો મન; ઉકેલીને વાંચીઓ, હરખ ધરીને મન. પત્રી ઉતર વાંચી કરી, પ્રસન થઈ ઘણી નાર; ધન એ પુરૂશની ચાતુરી, ધન ધન મુજ અવતાર. તે નરને તેડુ અહી, બત્રીસ લક્ષણ મુજ જોડ. પરણીને થાઉ પ્રેમદા, તો પોહોચે મનના કોડ. આશકનું ચાલે નહીં, માશુક આગળ લગાર, માટે વીંટી મુકી ગયો, ધન ધન રાજકુમાર. તેડાવું તે નરને. રશીક રઢીઆળુ મુખ; હવે જોવું એનું પારખું. તેડીને ભોગવીશ સુખ.

ચોપાઈ.—હેવું મન વીચરી કરી, સાહેલી સાથે વાણી ઓચરી; અબોલાને લાવો અહીં. તેથી કામ થવાનું સહી. સુણી વચન ગઈ તે દાસ, ગાલી અબોલા કેરી પાસ; મુખ થકી તેણે વાણી કહી, ગુલબંકાવલી તેડે તહી. માટે ચાલો મારી સાથ. એવી મુખથી કહીને વાત. અબોલા મુંજવા લાગી મન, કંઈ આવ્યું શીર વીઘન. મનમાં હીમત બહુ ધરી, ચાલી સાહેલી સાથે પરવરી; ગઈ બાગમાં વીનતા પાસ, એક અબોલાને બીજી દાસ. રૂદન કરતાં દીઠી નાર, મુખ ઉતરી ગયું તે વાર. શું દુખ તમને થયું છે માત, મુજને કહોને સાચી વાત. જે ફરમાવો તે કીજીએ, હુકમ તમારો શીર લીજીએ; સી વાતનું તમને દુખ, વીસ્તારીને કહોને મુખ. ત્યારે બંકાવલીએ વાણી ઓચરી, તે મુજને દુ-

ખીઆરી કરી; રૂવે રૂવેથી બળુઃખું અમો, તે વહની સંગ- ગાથી તમો. જમાત્ર કરીને રાખ્યો પાસ, તે નરને લઈ આપો આ વાસ; તન મન તે મહારા પ્રાણ, તેણે વિજોગે દુખી- આરી જાણ. તે નરની મુંજને વહતી થઈ, એમ બંકાવલી બોલી તહી; ભોગવું તે નરની કાય, ત્યારે હઈડું સીતળ થાય; તે ઉપર જાય સઘળુ દુખ, શું વીસતારીને કહીએ સુ- ખ; દુખ તજો તમે મનથી આજ, લાવું ચાર ઘડીમાં રાજ; એવું કહી અબોલા ગઈ, મન વેગે જઈ ઉભી રહી; વાયુ રૂપ તેને શીવાર, જઈ કરી ઉભી તે ઠાર; રાજ- કુંવરનું હરખ્યુ મન, ચરણે નમી બોલ્યો વચન; માતાજી પધાર્યાં તમો, પ્રસન થયા છઈએ અમો. ત્યારે હશીને અબોલા બોલી વાણ, ખુસાલી લાવી ચતુર સુજાણ; પુ- રવ જનમનું તાહારૂં પુન્ય, બંકાવલી તુજ ઉપર થઈ પ્રસન; તન મનથી ભજેછે તુને, તેડવા કારણ મોકલ્યાછે મુને. નેવનાં પાણી મોભે જશે, તે વીનતાતો તારી થશે. રાજ- કુંવરતો થયો રળીઆત, એ તુજ પરતાપે મહારી માત; ગગન મારગે ચાલી ગઈ, ત્યાં તો વાત એક વીપરીત થઈ. તેની માતાએ જાણ્યું સહી, તે મળવાને આવી તહી.

દુહા.—પુત્રી પાસે તે જઇ કરી, તે બોલી મુખથી વાણ; ઘણા દીવસ તું માહારી દીકરી, તું ક્યાંથી આવી જાણ. સુનો બાગ તમારો થયો, મે શાંભળી એવી વાત; તે કારણ આવી અહીં, સાચી કહેને વાત. ક્યાં ગઈતી તું દીકરી, મુકીને આ ઠામ; લંછન લાગે કુળને, તેં કીધું એવું કામ. મરત લોકનું માનવી, તે ઊપર થઇ રળીઆત; તું ગઇ વસ્તીમાં તારૂણી, મેં એવી સાંભળી વાત. કુળને કલંક લગાડવા, તું અવતરી મારે પેટ; ધીક અવતારતે તાહરો, માહારૂં જમ્મારૂ ઉઠયું

વેઠ, આપણ અપછરા ઈંદ્રની, ગાંધરવ લોક અવતાર; માનવ કશા લેખામાં નહી તે નવ કરેચો મન વિચાર. એમ કઠણ વચન ઘણા કહ્યાં, તે સરવે સાંભળ્યાં કાન; હું તો કાંઈ નથી જાણતી, કોઇ પુરૂષની વાત. પછે મુખથી ઓચરી, માતાને દઈ માન; જુઠું આળ મુકો મને, તો હું કરીશ દેહ ની ઘાત. જીવને કરાર હતો નહી, નવ ગમ્યું આ ઠાર; રમવા કારણ પરવરી, સાહેલી સાથે બહાર. જુઠું તોહોમત મુકા મને, એમ કહી ભરયાં લોચંન; તારે સંદેહ ભાગ્યો મન તણો, હરખી પોતે મંન. એમ કરતાં નીશા પડી, રહી તે પુત્રી પાસ; અબોલા લાવી તે સમે, તેને પાસે તેડી દાસ; મુખ થકી તેને કહ્યું, લાવી રાજકુમાર; અરજ કરો જઈ માહરી, એમ કહેવરાવ્યું તે ઠાર. ત્યારે સાનમાં સમજાવી કરી, આવો મનગોમાન્યો આહાર; બંકાવલીએ ઇસારત કરી, ઊતારો બાગ મોઝાર. એકાંત જગા તાંહાં છે સહી; તાંહાં સોભા કહી નવ જાય; તાંહાં મુકામ આપો રાયને, અબોલા થઇ વીદાય. એમ કરતાં રજની પોહોર થઇ, સુતી તેની માત; બંકાવલી ઊઠી પછે. આણંદ અંગ ન માય.

ચોપાઈ.—ઉમેદ વાધ્યો અપરમપાર, સજ્યા અંગ શોળ સણગાર; દીવ્ય વસ્ત્ર અંગ ઉપર ધરી, મદભરી ચાલી સુંદરી. તેના રૂપને કોણજ કળે, જાણે જોત સુરજમાં ભળે; જાણે ઝળકી રહી ઉદ્યોત, ઉદેકાર થયો ઉદ્યોત. રાજકુંવર બેઠો ત્યાં સહી, રમઝમ કરતી આવી તહી; દ્રષ્ટે દ્રષ્ટી મળી જેટલે, રાજકુંવર મોહ પામ્યો તેટલે. વાગ્યા તેને મોહના બાણ, પડ્યા પ્રથવી વશ થઈને પ્રાણ; બંકાવળી ત્યાં અચરત થઈ, નારી રૂપથી સુધ ના રહી. ખોળામાં જઇ લીધુ શીશ, વાયુ તે ઢોળે તે દીસ;

અમરેત દરસ્ટી જુએ તે નાર, સીતળ થયા પછે તેની વાર. કામદેવ સરીખો દેહ, દીઠી એને ઉપનો નેહ; જાણે ઈંદ્ર તણો અવતાર, જોતામાં અચરત થઇ તે ઠાર. દુખ સઘળું જોતામાં ગયું, વીહવળ મન વીનતાનું થયું; ખોળામાંથી ઊઠ્યો જેટલે, વીનતા ચરણે નમી તેટલે. દ્રસ્ટે દ્રસ્ટી અન્યો અન મળી, ગયાં ચીત બન્યોનાં ગળી. કેહે બંકાવલી હર્શીને વચન, સાંભળો રાજવંશીના તન; ભલે પધાર્યા આણે ઠામ, હવે માન્યુંછે મારૂં મંન. વીંટી મારી બદલી અહી, તે દીવસની નીંદ્રાવની થઇ; અબોલાને મોકલી અમો, તે સોધીને લાવી તમો. માહારા હઇડા કેરા હાર, પરમેશ્વરથી અદકા આ ઠાર, અવર પુરૂસ બીજો સંસાર, બરાત તાત સરખા નીરધાર, એમ કહીને કીધું હાસ, ત્યારે કર જાલીને લીધી પાસ. બાથમાં ઘાલી તે ઠાર, ગાંધરવ વીવાહ કરયો તે વાર, પછે એક એકના પ્રેમ છુટ્યા સહી, સુખન વીનોદ કરેછે તહીં; એક એકનું મનડું ગયુંછે મળી, પોહોતી બેઊના મનની રળી. ભોગ વીલાસ કરે નરનાર, સુખ પામ્યાં બન્યો તે ઠાર; સુખસેજ ઉપર સુતાં બેઉ સાથ, એક એકને બીડી ભુજ બાથ. નીંદ્રાવશ ગયા બેઉની થઈ, તન તણી સુધ નવ રહી; મધ નીશા ગઈ છે રાત, જાગી ઉઠી તેની માત. પુસ્પ પીમળપે નીકળી બાહાર, આવી સુતાં જ્યાં નરનેનાર; દ્રસ્ટે જોયું સુતા નરનેનાર, કલેજુ દાજ્યુ અપરમપાર; પછે મન વીચારો કરી, ત્યાં શું કરેછે સુંદરી.

દુહા.—દ્રસ્ટે દીઠો માનવી, સુતો પુત્રીની સંગ; દ્રસ્ટે દેખી નવ સકે, જ્વાળા લાગી અંગ; જાલો પગને ખેંચીઓ, ઉરાડી દીધો આકાસ; જાણે ગોફણ ફેરવ્યો, તે રીતે તે ઠાર; બંકાવલીને ઝાલી તહીં, મારયા તમાચા દસવીસ; લઇ

આલી પોતાના શેહેરમાં, સ્વર્ગપુરી તે દીસ, ગાંધરવ નામે પીતા સહી, પોતાનો ભરથાર; હકીકત માંડી કહી, પુત્રીની તેણી વાર; ક્રોધ કરયો કાયા વીષે, કેદ કરી તે ઠાર; કેદમાં રાખી કામની, પણ નરનું નવ મુકે નામ; ઘડી પલક ના વીસરે, ઝુરે રાતને દન; અન જળ નીદ્રા તજી, કરે ઘણું કળપાંત: હાલે દીસે તેનું થયું, તજીઆં સઘળાં સુખ: રાજકુંવર નવ વીસરે, લેહે લાગી તે મુખ; સોળે સણગાર તેણે સજ્યા, વીલાપ કરે અપાર; બેહોસ થઇ અવની પડી, વળી મુખે કરે પોકાર; દાશીએ જાહેર કરયું, તેના દુખની વાત, તે નરના વીજોગથી, કરેછે દેહની ઘાત. ખાન પાન સરવે તજી રૂદન કરેછે અપરમપાર; ત્યારે માત પીતા ઘણું કોપીયાં, બેડી જડી પગમોઝાર. ગળામાં તોગ ઘાલ્યું વળી, બાંધી થંભ સુજાણ. કુળને કલંક લગાડીયું, ધીક ધીક જીવતર નીરવાણ. ધીકાર પડયો તુજ રૂપને, ધીકાર પડયો તુજ અવતાર; ધીકાર પડી તુજ ચાતુરી, તેતો કુળ બોળીયું આહાર. નફટ થઇ નથી લાજતી, હજી તે વાતનો ખ્યાલ; હત્યા બાગી નવ ડરૂ, આણીશ તારો કાળ, ડાપણ રૂપને ચાતુરી, તેમાં ઉડી આગ, કેમ ન મુઇ તું દીકરી, લજાવ્યું મારૂ કુળ; એમ કહીને કેદ કરી, કાંઇ નવ ચાલ્યું તે નાર. હવે રાજકુંવરને નાંખીયો, તેનો કહુ વીસતાર;

ચોપાઇ—કરોધ કરી ફેંકયો તેણીવાર, જાણે ગોફણ કેરવી તેણીવાર; સમુદર મધ્યે પડીયો જઇ, ગયો ત્રણ જોજન ત્યાંથી સહી. પ્રભુની માયા અપરમપાર, બચાવી લીધો તેણી વાર; આવરદાની દોરી લાંબી સહી, તે કોઇથી તોડાએ નહી; સમુદરે છોળ મારી તે ઠાર, કાઢી નાંખીયો જળથી બાહાર; સવાપહોરે થયો સાવધાન, આંખ ઉઘાડી

જોયું તે ઠાર. જુવે તો દરીઆનાં નીર, એક તરફ ઝાડી ગંભીર. વીચાર્યુ પોતાના મન, લખ્મીત વાત તે થઈ તે દીન; હવે આશા જીવ્યા તણી નથી, એમ વીચાર્યું મનમાં કથી. કરમે કયું ભોગવશે દેહ, એ વાતમાં નહી સંદેહ, એમ મનમાં વીચારો કરી, ત્યાંથી ચાલ્યો હીમત ધરી; એક કોસ ગયો જેટલે, વાડી એક દીઠી તેટલે; ઘણી ખુસાલી મનમાં થઈ, અમરત ફળ વળી દીઠાં તહીં, એમ વીચારી પેઠા તે માંહે, અચરજ સરખું દીઠુ તાંહે. જાણે માણુસ કેરાં શીશ, એવાં ફળ દીઠાં તે દીશ; હસવા લાગ્યા અપરમપાર, તુટી પડ્યા ધરણી મોઝાર, વજરથી કઠણ કીધુ મન, હીમત રાખીને રાજંન; મારી ઠોકરને ચાલ્યો જાય, હીમત રાખી મનડા માંહે. વળી કોસ મુકી તે જાગ, ત્યાં દીઠા એક બીજો બાગ; ઘડા જેવડા દીઠા અનાર, તેની સોભાનો નહી પાર: ફળ મધે અનારનાં ઝાડ, બીજી જાહાડી ભાર અરાડ. રાજકુંવરનું હરખ્યુ મન, એક ફળ તોડ્યું તે દીન; ચીર્યું ફળ તેના વાર, નીકળ્યાં જનાવર અપરમપાર. ઉડવાને લાગ્યાં ચોપાસ, તહાં શોભા તણો બજાસ, એવા તણો કાંઇ પારજ નથી, ફુલે ફુલ શું કહું કથી. શીતળ નીર સરોવર સાર, અમરત સરખું તેમાં નીર; આસપાસ દરીઆનાં નીર, તે મધે રચના દીઠી તે તીર, પીધું નીર ફળ ખાધા લઈ, પછે મનથી વીચાર્યું તહીં.

દુહા.—ફળ જળ માણ્યા સહી, સુખ પામ્યો તે રાવ, કુદરતના ખેલ દીઠા સહી, અકળીત કાળ્યો નવ જાય; ચારે દીશાએ દરીઆનાં નીર, નવ જવાનો ઠાર: ક્યારે વસ્તી દેખશું, ક્યારે આવશે દુખનો પાર; વાહાણ તણો રસ્તો નથી, એ અલોકીક છે ઠાર; માટે હીમત હારવી નહી એમ મન કીધો

વિચાર; જ્યાં કાષ્ટ પડ્યાંછે અતીઘણાં, ત્રાપો બાંધો ત્યાંય, મુક્યો સમુદ્રમાં તેહને, જેમ હરી કરે તેમ થાય; એક વાર મરવું સહી, લખીત હશે તે થાય; આવરદા હશે સહી, તો તો પામાશું પાર; એમ કહી બેઠો સહી, અંતઃશા કરતો જાય; પડ્યો તે છોળમાં જઇ, ત્રાપો તેણીવાર; મડા ગાંક જઇ વળગી પડ્યો, હાગો તે અરણવ માંહે. દરીઆએ છોળ મારી કરી, કાહાડી નાંખ્યો પેલે પાર; રેત ઉપર ઠરીઓ જઇ, એ કુંવર તેણે ઠાર, સાતા થઇ ચાલીઓ, હીમત રાખીને મન. નીશા પડી તેને સમે, માહા ભયાનક છે વન; વાઘ વરૂ ઘણા તહીં, શબ્દ કરે ચોપાસ, ઘણી ઝાડી વીકટ તહીં, અનેક જનાવરનો વાસ. તે ઠામે ધીરજ નવ રહી, ધરૂજવા લાગ્યા હાડ; ચતુરે કીધી ચાતુરી, ચડી બેઠો એક ઝાડ; મધ નીશા એમ કરતાં ગઇ, થયું અજવાળું ઉદોત; જાણે દીવસ ઉગીઓ, ભાનુ કેરી જોત, જાણે બરા મધ્યાન થયા સહી, તેવું થયું તે જાણ; રાય તો અચરત પામીઓ, એટલે દીઠો એક નાગ; તેને માથે મણી સહી, તે તણો ઉજેસ; બરા મધ્યાન જાણે થયા, તે જોજન એક ફરતું ચોદેસ. ત્યાં એક ઝાડ હેઠળ આવી ઠર્યો, મુક્યું મણી તે ઠાર, પછે ચારો કરવા પરવર્યો, મચ્છ તણો કરવા આહાર.

ચોપાઇ.—મચ્છ તણો તેણે કીધો આહાર, તરપત થયો તે વાર; પાછો ફરીને આવ્યો સહી, જ્યાં મણી મુક્યું તું તહીં, પાછું ચડાવી લીધું શીશ, સજી કામ ચાલ્યો તે દીશ; મણીના તેજથી મચ્છ નાસી જાય, માટે મણી મુકીને જાય. રાજકુંવરે જોયો તે ખ્યાલ એમ કરતાં થયો પ્રાતસકાળ; કંદમુળનો કીધો આહાર, પાછો ચડી બેઠો તે ઠાર, પછે કાદવનો એક પીંડો કરી, જઇ બેઠો તે ઝાહાડે ચડી.

વીત્યો દીન ને રજની પડી, આવી નાગ પોહોત્યો તે ઘડી, મધ નીસાની વેળા થઇ, તે સમે નાગ આવ્યો તહીં; જાણે સુરજ થયો પ્રકાશ, આવ્યો નાગ તે વૃક્ષની પાસ, મુક્યું મણી નવ લાગી વાર, ચાલ્યો મછનો કરવા આહાર. દરીઆ કાંઠે પોહોત્યો જેટલે, ઉપરથી કાદવ નાંખ્યો તેટલે; મણી હતુ તે ઢંકાઇ ગયું, અંધકાર તે વેળા થયું, ગતીભંગ તે નાગની થઇ, પડી ફાળ સુધી નવ રહી. આંખે અંધ થયો તેણી વાર, મણી વીના નસુઝે લગાર; પછાડા મારે ક્રોધજ કરી, ગયા પ્રાણ તેના નીસરી. એમ કરતાં તે રજની ગઇ, નાગ પાછો તો આવ્યો નહીં; રાજકુંવરે કર્યો વીચાર, હેઠો ઉતરયો તેણી વાર. મરતીકા આણીને કહાડ્યું મણી, તે તણી શોભા છે ઘણી; જતન કરીને બાંધી લીધ, ત્યાંથી પંથ કરયો છે શીધ. કોશ એક તે ચાલ્યો વહી, નાગ મુઓ દીઠો તહીં; ગુણ ઓશીંગણ તેને થાઉં, એની દેહને દાગ દઇને જાઉં. એમ વીચારયું તે ઠાર, ઘાસ તણા કીધા અંબાર; તે મધે ધરીઓ નાગ, રાજકુંવરે પછે દીધો દાગ. તાર પછે તે ચાલ્યો વીર, મન મધે રાખી બહુ ધીર; એક તરફ ઝાડી ગંભીર, એક તરફ દરીઆના નીર. પાહાડ પરવત ઘણી ગફાય, જખ્ખ જોગ ઘણીછે ત્યાંય; તે મધે ઉતરેને ચડે, મરણ થકી તેતો નવ ડરે; વાઘ વરૂ વનચરને સરપ, અજગર દેતા મોહોટી ફાળ, ઘણું ભયાનક વન જાણ, કાયર નરતો છાંડે પ્રાણ; તે મધે તો ચાલ્યો જાય, વજર કલેજુ કરીને રાય.

દુહા.—નીચા પડી તેને સમે, હીમત નવ રહી મન; વીસરામ કરયો જઇ ઝાડપર, તેણે સમે રાજન; તે ઉપર મેહેલ હતો, એક મેનાનો સાર. બચ્ચાં ચાર છે તેહમાં, પા-

ચમી મેના નાર. તે જનાવર નથી જાણતાં, જે ઉપર છે માનવી જન; ગટીકા એક રજની ગઇ, તારે બચ્ચાં બોલ્યાં વચન. માતાજી કહો કાંઇ વારતા, વાકેફ કરોની આજ; હવે અમે મોટાં થયાં, જાસુ ચરવા કાજ; આ જંગલની વારતા, માંડીને કહો વાત; કઈ દશાએ જઇએ અમો, ચરવા કારણ માત. એવાં વચન પુત્રનાં સુણી, મનમાં થઈ રળીઆત, પ્રસંન થઇ તે ઓચરો, પુત્રની સાથે વાત. ઉતર દશા ભણી પાહાડછે, ઇયાંથી એક જોજન; હીરા તણો એ છે સહી, તે ઉપર એક સરોવર સાર. તેની પાસે એક ઝાડછે, તેના ગુણનો નહીં પાર; તમ આગળતો હું કહું. ઝાડ તણો ગુણ જેહ: સાંભળ સુત હું તે કરી, માંડીને કહું નેહ. પ્રથમ ગુણ કહું પાંદડા તણો, વાગ્યા હોય શરીરે ઘાય. પાંદડાં તે ઉપર મુકતાં, તરત રૂજાઈ જાય. ફળ બાંધિ કમર વીષે, તે ઉડે ગગન મોઝાર, શો જોજન જાએ સહી એક પલકમાં નીરવાણ. ડાંડી તણી જે લાકડી મારે વજરની માંય. કડકા થઈ અવની પડે, તે વેળા તે માંય. છાલ તણી ટોપી કરે, ધરે શીર આણી નેહ; સરગ મૃત પાતાળ ફરે, પણ કોઈ નવ દેખે દેહ. એવા ગુણ છે ઝાડના, હઇયામાં હીરાલાલ પણ ત્યાં જઈ કોઈ શકતું નથી, ત્યાં નાગ છે વીકરાળ. ત્યાં રહીને તે ફરે, ઝાહાડ પાહાડની જાણ; પશુ પાણી કે માનવી, જાય તેના લે પ્રાણ.

ચોપાઈ.—માટે પુત્ર જશો નહી, એવી મેનાએ વાણી કહી; બાકી ગમે ત્યાં ફરજો તન, ત્યાં જશોતો થાશે વીઘન, એવાં વચન મેનાનાં સુણી, વળી બચ્ચાંએ વાણી ભણી; નવ જોઇએ આપણને ગરથ, નથી ઝાડ તણો કાંઇ અરથ જે જાય તે જીવે નહીં, સરપ તેને ડસે તહીં; તે સરપને

જીતનારે, માનવ નામે આવે તે ઠાર; જાવે ઝાડ પાડને ઠામ, શોધ કરે પોતાનાં કામ. એક એકના માથાનો સહી, પરમેસ્વરે ઘડ્યાં હશે તહી; પરમેશ્વરે રચના કરી, નઉતમ વસ્તુ પરથવી પર ધરી. તે સઉ માનવી કેરા કાજ, એ વાતમાં શો સંદેહ આજ; કોઈ બત્રીસ લક્ષણો હશે તે જશે, અહંકાર નાગ તણો ભાજશે. આપણને તેનું નથી કાંઈ કામ, સેજવાત પુછુ આ ઠામ. તારે વળી બોલી મેના વાત, સાચી કહુંછું મનની સાક્ષાત. કોઈ માનવી આવશે આ ઠામ. બત્રીસ લક્ષણ રેહે ધામ. હીમત રાખી જશે એ ઠામ, તોતો થાશે તેનું કામ; એક ઉપાયથી જીતે નાગ, તે તમ આગળ કહુંછું આજ, તે પાહાડ નીચે કોરડુ સહી, એક રૂશી તપ કરેછે તહી; તેની જઈને સ્તુતી કરે, ત્યારે રૂશી વાણી ઓચરે. મસ્તક ઊપર હાથ મુકે જેટલે, કામ તેનું શીધ થાય તેટલે; એવી વાત મેનાએ કરી, રાજકુંવરે મનમાં ધરી. વીતી રાતને ઉગ્યો દન, રાજકુંવરનું હરખ્યું મન: તે પાહાડ ઝાહાડ જઈને જોઉ, મારા મનનો સંદેહ ખોઉ. મોત પોતાનું મુઠીમાં લઈ, ઉતર દશા ભણી ચાલ્યો વહી; દુરથી પહાડ દીઠા જેટલે, નીસ્ચે વાત થઈ તેટલે. એકવાર મરવું સહી, પાછું ડગલું ભરવું નહીં. એવી મનમાં રાખી ધીર, ઊંડાણમાં ઊતરીઓ વીર; પોતે મનમાં કરયો વીચાર, હું ક્યાં આવ્યોછું આણે ઠાર.

દુહા.—આ જગા ઉપર મને લાવીયા, લખ્યા લેખ મુજ શીશ; અન જળ મળે નહી, કરતા શ્રી જુગદીશ. જનમ ખોઓ ભમતો ગયો, વન વગડાની માંય; હરી ઠામ બેઠો નહી, ધીક પડો મુજ કાય, એ રચના પણ જોવી સહી. અદભુત સરખી વાત; મેનાની વાત સાચી પડી, ભાગી મનની ભરાંત·

એવું મન ધારી કરી, પાસે ગયો તે વીર; ઘણો વરખ રૂશીને જોઈ, ચરણે નાંમ્યું શીસ. સ્તુતી ત્યાં કીધાં ઘણાં, તલમવા લાગ્યો પાય; તરણ દીવશે રૂશી જાગીયા, સમાધી ઉતરી ત્યાંય. આંખ ઉઘાડી જોયું સહી, ત્યાં દીઠો માનવજન; ત્યારે રાજકુંવર જઈ ચરણે નમ્યો, સ્તુતી કરી તે દીન. કરજોડી ઉભો રહ્યો, ત્યારે બોલ્યા રૂશી રાય; જાઓ કામ તમારૂં નીશ્ચે થશે, એમ કહીને રહ્યા તે ઠામ. તે પહાડ ઉપર ચડીઓ સહી, હીમત રાખીને મન; જોતાં જોતાં ચાલીઓ, ધીરજ ધરી રાજન; દીઠી રચના તે પાહાડની, હીરાં જોત અપાર; ચડયો ટેક ઉપર લગી, ત્યાં દીઠું તગાવને ઝાડ. નીશાની સાચી મળી, સઘળી તે ઠાર; પાંદડાંને ફુળ ખાધાં તહી, ક્ષણુએ ન લાગી વાર. નજીક જઈ પહોચ્યો તહી, દીઠો નાગ વીકરાળ; દીઠો માનવી તેને તહીં, રાંજકુંવરે તેની વાર; ઝાડ ઉપર ચડયો સહી, ફુળ ખાધાં તેનાં સાર; મેનાનાં વચન સાચાં માન્યાં, સંદેહ નહીં લગાર, છાલ કહાડી ટોપી કરી, તે ધરી પોતાને શીશ. માગી લીધી એક જેકટીકા, પછે તજ્યો ઠામ તે દીશ.

ચોપાઇ.—મન મધે કરો વિચાર, નાગ મણી મુજ પાશે સાર; કોઈ મળશે તો લેશે સહી, એને રાખું જતને અહીં. ચોરી જાંગ નવ લાગી વાર, તે મધે ઘાલુ તે ઠાર; ઉપર પાંદડું પેલુ મુકુ લઈ, તરત ઘા રૂજાયો તહીં. પ્રસન થયો પોતાને મન, વળી આગળ ચાલીયા રાજન. મોહોટો ગુણ ટોપીમાં સહી, કોઈ દ્રષ્ટીએ દેખે નહીં; નીરભે થયો પોતાને મન, જોતાં ચાલ્યો ઝાઝાં વન. અમુલખ વસ્તુ આવી મુજ પાસ, તેથી મન થયુ હુલાસ; પણ લખ્યા લેખ ટળવાના નથી, ભવીષ વાત સાચી સરવથી. તે કોઈથી ટાળા નવ

જાય. એમ મન વિચારે રાય. પાહાડ મુકી આવ્યો જેટલે, એક કઊતક વાત થઇ તેટલે; દીઠું એક તળાવ રશાળ, આરસ પાણની ફરતી પાળ. ઘણું નીરમળછે તેનું નીર, આશપાસ શોભેછે તીર; તે મધે મેવા ફળછે અપાર, જોતાં ત્રપત થયો તે ઠાર, ચાર ઘડી બેઠો રાજન, બેઠો બેઠો વિચારે મન; ગરદ થઈ છે માહારી કાય, વળી જળમાં નહાવું આંય. એવો મનમાં કરચો વીચાર, લઇ મુકયો સામાન તે ઠાર; તે મધે પડીયો જઇ, કુદરતી ખ્યાલ એક તેમાં થઈ; ડુબકી મારી જેટલે, નર ફીટી નારી થઇ તેટલે. ધન પરમેશ્વર તારી ગતી, કો પાર ન પામે રતી; મેં શું કરમ કરચું કીરતાર, નર ટાળીને કીધી નાર. અવતાર મારો મીથ્યા થયો, સરવ મનોરથ મનમાં રહ્યો; નવ પોહોચી મનમાંની આશ. છેક થઈ બેઠો નીરાસ. ધીક ધીક મુજ પાપી પરાણ, શું બેઠોછે ઘટ માંહે જાણ. હવે જીવવું તે ધીકાર, નીકળ પ્રાણ આણી વાર; છેક હીમત હારો રાજન, છાતી ફાટટે કરે રૂદન; એક જક્ષે સાંભળો સાદ, તે પામો ગણું હુલાસ; તે આવીને શું કરે વીચાર, તે સંભળાવું આણી વાર.

દુહા.—ધસી કરીને આવીયો, સબદ સુણી તે ઠાર; રૂવતી દીઠી તે કામની, સોભા અપરમપાર; મુખ કમળ સરીખડું, ભમર ભ્રકુટી ધનુશ કમાન; ઊદર ધુમ્મર અતી ઓપતો, વસે તરંગી સમાન; ઘણી કોમળ તે કામની, ઉપવસીની જોડ; દ્રસ્ટે દીઠી કામની, પોહોંચ્યા જક્ષના કોડ; પાસે જઈને ઉભો રહ્યો, મુખે બોલ્યો વાણ, કોણ તણી તું દીકરી, દીસે ચતુર સુજાણ; આ જંગલમાં એકલી, કેમ કરે રૂદન; સાચી વાત મુખથી કહો. તન્માંસહોદરે જન. ચતુરાઇ મનમાં ધરી, ફેરવી વાત તે ઠાર; તુજ ખોળે તો શીશછે, તારે

ગનેતો માર; ત્યારે જક્ષ ઘણો હરખીયો, જળ છાંટયુ પોતે નીર; મંતરી કરી વાંહાં છાંટીઉ, ફરી રૂપ થયું તે વાર.

ચાપાઈ.—જળ પરવેશ થયો જેટલે, હાથી શ્વરૂપ થયું તેટલે; નારી હતી તે થઇ નરની કાય, રેસનાઇ રૂપ થઇ અ કળાય. વાંક મુખને નાશીકા વીકરાળ, મોટા હાથ જાણે વીકરાળ; એવી દેહ જળથી થઇ. પ્રભુની માયાનો પારજ નહીં, જળથી કાહાડી નાંખ્યો બાહાર, અપશોશ ધરી બેઠો તે ઠાર; મોતતો કાંઇ આવ્યું નહીં. કરૂપ કાજળથી કાળી થઇ, વળી સબુરી રાખી અપાર. નારી ફીરી નર થયો તે ઠાર. એ ખુશાલી મોટી થઇ, વળી આગળ ચાલ્યો વહી, જોજન એક ગયો જેટલે. નારી એક મળી તેટલે, રૂપે રંગીલી જાણે રૂશ નાઇ, મેશ કરતાં શોભે સવાઇ; દુરગંધ ઊડેછે દુરથી જાણ. મોટું મોહો દીસેનીરવાણ, સીસાળીયા સરખાછે વાળ, એવા દીઠા તે નારીના હાલ; જાણે કરતક કાલ સ્વરૂપ. અચરત પામો દેખી ભુપ. પાશે આવીને ઊભોરહી. મુખ થકી તેણે વાણી કહી.ઘણા દીવશ થયા શોધુ તુને.કયાં ગયાતા ચીંતા થઇ મુને. હેવું કહી પછે બોલી તહીં. રાજકુંવરતાં ઉભોછે સહી;

દુહા. મન વિચાર કરેચો તહી, કેમ રેહેશે નાર; પુત્રને મુકચા પરહરી, તજી પછે તારૂણી નાર; તેની દયા આવી નહીં, તજી ગયા તે ઠામ; એમ કરવું ઘટે નહીં, ઝાલો લઇને હાથ; ચાલો ઘેર ઉતાવળા, વેગે કરી મુજ સાથ. સુણી વચન દુખ પામીયો, અરે વીધાત્રી માત. ભવીશમાં કયાં લખ્યું, વીપરીત સરખી વાત. કોના પુત્ર કોના કામની, વળી વળગ્યું મુને તંગ. કઇ પેરે છુટીશ ઇયાં થકી, બહુ પેરે આણે શોક, આવી અવસ્થા કરમે લખી, મે શાંશાં કરેચાં પાપ. દુખનો પાર નથી આવતો, એ મોટો સંતાપ. વળી

સબુર મનમાં ધરી, ચાલ્યો વળી તેની સાથ; લઇ ચાલી ત્યાં થકી, આણંદ અંગ ન માય. મુકામ મેહેલ લઇ ગઇ પોતા તણે, ત્યાં દીઠાં બે ચારેક બાળ. પીતા કહીને વળગી- યા, કરવા લાગ્યા વહાલ, વળતી પ્રીત બહુ કરી, સાન કરી આવી પાસ; રતુ દાન આપો મુને, પહોંચે મનની આશ; વિચાર ઘણો કરવો પડ્યો, તે વીનતાને સંગ. કબજ પડ્યો છુટાએ નહી, માટે પડીઓ વંગ; ઘણા દીવસ એમ ત્યાં રે- હી; રાય કરમે વળી નાર, જંગલમાં તમો જઇ કરી, કાષ્ટ લાવો આ ઠાર; એમ સુણી મન રીઝીયો, હવે આવ્યો દુ- ખનો પાર; તે લઇ કુવાડો નીસર્યો, પ્રસન થયો તેણી વાર; જીવ લઇ ચાલ્યો ત્યાં થકી, અઘોર વનની માંહ, પાછું ફરી જોતો નથી, જેમ જવાય તેમ જાય; જોજન દશ નાશી ગયો, ત્યાં વળી દીઠો એક બાગ. તે મધે વળી પરવર્યો, હીમત રાખી તે જાગ; મધ જગાએ ગયો સહી, દીઠો કુંડ વળી શાર. શીગી મસમસની પાળછે, અમરીત સરખુ તે વાર.

ચોપાઈ.—તે ઠામે જઇ ઊભો રહયો, શોભા જોતાં દીગ મુડ થયો; વળી કરમે દીધો હાથ, વીચાર કરવા લાગ્યો મન સાથ; એક થયા અગ્ની બીજા થયા હાલ તીજુ સ્થળ એ વળી અસાર; એમ વિચાર કરે તે જાગ, પછે સમરેચા શ્રી જુગદાધાર; તમારો માયા અપરમ પાર, નથી આવતો મારા દુઃખનો પાર. સાય કરો મુજને ભગવાન, એમ કહી વળી ચાલ્યો તાંહ; નશીબ પોતાનું આગળ કરી, જે કીસ- મત બનશે તે ખરી; આ જળમાં પણ નાહાવું સહી, કરેચુ પરમેશ્વરનું થાશે અહી; એમ વીચાર મન સાથે કરી, પડયો જળમાં વળી હીમત ધરી; મારી ડુબકી વળી જળની માંહ, અચરત વાત બની એક ત્યાંય; દેવના સરખી કાયા થઇ,

પ્રથમ કુંડ તાંહાં નીકળો જઈ; જળ તજીને નીકળો બાહાર, હવે કાય દીઠી તે પાય; જેષ્ટીકા ટોપીને પાંદડાં સહી, તે ઠામ વળી દીઠાં તહી; પ્રસન થયો ઘણું પોતે મન, પ્રભુ મુજને થયા પરસન; ટળી આપણ સઘળી ખોડ, પોત્સા મનના સઘળા કોડ; ત્રણનો મેરૂ મેરૂનો ત્રણ, તારી ગતી છે સરણા સરણ; રાજકુંવરે મન વશ કરૂં, જળમાં પાવ કદા નવ ધરૂં. નવ પીવું નવ ધોવું વદન, એવો નીમ ધરો રાજન. લીધી વસ્તુ સરવે હેતજ કરી, ટોપી પાછી શીરપર ધરી; વળી તાંહાંથી ચાલ્યો રાય, આણંદ તેના અંગ નામાય; અઘોર વન ભયાનક તહીં, વાઘ વરૂનો પારજ નહીં; અનેક જનાવર બીજાં કેહેવાય: તે સરવે મુખ આગળથી જાય; દ્રસ્ટે જુવે સરવે રાજન, કોઈના દેખે રાજાનો તન; નીરભે થઈને વનમાં જાય, એક પાહાડ દીઠો તે વાર; તે ઊપર એક મેહેલ છે સહી. તેની શોભાનો પારજ નહી; ઊંચો મેહેલ નવ ટુકી વાસ, જાણે શોભા ચંદર પ્રકાશ; ઈંદ્રથી સોભા અપરમ પાર, ચડ્યો પહાડ નવ લાગી વાર; મેહેલ મધે ચડ્યો જાઈ ધશી, જાણે કામ જાણે સુરજસી; પસુ પંખી કે માનવ નહી કોય, રાજકુંવરતો અચરેત હોય; સઘળો જોઈ વાળ્યો સરવથી, કોઈ ભોગવનારૂ એમાં નથી; સાતમે માળ ચડ્યો જેટલે, શબ્દ એક સુણ્યો તેટલે; જાણે વીનતા કરે રૂદન, તે સાંભળ્યુ પોતે રાજન.

દુહા.—ધીરજ રાખીને પરવરયો, રોપું કોણ આ ઠાર; જોતો જોતો પરવરયો, એક દીઠી નઉતમ નાર, પરી આકારે રૂપછે, ઘણું શકોમળ અંગ; પગમાં બેડી તેહને, કરે રૂદન મન ભંગ. તેની પાસે જઈ ઉભો રહ્યો, ટોપી ઉતારી શીસ, વીનતા પ્રતે બોલીઓ, તે વેળા તે દીશ; કોણ નર્ણા

તું દીકરી, કોણ તારો ભરથાર, કોણ કારણે પડી કેદમાં, તારી શોભાનો નહી પાર. સકોમળ કાયા તાહરી, કમળ પુસ્પ પ્રમાણ; કોણ દુશમન તુજને દમે, બોલોને સાચી વાણ; હેવાં વચન સરવણે સુણી, લજ્યા પામી મન. ઘુંઘટ તાણી તે ઘડી, બોલી મુખથી વચન, તુ જાને તારે મારગે, કાંહાંથી આવ્યો આ ઠાર; માનવરૂપ તમો કોણછો, શું છે તમારૂ નામ,. દેવ દાનવ કે માનવી, કે છો જમના દુત; માનવ રૂપ ધરી આવીઓ. સ્વરૂપ સોભે અદભુત, કમોતે મરશો તમો, એક ઘડીમાં તજશો પ્રાણ. માટે જાઓ પાછા ફરી, નીસચે માનો વાણ, રાજકુંવર મુખ બોલીયો, તે વેળા તે સાથ; હું તો કોઈથી ડરતો નથી, નીસચે માનો વાત. જક્ષ કીનરને ગાંધરવી, રાક્ષસનું છેદુ શીશ. એટલી હીમત રાખુ અમો, પ્રભુ પ્રતાપે આ દીસ; તારે ગમે તો તારૂણી, તું કર મારી ઘાત; બીજા કોઈથી બીહતો નથી, નીસ્ચે માનજે વાત. માટે મન મુકીને કહો, તમ તણું જે દુખ; પરમેસર પ્રતાપથી, સાતા પમાડીશ સુખ: ઈશવર આણ એ વાતમાં, મુજ તુજ વચમાં શ્રીરામ, દુખ ભાગીશ સહુ તારૂણી. ફોડીશ દુશમનનો ઠામ. હેવાં વચન શ્રવણે સુણી, તે વીનતા થઈ રળીઆત; હકીકત પોતા તણી, કેહેવા લાગી વાત; ફીરસ્તા નામે જંજીઓ સહી, ત્યાં રાજા મજકુર નામ. ગાંધ્રવ નામે રાજા સહી, માહારા પીતા તણો તે ભાઈ; ભત્રીજી હુ તેહની, તે કાકો મારો થાય; તેના કુળમાં કલંક એક આવીયું, તે કહુ તમને આય; પુત્રી તેના પેટની, અંકાવળી તેનું નામ; અપસરા સરવેમાં શીરોમણી, તેણે કીધું એક કામ; મરત લોકનો એક માનવી, કોઈ સુઘડ પુરૂશ સુજાણ. આશક પડી તે ઉપરે, સોપ્યા તન મન

પ્રાણ; ઈછા કરીને વરી, કરતી ભોગ વીલાશ, તેની માતાને દ્રસ્ટીએ પડી, ચડીયો તેને કાળ; તે નરને નાંખી દીધો સહી, સમુદર કેરે માંય. પુત્રી ઘાલી કેદમાં બેડી, જડાવી પાય, તેની વાત આવી મુને, હુ મળવા ગઈ તે ઠાર; સીખામણ દીધી ઘણી, પણ નવ માને તે નાર; દીવાની તે તહાં થઈ ગઈ, નથી સુખ કાંઈ તંત; તે નરનો નેહ લાગી રહ્યો, ભરક્રેટ થઈ તે મન; પેરેપેરે વીનવી, ન માન્યું એક લગાર; તે નરના વીજોગથી, તેના જશે પ્રાણ તે ઠાર, મળી બેડી સઉને જઈ, પાછી ઉડી આકાશ; તેહેવામાં પાપી એક આવીયો, રાક્ષસ મારી પાસ; પ્રોહોડી કાયા તેણે કરી, બાંધી મુજને તાંહે; આ ઠામે રાખી મુને, બેડા પેહેરાવી પગ માંહે. કુદ્રશટી તેની ઘણી, સમભોગનુ છે સુખ; મા હારૂ મન રાજી નથી, એમ વીનતા બોલી મુખ. પમેશવર લાજ રાખશે, કે કરવી પડશે ઘાત; તમો માનવી રૂપ કોણ છો, તે વીસતારી કેહે વાત.

ચોપાઈ.—હેવાં વીનતાનાં સુણી વચન, દલગીર થયું રાજાનું મન; બંકાવળીનું સાંભળી દુખ, ઉતરી ગયું તે વેળા મુખ, આંખે આંસુ આવ્યાં તહીં, હકીકત પોતાની કહી; તે બંકાવળીનો આશકહું, સત કરી માનજે તુ. સહકારે મુજને કાહાડયો બાહાર, ભમતો ભમતો આવ્યા આઠાર; તેની વાત વીસ્તારી તમો, તેના દુખેથી દુખ પામુ અમો, જાણે જખમ ઉપર છાંટે ખાર, તેવી ગતી મુજને આઠાર; લેખ લખ્યા હશે મુજ ભાગ, તોતે પાછી મળશે મુજને નાર. એવાં તે નરનાં સુણી વચન, પ્રસન થયું વીનતાનુ મન; રૂપ કળા ગુણ હીમત જોઈ, તે વીનતા પણ મનમાં મોહી, ધન ધન હીમત તારી જાણુ, શુ કરૂ પરેવશ મુજ

પ્રાણ; અહીંથી છુટું એકજ વાર, તો તો મેળવું પાછી નાર. લાચાર છઉં પરવશ હુ આજ, તો ક્યાંથી સરશે તારૂ કાજ; રાજકુંવર મુખ બોલ્યો વાણ, તારા સતરનો લઉં પ્રાણ, તુજને અહીંથી મુકાવુ નાર, સત વચન મારૂ આ ઠાર; ગઉં બ્રાહ્મણ સ્ત્રીની વારે ધાઉં, ખરા ખતરીકુળનો કહેવાઉં. ગાહી મરકે મારૂ આંય, તુને મુકીને જાવાનો નહી; એમ કહી કર જેશટીકા ધરી, મારી બેડીમાં વેગે કરી, કટકા થઈ ગયા દસ વીસ, બંધ થકી છુટી તે દીશ; વીનતા પ્રસન થઈ તે જાગ, ઓવારણા લઈને લાગીપાય, ધનધન માનવી અવતાર, તારા પ્રાક્રમનો નહી પાર; બંધનથી તો છુટી અહી, વળી પુંઠ મુકવાનો નહી. પહાડ સરખી તેની કાય, તે કેમ તમથી જીતી શકાય; રાજકુવર બોલ્યો તે સાથ વીનતા પ્રત્યે બોલ્યો વાત; સહી જનાવર તે સુજાણ, હાથી તણો તે લેશે પ્રાણ; વજરના હથીયાર જે સાર, તે પાહાડ ફાટી નીસરે બાહાર. નાના ઉપર નવ જોસો લગાર, પાપીને મારૂ આ ઠાર; જો હોય આ સામે હથીઆર, તો તો કરૂ સહી એનો સંધાર, પ્રસન વીનતા મનમાં થઈ, આયુધ રાક્ષસનાં દેખાડાં શહી; તેમાંથી એક લીધ, થયું કામ આપણું શીધ.

દુહા.—લીધી તલવાર એક ત્યાં થકી, સાથે અપછરા નાર; બન્યો જણ સાથે નીસર્યા. મેહેલ થકી તે બાહાર; ક્રોશ એક ચાલ્યો ત્યાંથકી, એવે શબ્દ થયો એક પાહાડ; જાણે ગરજના મેઘની, કંપવા લાગ્યુ ઝાડ; પાછુ ફરી જોયું તહી, દોડતો જાણે આવ્યો પાહાડ; નારી મન બીની ઘણું, ધ્રુજવા લાગ્યા હાડ; રાજકુંવર શું ઓચરી, શા થાશે હવાલ; પાછળ આવેછે દોડતો, આણસે બેઉના કાળ; રાજકુંવરે જોયુ પાછુ ફરી, દીઠો પહાડ શરીર; હીમત રાખી ઉભો રહ્યો, તે

વેલા તેણે તીર. બીજી ટોપી હતી કને, તે મુકી વીનતાને શીશ; નીરભે થઇ બેસો તમો, એમ બોલો તે દીશ; તુજને કો દેખે નહીં, જુઓ બેશીને નાર; પરમેશ્વરને ગમતું હશે, નીપજસે આહારે; એમ કહી તે નરના, સનમુખ ધાયો જાય. પાસે જઇ ઉભો રહો. દીન મુખ બોલો તાંહે; અલ્યા કોણછે તું માનવી, કેમ આવી પોતો આહાર, ખાનુ મારૂ તેં તોડીયું, નવ બીનો મન લગારે. સમુદ્ર આગળ જેમ ખાબકુ મેરૂ આગળ પથર જાણ; મારે મન તેવો સહી, પલકમાં ખોઇશ પ્રાણ; પણ સ્વરૂપ જોઇ તમ તાણુ, દયા આવેછે મન; આ જંગલમાં ક્યાંથી આવીયો, બોલને સત વચન; મારી મરજાદા લોપી કરી, કેમ ચોરી તેં નાર; તે તોં આપ તું મુજને, નહીં તો ભક્ષ કરૂ આ ઠાર; તારે રાજકુંવર મુખ બોલીયો, તારી પાહાડ સરખી કાય તેથી હું ડરતો નથી, નાશ્ચે માનો મન માંય; હમો મરતુ લોકના માનવી, ગઉસ્ત્રીના પ્રતી પાળ; મરતા લગી આપુ નહી, આણીસ તારો કાળ; નગુરોલીલી નફટ, નપુશક નરે કહેવાય; મારે મન તું તેવો શહી. તુ નીશ્ચે માન મનમાંય; હસ્તી નાશે જેમ સહી થકી, તેમ નાશીશ આણે ઠામ; કડકે કડકા તારા કરીશ, તુ જોઇસ મારૂ નામ.

ચોપાઈ.—તારે દહીતને મન ચડીછે રીસ, ગદાએક લીધી તે દીશ; ફેરવીને મારી જેટલે, રાજાએ ટોપી પેહેરી તેટલે; ઠામ અગોચર પેઠો જઈ. એમ હાથ બચાવો નહીં; વળી હોશીયાર રાજા થયો, ઉતારી ટોપીને સનમુખ ગયો; ફુલ બરાબર મહારે મન, હશી કરી એમ બોલ્યો વચન; તારે ગમેતો માર ઉચલી પાહાડ, મારે મનતો તરૂ સરણા; એવાં વચન મોહોબતના સુણી. રીસ ચઢી રાક્ષતને ઘણી, સાંગ એક મા-

રી વીકરાળ, સુસવાડો કરતી આવી ઠાર; તાહારે ટોપી વળી શીરપર ધરી, બેઠો ગફામાં વેશે કરી; વળી વીચારયુ તાંહાં રાય, હીમત રાખી સનમુખ જાય. વળી મુખથી બોલ્યો તે સાર, બળ હોય તો તારૂ દેખાડ; સુણી વચન ચડી ઘણી રીસ, મારયો વરૂક્ષ એક તેણે દીસ; તે પણ ચુકાવ્યો તતકાળ, તાંહાંથી પંક્ષ દોડયો બાળ; પેટ મધ્યે ભરાયો જઈ, મારી લાકડી પગમાં થઈ; ભાગી ગયા તેના બે પાગ. જુદા થઈને રેહા તે જાગ; પરથવીઉપર પડયો ગતી ભંગ. રાજકુંવર બોલો તેની સંગ. જેમ લાકડી ભાગી પાય, તેવું શીશ છેદીશ આંય; જીવતો આજ મેલવાનો નથી, એ વાત જાણ જો સરવથી; મહા પાપી તું કહીએ આજ, પરસ્ત્રી સાથે શુ છે કાજ; રાજકુંવરના સુણી વચન, કરોધ ચડયો રાક્ષસને મન. મુખ થકો કરેયો પોકાર, રાક્ષસી માયા થઇ તઇઆર; બોહોતેર રાક્ષસ નીકળીયા સહી, કાળ સરીખા દીઠા તહી; કોઈની હાથીના સરખી સુંઢ, કોઇની કાયા મોટી પ્રૈઢ. કોઈ ખર મુખા કહેવાય, કોઇ રૂંઠ મુંઢ ઊભા થાય; કોઈની નાશીકા મોટી વીકરાળ, કોઇના નાક જાણે વાંસના ડાળ કોઇના દંત જેવા હાથી સહી, વીકરાળ વદન દીસે ત્યાં તહી; કેટલા એક દીસે છે પહાડ, પાડે બરાડા કકડાવે હાડ, એવી માયા રાક્ષસે કરી, રાજકુંવરે હીમત ધરી;

દુહા. —કાહાડી તરવાર ને દોડીઓ, કોઈ નવ દેખે કાય; મારે હાથ ઉપરે, તે કકડે કકડા થાય; માયા સહુ પાજે કરી, એ પાપીનું છેદ્યું શીશ; ભોમીના ભાર ઉતારીઓ, તે વેળા તે દીશ. રાજકુંવર ત્યાંથી ગયો, મુરછા આવી તે કાય, અવનીઉપર જઈ પડ્યા, રૂવે બચાં આવી ત્યાંય; દીઠા પરાક્રમ તેહના, તે મનમાં સુખ; ઉપરથી છેડો કાહા-

ડીઓ, ઢોળવા લાગી પાય; હાથ ફેરવો શીર ઊપરે, અમરત દ્રષ્ટ કરી ત્યાંય; તરત બેઠો રાજા થયો, વીનતા લાગી પાય. કરજોડી કરી વીનતી, તે વેળા તે જાગ; જીવતદાન આપ્યું મને, રાખી મારી લાજ, પાપીને પરાજે કરી, સરીયું મારૂં કાજ; મારો જોગનાં કરાવું આસડાં રહું તુજ ચરણ મોઝાર તોએ ઓસીગણ થાઉ નહીં એવી વીનતા કરે અપાર; મુજથી જે બની આવશે. તે કરીશ તમારૂં કામ; બંકાવલીને મળવું ચાલો મુજ સંગ આજ; એવાં વચન વીનતાએ કહ્યાં, વળી જોડયા બેહાથ; વચન પ્રમાણ મારૂં કરો, ચાલો મારી સાથ; એવી વીનતી નારીએ કરી, તારે માન્યું મન; મારગ ત્યાંથી ચાલીઆ, હરખ ધરી રાજન; મુકામે પોતા જઈ, ગઈ તે પુરમાં નાર; દુખીયા લોક દીઠા સહુ, રૂદન કરે છે અપાર; માત પીતા કલપાંત કરે, સોધ કરે ચોપાસ; ખોળવા કારણ પરવરયા, એક સગ્ગ્ર પોતાના દાસ; કોણે હરી મારી દીકરી, સોધીને લાવો બાળ; શું મુખ લઈને અમો રહુ, આણીશ હું મારો કાળ; એમ કલપાંત તહાં થઈ રહ્યું, એવામાં ગઇ તે નાર. સાથે દીઠા માંનવી, તેની શોભા અપરમપાર, માત પીતા ઘણું હરખીઆં, જાણે અંધને આવ્યાં લોચન; રૂદીયાશું દાબી દીકરી, કયાં ગઈતી મુજ તન.

ચોપાઈ,—પ્રસન થયું પોતાનું મન; મુખ થકી બોલી વચન. કોણ હરી ગયુતુ તુને; પુત્રી સાચી કેના મુને. તુજ વિજોગે તજતી પ્રાણ, માત પીતા બોલ્યાં મુખ વાણ; પુત્રી કહે સુણો માતને તાત, તમ આગળ સાચી કહું છું વાત. બંકાવળીને હું મળવા ગઈ, એક દીવસ હું પાસે સહી; મળી બેઠીને પાછી ફરી, ઘણો હરખ મનમાંહે ધરી; ઉઠીને મારગ ચાલી જેટલે, રાક્ષસ એક આવ્યો તેટલે; મુજને ઝાલીને

લીધી તેણી વાર, લઈ ગયો પોતાને ઠાર; બેડી પેહેરાવી મારે પાય, નાંખી કાળે ગ્રહ મોઝાર; રાત દીવસ હું તો કરૂં રૂદન, દયા ન આવે પાપીને મન. સાત દીવસને સાતજ રાત, ઘણું કષ્ટ વેઠ્યું મુજ માત; આ માનવી આવ્યો તે ઠાર, એના પ્રાકરમ તણો નહીં પાર. રૂદન કરતી દીઠી જાણ, આવી કરી મુખ બોલ્યો વાણ; ભગની કરીને બોલ્યો મુખ, કોણે દીધું છે આવું દુખ. મને આપ્યું જીવતદાન, ગણી પોતાની ભગની સમાન; એના ગુણનો પારેજ નહીં, ઘણી વાતશું કરીએ અહીં; જો ન માનો મારી વાત, તો તજવીજ કરો મારી માત; ઉતર દશા તરફ એક પાહાડ સો જોજન ઇ- યાંથી સાર. ત્યાં રાક્ષસ પડ્યા છે મરણ, સહસ્ત્ર એક પડ્યા છે ધરણ; તે સરવેને પરહરચા ત્યાં, એની તેણી આવી ઇયાં. એવાં પુત્રીનાં સુણી વચન, સરવે સભા થઇ પ્રસન. રાજકુંવરને દીધું માન, મુકયાં આગળ ફોફળપાન. આપ્યાં દીવ્ય વસ્ત્ર સણગાર, આગતા સ્વાગતા કીધી અપાર; મુજ પુત્રી લાવ્યા તમો, શું ઓશીગણ થઇશું અમો; અમારા ભા- ગ્ય તણો નહીં પાર, કયાંથી માણસ આણે ઠાર; બે અવછ- રા આપી દાશ, રેહેવા કારણ મોહોલની પાસ; પુત્રીને કહે તારો બાગ, ત્યાં રેહેવાને આપો જાગ; તુજથી થાય તે કર ચાકરી જીવત દાન આપુ દીકરી. આગતા સ્વગતા એની ક- રો જો એનો એની સાથે પરવરો.

દુહા.—જેવો બાગ ગુલબંકાવલી, તેથી સવાયુ કામ; અદકુ ઓછું એમાં નથી, અચરત પામ્યો તે ઠામ. સાંભરયું સુખ પોતા તણું, ઝુરવા લાગ્યો મન; ઠરી ઠામ તેમાં રેહો, થીર મન કરી રાજેન. અવછરા બે મુખ આગળે, સેવા કરે રાત દીન; વીજોગની વેદનાએ કરી, ઝુરે મનની સાથ. રૂવે

બચ્ચાં આવી કરી, દીવશમાં બે વાર; અમરત ભોજન મુખ આગળ ધરી. ધીરજ આપે તે ઠામ; સ્વરગપુરીમાં કાગળ લખ્યો, મુખ આગળ સઘળી વાત. પુત્રી આવી ઘેર આપણી, ચીનતા ન કરશો ભરાત: રાક્ષસ એક તહાં જઈ ગયો. તેની કાડી ભાલ. એ રીતે લખી આપીઓ કાસદને તતકાળ તે કાગળ લઈને ચાલીઓ. વાયુ રૂપને શી વાર; લઈને પોતે ત્યાં જાય. સભા મધે નીરધાર; કાગળ આપો કર વીશે, વાંચ્યો તેણી વાર; વાંચીને ખુશી થયો, હરખ્યા મનમાં સાર. રાણીને કહ્યું જઈ. તે પણ થઇ રળીયાત; મળવાને જાવું સહી, એમ બોલી મુખથી વાત. રજા લીધી રાજા તણી, મળવા કારણ જાય; બંકાવસીએ વાત સાંભળી સહી, ત્યાં મળવા આવી માય; હુ પણ સાથે આવું તીહાં, મળવા રૂવું બચ્ચાંની પાસ. ઉદાસી ભાગે માહરી, થાએ જીવ ઉલાશ; વચન સુણી કુંવરી તણાં. હરખી પોતાને મન; બેડી તોગ ભળાવીએ, કાહાડી પુત્રીને તે દન. ગગન મારગે બેઉ ચાલીયાં દાશી સાથે દશવીસ; જંજીરા ઉપર જઇ ઠરી, પોહોર બે ચડ્યો છે દીશ; ખબર થઈ તે પુર વીશે, સામી ગઈ રૂવે બચ્ચાં કુમાર કાકીને ચરણે નમી, બંકાવલી દીઠી તે વાર.

ચોપાઈ.—મળી ભેટીને આવી પાસ, સહોદર સહુ બેઠા પાસ, પુત્રીને પુછ્યા સમાચાર, સંક્ષેપે કહો વીસ્તાર. બંકાવલીને રૂવે બચ્ચાં નાર, પાસે બંને બેઠી સાર; કાન મધે એક વાતજ કહી. તારે મારે દોસ્તી થવાની આંઇ, વોજોગ છે તે સંજોગ થશે, દુખ દરીદ્ર તારાં જશે. કાન મધે એક વાતજ કહી, બંકાવલીએ ચીતમાં નવ લહી, આગતા સવાગતા કરી અપાર, એક દીવસ રહી તે ઠાર, હઇડે દુખ ને મોહોડે હસે, મન મધે ઉદાશી વસે. આગતા શ્વાગતા કરી અ-

પાર, એક દીવસ રહી તે ઠાર. બીજે દીવસે માગી રજાઅ, રૂવે બચ્યાં બોલી તે ઠાર; બંકાવળીને મુકી જાઓ, અમો બંને બેન રમીશું આંય, એના મનની ઉદાશી જશે, મારૂ મન પણ શીતળ થશે, માટે રેહેવાદોને અહીં. એવી મુખથી વાણી કહી, સાત દીવસની આપી રજાય, મુકી ગઈ તેની માય; બાલ્યોના મનની પોતી રલી, રમે જમે એક સાથે મળી. રમવા કારણ નીસરચા બાહારે, હાશ વીનોદ કરે અપાર; એક સમે બેઉ બેઠી એકાંત, ભાજવા કારણ મનની ભ્રાંત; સાંભળ એની ચતુર સુજાણ; રૂવે બચ્યાં મુખથી બોલી વાણ. એક વાતનો સંદેહ મુને, તે પુછુ હું મુખથી તુને; રીસ નવ કરો તો હું કહુ, નહીતો મનમાં સમજી રહુ; બંકાવળી કહે નવ કરૂ રીસ, શું સંદેહ કહો આ દીશ; કેવો હતો નર કહોની નાર, એટલું પુછવું છે આ ઠાર; પુરૂષ તણું તે કેવું સુખ, વીસ્તારી કહો તે મુખ. એ વાતની ખબર છે તુને, વીસ્તારીને કહોને મુને; બંકાવળીને ચડીછે રીસ. ક્રોધ કરી બોલી તે દીસ. તેં શું મુજને લંપટ ગણી, તે મુખથી એવી વાણી ભણી; નર તણી શી કરવી વાત, નથી પરણાવી આપણે તાત. રાક્ષસને ઘેર જઇને તું રહી, ભ્રષ્ટ થઈ તારી બુદ્ધી ગઇ; એમ રીસ કરીને વાણી ઓચરી, ત્યારે રૂવે બચ્યાં બોલી સુંદરી; સેહેજે વાત પુછુછું અમો, રીસ શાને કરો છો તમો.

દુહા.—એમ કહીને હશી પડી, ફેરવી નાંખી વાત; મન હીર આપીઉ નહી, વિચાર્યુ મન સાથ. તે વાત તો ઉડાવી તહી, વીનોદ કરે અપાર, રજની વીતી રંગમાં, ઉદે થયો પ્રાતસકાળ. દંત ધોવન કરવાને કારણે, બેઠો બાગને માંહે, પુષ્પ વીમળ ખીલી રહી, ફરવા નિકળ્યા તાંહે; રમતાં રમતાં આવીયાં, જ્યાં બેઠો રાજકુમાર, ત્યાં શોભાછે અતી ઘણી,

લઇ આવી તે ઠાર; પખી નાહાના પ્રકારના મેના પોપટ સાર. તુતી લોહા લોહની, બુલબુલ બોલે ચીકાર; શબ્દ નહાના પ્રકારના, બોલે મધુરી વાણ. રાજકુંવર ભણાવે તે સમે, કોકીલા શબ્દ પ્રમાણ; મધુરી વાણીએ ભણાવતો, સાંભલ્યો સામાએ સાદ; અલોકીક વાણી સાંભળી, પાંમી મન ઉલાસ. રૂપે બચ્ચાં મુખ ઓચરી, એક જનાવર ગુણ ભંડાર; તેની શોભાનો પારજ નથી, બોલી તેને ઠાર; બંકાવળી રીઝી ઘણું, આપણથી શબ્દ વીશાળ. જોવા તે જનાવરને. લાગો મનમાં ખ્યાલ. એવાં વચન સુણી કરી, લઇ આલી તે ઠાર; જુવેતો મનનો માન્યો તહીં, બત્રીસે ગુણ ભંડાર, રાજકુંવરે ઓળખી, બંકાવળીએ ઓળખ્યો રાય; મોહ બાણ વાગ્યાં ધરણી ઢળી, અવની કેરે માંહ. ચાર ઘડીએ સાતા થઇ, ઉઠયા બેઉ જણ ત્યાંય; ફરી મુખ જોયું તહી, આણંદ અંગ ન માય; ખુશાલી વાધી અતી ઘણી, મળીયાં બન્યો સાથે, ચુંબન દેઈ કરી ચાંપી રૂદે, ભીડી ભુજની બાથ, હરખનાં આંસુ આવીયાં, ગયું નરનારીનું દુખ; રૂપે બચ્ચાં તે જોઈ કરી, બોલી પોતાને મુખ.

ચોપાઈ. રૂપે બચ્ચાં મુખ બોલી વાણ, સુણ બંકાવલી ચતુર સુજાણ; તેં તો કુળને લગાડી લાજ, આ નર સાથે શું તારે કાજ. કોટે વળગી બેઠી પાસ, કરે બન્યો હાસ વીલાસ, આતો તુને ઘટતુ નથી, સત્યમાનજે મનમાં કથી. એજ વાત પુછી તે દીશ, તે ઉપર તુજને ચડીતી રીસ, આ ઠામે કેમ તું ભ્રષ્ટ થઇ, ચાતુરી સઘળી તારી ગઈ. નીચુ જોઇને લજા કરી, મુખ થકી વાણી ઓચરી, એ મન ભાવતો મારો પતી, સત કરી માનજો વીનતી. પરમેશ્વરે મેળવ્યો આજ, ઓળવાઇ મારા મનની દાઝ. તેં મેળવીઓ મારો નાથ,

સરવે આબરૂ તારે હાથ; ત્યારે રૂવે બચ્યાંનું ઘણું રીઝીયું મન, માંડી વાત વીગતની તે દન, એ નરની પણ હું છું દાસ, પ્રીત કરી રાખ્યો મેં પાસ, જીવતદાન આપ્યું મુને, તે સરવે માંડી કહુ તુને, દુખનો વાત વીસ્તારી કહી, તે સુણતામાં અચરત થઈ; ભાઈ બેહેનની પરઠી પેર, તેડી લાવી હું મારે ઘેર; તાહરા ધ્રશકથી ભમીઓ વન, તે સરવે કહ્યું રાજન; વચન બોલી હું મારે મુખ, હું ભાગીશ તાહરૂ દુખ; તે વચન પાળીઉ આ ઠાર, મેળવીયાં એક નરને નાર. આમ કહીને બેઠી પાસ, કરે વીનોદ આણી ઉલાસ; એમ કરતાં તે રજની થઈ, બન્નો બેન ઉઠીને ગઈ; પાછા ફરીને લાવી મુકામ, બંકાવળી બોલી તે ઠામ, ગયુ રતન આવ્યું છે હાથ, કઇ પેરે લઈ જાશો શાથ; વળી કદાપી થાશે વીઘન, તોતો નીશ્ચે પડશે તન; એ નર પામી દેહ નવ ધરૂ, આપઘાત કરીને મરૂ; એમ કહીને સેઇ તે નાર, રૂવે બચ્યાં બોલી તે ઠાર; હીમત રાખીને મનમાં રેહે તું, એ નરને પરણાવીશ હુ. એમ કહીને આપ્યું વચન. ત્યારે ધીરજ આવી મન, ખાન પાન કીધાં અપાર, વીતી રજની તેણી વાર, દંત ધાવન સ્નાનજ કરી, રાજકુંવર પાસે પરવરી; ખાન પાન રંગ ને રાગ, ત્રણ જણાં બેઠાં સંગાત.

દુહા. સાતદીવસ એમ વહી ગયા, અવધપુરી થઇ જાણ; રૂવે બચ્યાં મુખ ઓચરી, બંકાવલી પ્રત્યે વાણ, ક્વેરઅપુરમાં જાઓ તમો, મળો જઇ માતાને તાત; કદાપી કોઈ આવશે, વીપરીત થાશે વાત. હીમત રાખી રેહેજો તહીં, જાણેકે મુજ પાસ; થોડા દીવશે પોહોચાડશું, તારા મનની આસ, ચાકરો કરશું એહની, થઇ રેહેવાની દાસ, જે જોઈએ તે હાજર કરૂ હરનીશ રેહેવાની પાસ. એની ચીંતા કરતી

રએ, માહારો એ પરમેશ્વર જાણ; પછી મોહોબતની પ્રીતશુ, નીશ્ચે માનજે વાણ. ભરાત તાત સરખા સહી, મારે મન એ આજ; જીવતદાન આપું મુને, તેથી કરવાની કાજ. જો ન પરણાવું રાયને, તો ઇશવર કેરી આણ; સત વચનછે મારૂ, તારા કર મોઝાર. એવાં વચન સરવગે સુણાં, ત્યારે આવ્યો વીસવાસ; ઉઠી કરીને પરવરી, માત પીતાની પાસ. દ્રસ્ટે દીઠી દીકરી, હસતુ દીઠુ મુખ; પ્રસન થઈ મનડા વીએ, સમ્યાં સઘળાં દુખ. હાશ વીનોદ કરે તહાં, તેની માતા થઇ રળીઆત; રાજકુંવર મન દુખ ધરે; તે વીસતારી કહુ વાત. બંકાવળી ગઇ ત્યાં થકી, પાછો થયો ઉદાસ; રાત દીવશ ઝુરે ઘણું, બેઠા થઈ નીરાશ. આંખે આંસુ ધારા પડે, કર દઈ બેઠો કપાળ; રૂપેવચ્યાં આવી તહી, તે વેળા તે કાળ, અમરત વસ્તુ આગળ ધરી, દુખે ઉતારીયુ મુખ; જાણે રાહુએ ગેહેરયો ચંદરમા, તે જોઇને પામી દુખ; હું તને નીશ્ચે નથી દુભતી જીવથી વલભ જાણ; કેમ દલગીર થઈ બેઠા તુમો, ભાઈ સાચી બોલો વાણ. એવાં વચન સુણી નારનાં, બોલ્યો ચતુર સુજાણ; મોહોટું દુખ વીજોગનું જસે અમારા પ્રાણ.

ચોપાઈ.—એવાં વચન રાજાનાં સુણી, રૂપે બચાંએ વાંણી ભણી; ફરી ફરી તમો આવા કહી, મારાથી ચાકરી થઈ નહી. સેવા ચાકરી તમારી કરૂં, જીવ્યું સફળ તે મારૂ કરૂ; માટે તમો રહો એક માસ, પોહોચાડીશ તમ કેરી આશ. હીમત મુકે કાંઈ શોધી નથી, ચતુરછો વીચારો સરવથી; માટે થીર રાખોતી મન, વનતા હસી બોલી વચન. એ મારૂ વચન મીથ્યા નવ જાય, બંકાવળી પરણાવી રાય; જીવ ગએ ના મુકુ નામ, કરૂ સરવથી તમારૂ કામ. એમ કહી

આપીયુ વચન, રાજકુવરે પાછુ વાળીયુ મન; હાશ વીનોદપર પ્રીત કરી, રૂપે બચ્યાં ત્યાંથી પાછી ફરી. જઈ પોહોચી માતાની પાસ, મળી કરીને બેઠી પાસ; જાણે વાદળમાં ઉ-ગ્યો સુર, ઉતરી ગયુ વીનતાનું નુર. કમળ પુશ્પ કરમાયુ જેમ, પુતરી મુખ સોભે તેમ; શું દુખછેરે દીકરી, સાચી વા-ત કહોને દીકરી. માતાજી કહેતાં આવેછે લાજ, કહ્યા વીના નવ સરે કાજ; રીસ નવ કરો મારી માત, તો તો કહું માંડીને વાત. એમ કહીને ભીડી બાથ, ત્યારે માતા બોલી પુત્રીની સાથ; વાંક ગુનો મેં બક્ષો તુને, સાચી વાત કહોને મુને. ત્યારે રૂપે બચ્યાં બોલી વાણ, સાભળ માતા ચતુર સુજાણ. પરમ તણો જેછે મુજ ભરાત જેણે જીવતદાન આપ્યું માત; રાજવંશી રહીઆળુ રૂપ, સીરકગતાન તણોછે ભુપ. માહા બળીયોછે ચતુર સુજાણ, એમ કહી બોલેછે વાણ; બંકાવળીનો આશક એ, તેના વીજોગથી તજેછે દેહ. પુછી કરી મેં લીધો પાર, તમ આગળ સાચુ કહુ આ ઠાર. મુજને જીવાડી એણે માત, નહી તો રાક્ષસ કરતે ઘાત; તે ઉપગારી પામે દુખ, ધીકાર પડ્યું આ માહારૂં સુખ, ગુ-ણ ઓશીગળ થાઉં જાણ, તો તો જીવવું મારૂં પ્રમાણ; દીન ડચનથી વાણી કહી, માતા મનમાં સમજીને રહી.

દોહેરા.—પુત્રી ત્યાં બોલી રહી, પછે બોલી તેની માત; પુત્રી તેંતો કહી મુને, તે વીપરીત સરખી વાત. એ કામ કઇ પેરે થશે, આપણે અવછરા અવતાર; ઇંદ્રાસન જાવાની ગતી, દેવ વસેછે તે ઠાર. માનવ સાથે સબંધ નહી, દરસટે નવ જોવું વદન અડેથી અભડાઇએ, તું વિચાર જોને મન. તે પરાસંચનું પુતળુ, આપણ અગનની કાય; તેજ તણા અં-બારથી, બળીને પ્રલે થાય; અવળી ગંગા કેઇપેરે વહે, પછમ

ઉગે કેમ ભાણ; નેત્રનાં પાણી કેમ મોભે ચડે, પુત્રી ચતુર સુજાણ, આકાશને ગંગા કેઇપેરે મળે. સહીને કેમ મળે શીયાળ, સારદુરને કેમ મળે શ્વાન, વીચારીજો તતકાળ, કોટી ઊપાય એ નર કરે, પણ નવ પામે મનની આશ; પણ જીવતદાન તુંને આપીયું, તે કેમ કર એ નીરાસ. ઉપકાર તો એણે કીધો ઘણો, મુકાવી તુજને તંન, તે પાપીને પ્રાજે ક-રયા, ગુણ કેમ ભુલુ મન, માટે પુત્રી માહારી, કરીસ એનું કામ, ચંતા તજતું દીકરી, હુ કહુ તે તુ કર એક કામ, છબી ઉતારી એ નર તણી, તુ લાવનો મારી પાસ; તે લઇ જાઉ સરગપુર વીષે, પીરોજશાની પાસ; રાજા રાણીને રીઝવું, વી-ચાર કરીશ તે જાગ; મારૂ ચાલશે તે જાઇ કરીશ, પછી તો એનું ભાગ; એવાં વચન સુણી માતના, પુત્રી થઇ પ્રસન. ત્યાંથી પાછી ફરી ગઇ, જ્યાં બેઠોછે રાજન, કાગદ પોતે કા-હાડીયો, લખીયો પટમાં ભુપ; નખથી તે શીખા લગી, શોભે દેવ સરૂપ, દેવ વસતર શોભી રહ્યાં, આભુશણનો નહી પાર; જાણે ઇંદર સભાનો રાજીયો, તેની શોભા અપરમપાર. હવે ખચ્યાં લાવી સહી, માતા કેરી પાસ; જોઇ છબી તે નર તણી, શોભા સુરજ પ્રકાસ.

ચોપાઇ.—દીઠી છબીને હરખી મન, ઉઠી તે વેળા તે દીન ઉઠી કરીને ચાલી તહી, સ્વરગપુરીમાં વેગે ગઇ. રાજા રાણીએ જાણી વાત, મળી બેઠી થઇ રળીઆત; ઇછા મળ-વા કેરી થઇ, તે કારણ હું આવી આંહઇ; ભલે પધારા આ-ણે ઠામ, વીનોદ વાત કરી અપાર, દેરાણી જેઠાણી બેઠી પાસ, કરે વાત આણી ઉલાસ. હોસના આશા બોલી ત્યાં વાણ, સાંભળ વીનતા ચતુર સુજાણ; તે વિનતા બોલી તે દીન, સાંભળ સહીયર મારી બેન, તમો કહી તે સાચી વાત,

કુવરીએ માંડ્યો ઉતપાત; કુળને લગાડવા બેઠી લાજ, તમ આગળ કહુછુ સાચી વાત. કેહેછે તે માનવીને વરૂ, નહી તો હું કુંવારી મરૂ; ગાંધરવ સાથે પરણતી નથી, સમજાઇ બેઠી શરવથી, રમવા કારણ ગઇતી બાહાર, કોઇ માનવીને નરખી આ વીડાર.તે દેખીને હરખી મન, એ વર વરવાનું એનું મન; તે વી હઠ લઇને રેહી, કુસ બોળવાને બેઠી અહી; બોળવા બેઠી બાપનું નામ, તમ આગળ કહુંછું આ ઠામ; એવાં વચન વીનતાનાં સુણી, હોશનાએ એમ વાણી ભણી, તમે કહ્યું તે પર દ્રષ્ટાંત, ભાગી મારા મનની ભ્રાંત.

દુહા.—દયા ધર્મને ચાતુરી, ગુણ લક્ષણને બુધ; ઉમેદ વાન સહુથી ઘણી, સઘળી વાતનું સુખ; હોશીયાર સઘળી વાતમાં કશી વાતે દલગીર નહી મન; પરગજુ પરમારથી; કરે દાનને પુન. ભકિત ઘણી ભગવાનની, હરી કથા ઘેરઘેર થાય, અસતથી અળગા રેહે, અધરમ મારગ ઉપરે નવધાય; ખાન પાન ભાતનાં; ઘેર ઘેર ઓછવ રંગ, મત ધરમ પાળે સહી, આણદ સઉને અંગ. રૂપ વંતા પુરૂશ ઘણા, કરૂ મુખે વખાણ; જોતાં આંખ ઠરે આપણી, વાગે મોહનાં બાણ; વળી પર સ્વારથ પાળે ઘણાં, ભગત આધીન ભગવાન;દયા દ્રષ્ટી સહુ ઉપરે સહી, અકલ ચતુર સુજાણ. વળી અંતરે જામી, તેનેછે સરેવ સમાન. અવર પુરૂષ સરવે તજ્જ. સમજાઇને બેઠી જાણ; કદાપી કોઈ નરે પરણાવશો. તોતજશ પોતાનું તન. બાળહત્યા શિર બેસશે, વળી જશે પેટનીતન. એક હાની બીજી હાંસી થશે, વળી વિચારી જુવોને મન; એવાં વચન શ્રવણે સુણી, વિનતા થઇ પ્રસન. તમો કહો તે કીજીએ, સાચી કહી તમે વાત, તારે પટ પેલો આગળ ધરચો; એ સીરકસ્તાનનો રાય; છબી તે નરે તણી, શોભા અપરમ

પાર; આપણ કરતાં નાજુક એ સહી, કાગદ મને સાર; તે નર કદાપી અહી આવશે, તો સઘળુ થાશે કામ. જોઈ છબી તે નર તણી, પ્રસન થઈ તે ઠામ. હોશના અસ પ્રતે કહી, તે વીનતાએ વાત; એ નર કેઈ પેરે આવશે, કેમ થાશે રળીઆત, માન્યું મન માનવ ઉપરે, તો પરણાવું આ ઠામ; પીગળીને પાણી થઇ, કબુલ કર તે કામ; હોસનાઅસ બોલી તહી, તે વેળા તે સાથ; તેવી વાત હું તમને કહું, તે સાંભળો આ વાત.

ચોપાઈ.—એ નરને શોધી લાવશું અમો, એની ચંતા નવ કરશો તમો; સીરકસ્તાન છે એનો મુકામ, માણસ મોકલી તેણે ઠામ. મારે ઘેર તેડાવીસ રાય, નીશ્ચે માનજો મારી માય; ધોળ મંગળ ગવરાવો ગીત, હરખ આણીને પુરી પ્રીત; સામાન કરાવો તઈયાર, મંડપ રચાવો અપરમપાર; સાતમે દિવસ લઈ આવું જાન. દેવતાઈ હોશે રાજન; લાએણા લાવો લીજીએ, કન્યાદાન કોડે દીજીએ; માટે સામાન કરો તઇયાર, હુંતો જાઉંછું મારે દવાર; રજા માગીને ઊભી થઈ, સાતમે દિવશે આવશું અહીં; હોશનાર ગઈ આણી હુલાશ, તે રાણી ગઈ રાજાની પાસ; સઘળી વાત વિસ્તારી કહી, હોસના પોતાને ઘેર ગઈ, આ પટ આપી ગઈ વીલાસ, કહ્યું વરને પરણાવો બાળ; નીચ ઊંચ પરમેશ્વરને કોઈ નથી, સરવે સમાન સોઈ, કુંવરી તણું ભાજે દુખ, નાત નીસાસો નાખે મુખ, માટે કુંવરી પરણાવો સહી, મારૂ મનતો રાજી અહીં; કન્યાદાન કોડે દીજીએ, લાએણા લાવો લીજીએ. એમ રાણી મુખ બોલી વાણ, છબી આપી કરમાં તે જાણ; સાત દીવસમાં આવું લઈ, માટે સામાન કરોને સહી, દેવતાઈ રૂપ દીસે છે દેહ, દેખી છબીને ઊપન્યો

સ્નેહ; તન મનથી થયા રળીઆત; રાણી પ્રત્યે બોલ્યા વાત; એ ઉપર રાજી સહુ તમો, લોને પરણાવી અમો. પુત્રી મન થાશે રળીઆત, તો ત્યાં કરૂ વીવાહની વાત; એમ કહી તેડાવી દાસ, લઈ જાઓ બંકાવલીની પાસ. એ છબી દેખાડ જઈ તું, રાજી થાય તો પરણાવું હું; પોહોચાડું તારા મનની રળી, એમ કહી દાસી મોકલી. આવી તે બંકાવલીની પાસ, આપી છબી પામી હુલાસ; દીઠો મનમાનતો હરખ્યું મન, ધન ઘડી તે આજનો દન. રૂદીઆ સાથે દાબી કરી, સખી પ્રેત્ય વાણી ઓચરી, આજતો જાગીયુ મારૂ ભાગ, આશક માળ્યો આણી જાગ; તુજને કાંઇ અજાણ્યુ નથી, તે નર જોવાની ઈછા સરવથી; કોણે છબી આપીછે તુને, સાચી વારતા કોની મુને; એવાં વચન બંકાવલીનાં સુણી, સખેદ પરાયે વાણી ભણી.

દુહા.—સખેદરૂપરી ઓચરી, બેહેન પોહોતી મનની આશ. તુજ પીતાએ છબી મોકલી, પ્રીતે તમારી પાસ; એને પરણાવું હેતથી, જો માને કુંવરીનું મન; સખા વીખે એમ બોલીઆ, રાજા મુખે બોલ્યા વચન મનનો માન્યો મળ્યો તુને. પોહોત્યા મનના કોડ; વીજોગના સંજોગ થસે, પ્રણશો જુગતે જોડ; એસન થઇ તે પ્રેમદા, એ રૂદેબચ્યાંનું કામ; તે તણી કીરપા થકી પોતી મનની હામ. એમ વીચારૂ મન વીખે, આણંદ મળ્યા અંગ, હસી વચન મુખ ઓચરી. સાહેલી કેરે સંગ. પ્રતી ઊતર તાંહાં કાહાવીયો, તમે પીતા હું તન; તમને ગમે તે મુજને ગમો. હરખ્યું મારૂ મન. એક ગાય બીજી દીકરી, જ્યાં ન આપે ત્યાં જાય; લખ્યા લેખ કરમે સહી, તે મીથ્યા નવ થાય. માહારૂં મન રાજી સહી, તમે ધારી જે વાત; એ રીતે વીહાં કાંહાવીયું, દાસી સાથે વાત; સખે

દરૂએ જઈ કહયું તમ પુત્રીનું રીઝ્યું મન; એ નરને પરણાવો મુને, એમ બોલી મુખ વચન. તીયારે રાજા રીઝીઓ ખુશાલી વાધી ઘેર ઘેર; મંડપ રચાવ્યો મોકળો, સામન કર્યો બહુ પેર. હોસનાર તીયાંથી ગઈ. પોતાનાં ઘર મોઝાર; સમજાવ્યો પોતાના સ્વામીને, ચતુરાઇ થકી તે ઠાર. સિરકસ્તાનમે રાણીઓ, આવ્યોછે આપણે ગામ; જીવતદાન આપ્યું પુત્રીને, રાક્ષસનો ફેડ્યો ઠામ. તેનાં ગુણનો પારજ નથી. શું ઓસીગળ થાસો રાય; એક ગુણ આપણ કીજીએ. તો જસ વાધે પુર માંય. બંકાવની આવી અહીં, તેણે દીઠું રાયનું મુખ; આસક પડી તે ઊપરે,તજીને બેઠી સુખ. માત તાત રાજી થયા, પુત્રીનું રીઝ્યું મંન; પીરોશાએ તેડાવો કહ્યું, પ્રસંન થઈને મન. જાન લઇ આવો તમો, એવુ કહ્યું મુખ તીયાંય; માટે કામ જો કીજીએ, તો સરવેનો જસ વાધે જુગ માંહે. ગુણ ઓશીગળ થાઓ એહને, તો હરખે માહારૂં મન; હર્શી કરી એમ બોલીયા, સ્વામી સાથે વચન.

ચોપાઈ.—તીયારે મુજફરશાહ બોલ્યા વાણ, સાંભળ રાણી ચતુર સુજાણ નવ કેહેવી તે કોહોછો વાત, કહાં ગાંધરવ કહાં માંનવ જાત. દેવતાને દુલભછે વસ્ત, તે માનવી કેમ ઝાલે હસ્ત; કુંવરી કેરૂં રાજીછે મન વળી માત પીતા છે પ્રસંન. વળી તાહારી સંપુરણ મેહેર, કરો કાંમ એ રૂડી પેર; ગુણ ગાઓ તો કરો એ કાજ, ઓશીગળ થાઓની આજ. કરવુ આપણે એવું કાજ, એવો સવાલ કર્યો તે જાગ; કાશદ એક આવ્યો તેટલે, બોલાવ્યા રાયને એટલે. કાગળ એક કરમાં આપીયો જાણ, મુખ થકી તે બોલ્યા વાણ; પીરોસાએ મોકલ્યા આંહે, મહી લખ્યા પ્રમાણે; કરજો તીયાંય. શ્રી જંજીરાછે ગામ, મુજફરસા રાજાનું નામ; લખીતંગ શ્રી

સરગપુરી સુભ નામ, પીરોશાનાં ડંડવત પ્રેણામ લખી વી-
નતી એછે સાર, બંકાવલીછે મારી કુમાર; તેનો જાયછે કં
ન્યાકાળ, નથી ગમતો ગાંધરવનો બાળ. ઈચ્છાવર વરેછે
સહી, એમાં આપણો કાંઈ જોરો નહી; કેહેછે માનવી સાથે
વરૂં નહીંતર દેહ પાડીને મરૂં એવી હોડ પાડીને રહી, માટે
એને શું કરીએ અહી; સારેકસ્તાંન તણો જે ભુપ, તેનું પટ
માંહે દીઠું રૂપ. તેની ખોળ કરી લાવજો, જાન લઈ વેહેલા
આવજો; અહીંયાં સામાન કરીએ તઈયાર, સાત દીવસમાં
આવજો આદ્ધાર. એવું પત્ર વાંચ્યું તે દન, મુજફરસાનું
હરખ્યું મન; વેહેંચ્યા ગોળ ધાણાને પાન, સજન તેડાવી
બોલ્યા વાણ. તેડ્યો કુવરને આણી ઊલાસ, મુજફરસાએ
બેસાડ્યો પાસ ગાંધરવ મળ્યા છે અપાર, તે સરવેમાં વધારે
ભાર. એના બળપ્રરકરમનો પારજ નથી, સેહેસ્ર રાક્ષસ મા-
ર્યા સરવથી મુકાવી મારી દીકરી. તે ગુણ કેમ જાઉ વી-
સરી; મુજ પુત્રીને તો ભગની કહી, તે વચન તો લોપાએ
નહીં, નહીતો કરત તમારી દાસ, સેવા કારણ આપત તમ
પાસ; માટે ભાઈ મારાની દીકરી જાણ, તેને કબુલ કરો નીરવા
ણ; એમ કહીને તીલક કર્યું, શીફળ શોપારી કરમાં ધર્યું.
જાણે તારા મધે જેમ શશી, એવું રૂપ રહુંછે હશી; ગાંધરવ
સરખાં ગોરાં ગાત્ર, રાજકુંવર આગળ ત્રણ માંત્ર, જોઈ
કાંતીને હરખ્યું મન, નરેનારી સહુ થયાં પ્રસન; રૂવે બચ્યાં
ઘણી હરખી કાય, પીઠી ચોળી રાજાને તાંહે; દીવ વસ્ત્ર શોભે
સણગાર, નાટારંગ થાય અપાર.

દુહા.—સરગપુરમાં ખુશાલી થઈ રહી. ચીત્રવીચીત્રના
માંહે કામ; ચંદરેવા ઘેર ઘેર જરી તણા, અમુલખ બીછાનાસાર.
રોસનાઈ ઘણી થઈ રહી, ઉદેકાર ઉદ્યોત ઠારો ઠાર, રંગ તાન

વાજે ઘેર ઘેર, છત્રી વાજાં વાય; નરનારી સહુ મગન છે, કરે ખુશાલી તાંહ. ભક્ષ ભોજન ભલી ભાતનાં, અમર વસ્તુ અહાર; નગર ભોજન નીત્યે કરે, શોભા અપરમપાર. રાજ મંડપ તણી રચના કેહેતાં કહી નવ જાય; વીસકરમા ભુલ્યા ભમે, તેથી બહુ રચનાય. રતન મણી જડાવ સહુ, લીલમ લાલ; શુવરણ સ્થંભ સોભી રહ્યાં, શોભે પાડ પરવાળ. તકીઆ ગલેચા જડાવ મેં, રંગ બેરંગી ઘાટ; જળહળ જોત ઝળકી રહી, નવ જાણે દીવસકે રાત. ઇંદ્રપુરી કોણ માત્ર છે, એવી મંડપ રચનાય; પીરોશાહ હરખાયે ઘણું, આણંદ અંગ ન માય; બંકાવલીને ખુશી ઘણી, પીઠી ચડીછે કાય; આભુષણની ગણતરી નથી, ત્યાં સો દાસી કરે રક્ષાય; અપછરાને સઘળી સુંદરી, સહુ ઉદેકાર ઉદ્યોત; આભુશણ વસ્ત્ર શોભી રહ્યાં, જાણે વીજળી કેરી જોત. રંગ રાગ બેઠાં કરે, બંકાવલીની પાસ; હાસ વીનોદને ચાતુરી, સહુ મનમાં હુલાશ; લગન દીવસ આવ્યો તહી, મુજફરશા લાવ્યા જાન. ઉતારો આપ્યો સહી, દીધાં ઝાઝાં માન; રૂપે બચ્યાં હોંસનાર બે, અવર બીજી બહુ નાર; પુરૂપ પ્રતાપી પ્રાકરમી, ગાંધરવના કુમાર; જાનની પાસે સઉ ઉતરયા, ઉતારયા વરરાય; તારા મધે જેમ ચંદરમા, તેમ શોભિ કુંવરની કાય; એવું રૂપ શોભી રહ્યું, જોતામાં હરખ્યાં સહુ મન; આંખ ટાઢી સહુની થઈ, નગર વાસી સહુ જન.

ચોપાઈ.—આવી બેઠાં સઉ અન્યો અન તાંહે, આણંદ સઉને અંગ ન માય; સહુ સજ્જન સહોદર મળી જોડ, પોહોંચ્યા સહુના મનના કોડ; ખાન પાન કરાવ્યાં તહી, લગ્ન તણી વેળાતો થઈ; બંકાવલીને સણગારી તહી, તેની ઉપમા નવ જાય કહી; વાગે વાળે મોતીની લેહેર, પેહેરીને

બેઠી છે ઘેગ; નેત્ર અણીઆરી અંજન સાર, કંઠે આભુશણ નો નહી પાર; કાને ઝાલની ઝળકે જોત, જાણે ભાનું થાય ઉદ્યોત; લલાટ ચાંદલો લટકે સાર, જાણે વીજળીનો ચમકાર દંત મધે શોભે રેખાય, જાણે તારા શોભે મુખ માંહે; અધુર મધે શોભે પરવાળ, નારંગી સરખા સોભે ગાલ; કુચ ઉપર કંચુકી તંગ, તે મધ્યે જડાવ છે નંગ; તે ઉપર છુટીછે વેણ જાણે મણીધર કેરી ફેણ; વસ્ત્ર કસુંબી જાકમ જોર, મુખ મધ્યે શોભે તંબોળ; પેહેરાવ્યો ચુડો હાર્યો દંત, તેની શોભા દીસે અનંત; વેળીયાં વીંટી કંકણસાર, સરવ આભુશણ રતન જડાવ. કટીમેખળા સોભે કટીલંક, તેનો વળીઓ આછો અંક; જેઓ જાણે કદળીનો છોડ, તે મધ્યે ક્યાંઈ નહી ખોડ. પગની પાની કુમ કુમ વરણ, ઠમ ઠમ કરતો ધરે છે ચરણ; કલ્લાં કાંબી લંગરને હાર, તેના નાદ થાય ઘમકાર. મદભરી હાથણી હોય જેમ, ચાલ તેની શોભેછે તેમ; સજ્યાં વસ્ત્ર સોળે સણગાર. મુખે જપે છે રાજકુમાર. સ્વામી સ્વામી જપેછે મુખ, ક્યારે પામીશું તેનું સુખ; રાજકુંવરને હરખ ન માય, તેની શોભા શી વરણવું આંહ. મુખ શોભે જાણે કમળ સમાન, રૂપે જાણે ઉગ્યો ભાણ; નેત્ર જાણે મોહનીનો ફંદ, ભ્રગુટી જાણે પુનમનો ચંદ્ર. કપાળ શોભે શીપ આકાર, નાશીકા જાણે તેલની ધાર; એવું રૂપ રેહ્યું છે વશી, જાણે આભમાં સુરજ સસી; સડળકુ શોભેછે વીસાળ, મુગટ માંહે શોભે છે લાલ. શોભી રેહી છે વાંકી પાઘ, શીરપેચ જડીત બાંધ્યો તે જાગ્ય. ફરતી મોતીની ત્યાં ઝુલ, શોભી રહ્યાં તે માંહે ફુલ. હીરાદંત શોભે છે વિલાસ, વાણી મુણતામાંઆવે વહાલ; કંઠેછે મોતીની માળ, સુભ તીલક કર્યું છે લાલ; જરીનો વાઘો શોભે ઉદ્યોત, જાણે દીનકર કેરી જોત; કટી-

લંક જાણે કેશરી, જોતાં આંખ સઉકોની ઠરી; જાણે ઇંદ્ર સભાનો રાય, તેથી શોભે માનવની કાય;

દુહા.—લગન સમો થયો તહી, વરઘોડો થયો તઇયાર; સ્વાર પાલા શોભી રહ્યા, તેના શોભા અપરંપાર. દીવવસ્ત્ર શોભી રહ્યાં, ઘોડે થયાં અસવાર; બીજાં વાહાન શોભી રહ્યાં, કેટલો કહું વીસ્તાર. હસ્યો ઘણાં કલોલમાં, રતન જડીત છે સહુ સાજ; પગમાં તોડા સોના તણા, શોભી રહ્યા ગજરાય. ધજા નેજા ઝબકી રહ્યા. થાય છત્રીશે નાદ; ઢોલ ઢમકી વાગી રહ્યાં, કાને ન પડે સાદ. રૂશનાઇની શોભા કેહેવાતી નથી અપરમપાર અપાર; મેતાબ છુટે ત્યાં બહુ, ઉદોતકાર તે ઠાર; અપસરા નજરે ત્યાં રેહીને કરે, તેની શોભા કહી નવ જાય. મુજફરશાહ જાણે સહી, તે હરખ અંગ ન માય; જાદકણી પાછળ થઇ, રૂવેઅચ્યાં હોસનહાર સાર. અવર અપછરા અતી ઘણી, તેની શોભા અપરમપાર; નગરવાશી શ્વર્ગ પુરી તણા, જુવે સઘળા લોક. મુખ જુવે વર રાયનું, સમી જાય છે શોક; છજાં ઝરૂખાં અટારીએ, કોઈ જાળીમાં કોઇ બહાર, જોવા કારણ સહુ નીસરચા, નાહાના મોટા નરનાર: ઇંદ્ર તણી સહુ અપછરા, તે શોભા કહી નવ જાય. તે જોઈ મુખ વર રાયનું, મન મગન થઈ છે કાય; કામ દેવથી અધીક છે, ઇંદ્ર રાજા કોણ માત્ર; દીવ વસ્ત્ર ઝળકી રહ્યાં, ઘણી શોભા છે ગાત્ર. ઘેર ઘેરને બહાર બહાર, વર વખાણે છે રૂપ; ધન ધન એ માનવી, મરત લોકનો ભુપ; ધન ભાગ્ય એકાવલી તણું, એ નરનો ઝાલશે હાથ; જનમ સફળ એનો થશે, એમ કરે સહુ વાત. ફેરવ્યો વરગોડો શેહેરમાં પછે ગયા મંડપ દવાર; ત્યાં જઇ ઉભા રહ્યા, વરત્યો જેજેકાર. રાણીએ લીધા પોખીને, બેસાડ્યો માહેરા માંય; અંતરપટ

વચમાં ધરી, કન્યા પધરાવી ત્યાંય. વેદની ધુન બ્રાહ્મણ કરે, જોશીએ સારેચાં લગન; હસ્ત મેળાપક ત્યાં કરેચાં, આણંદ થયા સહુ મગન. કુળ રીત તો ત્યાં કરી, પોહોતા મનના કોડ નરનારી પરણીને ઊઠીયાં, બેઉએ જુગતે જોડ.

ચોપાઇ.—કુળ આચારની રીતો કરી, રાજ કુંવરને કન્યા વરી; પોતી મનડા કેરી આસ, થયા પ્રસન આણી હુલાસ; ફરેચા મંગળ આવો કનસાર, જેજેકાર વરતો તે ઠાર; કન્યા દાન આપીયું તે રાય, આણંદ તેને અંગ ન માય. આપાં મણી મુગતાને માલ, વાહાન અશ્વ અને સુખપાલ; દીવ્ય વસ્ત્ર આભુશણ સહી, તેની શોભા નવ જાએ કહી. આપીયા મોટા મેહેલ અવાસ, સેવા કારણ આપી દાસ; અસ્ટમાંસીધી નવનીધી સહી, કશી વાતની ઉનમત નવ રહી. વાજતે ગાજતે કરેચા વીદાય, સજન સરવે મળવાને જાય; મેહેલમાં ઉતરેચા નરને નાર, રાજકુંવરને કરેચો જુહાર; મળી ભેઠી સહુ ગયા મુકામ. પોતી મનડા કેરી હામ; બંકાવલી બેઠાં સ્વામીની પાસ, કંઠ માંહે ઘાલીને હાથ. પ્રેમે પ્રેમ ગયોછે ત્યાં મળી, પોતી બેઉના મનની રલી; હાશ વીનોદ કરે વીહાર, નર ચુંબન દેછે ગાલ. ઉમંગ ઉપનીયો બેઉને ત્યાંય, કામાતુર થઇ બેઉની કાય; સુખ સજ્યા ઉપર સુતાં જઈ, અમુલ મોતી વીંધાણું તહી. વીનતાને પોતો અભીલાખ, કંઠે લાગી સુતી પાગ; ચાર પોહોર રજની રંગે રમી, વરેહેની વેદના સઘળી સમી. પ્રાતસકાળ થયો પછે ત્યાં, વીનતા પાસેથી ઉઠ્યો રાય; દંત ધાવન સ્નાન કરી, સજી સણગારને બેઠા ઠરી. બંકાવલી એકલી તહી. રૂવે ભર્યાં તીયાં મળવા ગઇ; શરીર તણી તેને સુધ નથી, નગન રૂપ સુતી સરવથી; છુટી વેલ વીખરાયા વાળ, દંતનો ઘાઓ દીસે ગાલ. અધુર

રંગ રગ પરવાળા સહી, તે પરીક્ષા દીઠી નહીં. કુચ ઉપરે નખ વાગ્યા અપાર, ગતી ભંગ દીઠી તે નાર; રૂપે બચાં મન હરખી રહી, ઈછા એની પુરણ થઈ. બંકાવલી કહી દીધો સાદ ઉઠો બેહેન આણી ઉલાસ; નીરભે થઇને સુતા નાર, કાજ થયાં હવે મનનાં સાર; એવાં વચન સુણી તે ઠાર, જહડપ કરીને ઉઠી નાર; વસ્ત્ર સજીને ઉભી થઇ, રૂપે બચાંની પાસે ગઈ; બેઠી બેહેન તે બંને પાસ, અન્યોઅન્ય કરેછે હાશ.

દુહા.—રૂપે બચાં મુખ ઓચરી, તારી પોતી મનની આશ; સાગર તેં ભોગવ્યું, સુતી સ્વામીની પાસ. બેહેન તુજ પ્રતાપથી, પોતા મનના કોડ; લાહાવો લાએણો લીધો સહી, સુખ ભોગવ્ું જુગતે જોડ; હાસ વચન તુજને કહુ, મારા બાગ તણે મોજાર; નરેનું સુખ કેવું હશે, મુજને કોહોની નાર; તારે બંકાવલી મુખ ઓચરી, કોઈ આશક માસુકની થાય; સુઘડ નરની સંગે રમે, તો સંદેહ મનનો જાય. સ્ત્રીને સુખ સ્વામી તણું, બીજુ નથી એમાં સાર; એ વાતનો સંદેહ ભાગશે, જ્યારે તું પરણેશ નાર. એમ વીનોદ કીધો મળી પછી માગી વીદાય; માતા પીતા પુતરી તાંહાં થકી, જંજીરા ગઢ જાય; રાજા રાણીને મલ્યા, રાજકુંવરને કરયો જુહાર; જડીત મેહેલને માલીયાં, ઉમરાવતોનો વાસ. વઇભવ ભોગવે ભલી ભાતનો, નરનારી બેઉ પાસ; કનક સીંહાસન બેઠા સહી, સીરપર ચમર ઢોલાય; છતરીસે વાજાં વાજી રહયાં, બીજો ઇંદર સભાનો ભુપ. રંગમંડપ અતી રળીઆમણો, તેની શોભા શી કહુ મુખ; તાંહાં અપછરા નરત કરે સહુ, લેશ માતર નહીં દુખ; ગાન કરે સમુ તારૂણી, ઉમેદ આણીને અંગ; બંકાવલી બેસે સહી, સ્વામી કેરે સંગ. દેવાંગના સહુ દેવ તણી, તે માનવને દેછે માન; બંકાવલીની દાસીછે, માટે

કરેછે ગાન. શચ્ચી અપછરા સહી, એક એકથી રૂપ અપાર. તે સરવથી સરદાર છે, બંકાવલી ગુણ ભંડાર; માટે સહુ આધીનછે, સરવે રહીછે હજુર; સુખ ભોગવેછે નરનારી તણું, દીન દીન ચાઢે નુર.

ચોપાઈ.—ઘણા દીવસ એમ ભોગવ્યું સુખ, રાજકુવર પછે બોલ્યો મુખ બંકાવલી પ્રત્યે બોલ્યો વાણ, સાંભળ વીનતા ચતુરસુ જાણ. માત પીતા સહોદર જન. તેને મળવા કેરૂ મન; લાખ્યા મનમાં ધરતી હશે દુખ, તજી બેઠી હશે સરવે સુખ; મારે વીજોગે તજશે પ્રાણ, તેની હત્યા મુજ શીશ જાણ; તે પણ બાગ બગીચા મેહેલ, તાંહાં જઈને કરશું શેહેલ. જો તારા મનને ગમે નાર, તો મળીએ કુટંબ પરીવાર; એવાં સ્વામીનાં સુણી વચન, પ્રસન થયુ વીનતાનુ મન; તમને ગમતુ હોય ભરથાર, તો વાણે વાતે જઈયે તે ઠાર; માત પીતાની જઈ માગુ રજાય, કાલે કુચ કરીશુ રાય; એમ કહી સંતોષ્યો કંથ. માગી સીખ લીધો તે પંથ; જીહાંછે પોતા કેરી માત, તેની આગળ કહી માંડી વાત; દુખ ધરેછે મારો સ્વામ તેને માત પીતા મળવાનું મન; હું પણ સ્વામી સાથે પળુ, સગાં સહોદરને જઈ મળુ; માટે માતાજી રજા દીજીએ, વહાણુ વાતે સીખ કીજીએ. હેવાં પુત્રીનાં સુણી વચન, હરખ્યું તે નારીનું મન. તેણે સ્વામીને વીનવ્યો જઈ, હકીકત પુત્રીની કહી; પુત્રી જમાઈ માગેછે રજા, આપોતો પોતા કેરે દેશ પળાય; માટે વીદાય કરો નરને નાર, મળે જઈ કુટંબ પરીવાર; તારે રાજા થયો રળીયાત, રાણી પ્રત્યે બોલ્યા વાત; કાલે સવારે કરશુ કામ, પહોંચાડીશુ પુત્રીની હામ; એમ રાણીની સાથે બોલ્યો રાય, પછે તે વીનતા આવી તાંહ; બંકાવલીને કહ્યું તે ઠાર, કાલ વીદાય કરીશુ નાર; તારા બાપે કહ્યું છે મુખ,

પુત્રી કેરાં ટાળશુ દુખ; આપીશુ ગજ રથ ને તોખાર, વદાય કરશુ રાજકુમાર; ઘણો હરખ તે મનમાં ધરી, પછી સ્વામી પાસે પરવરી; સઘળી વાત વીસ્તારી કહી. સુખ સેજ ઉપર સુતી તહી; વીનોદ કરતાં વીતી રાત, ઉગ્યો રવી થયો પ્રભાત દંત ધાવન કીધુ અશનાન, પરમેશ્વરનું ધરયું ધ્યાન; અમરત મેવા કીધા અહાર, હવે તેડાવો રાજકુમાર.

દુહા.—પીરથી મન રીઝીઓ, તેડાવ્યો રાજકુમારઃ પાસે લેઇ બેસાડીઓ, સભા મધે સાર; સરપાવ લાખોનો આવીઓ, આભુશણ અમુલ; વસ્ત્ર આપ્યાં ભલી ભાતનાં, શોભા શી કહુ અતુલ; માણેક લાલ લીલમ સહી, મુગટા મણી માહા મોટે; ભરી પેટીઓ તીહાં સહી, તેને શાની ખોટ; અસ્વ આપ્યા એક સો તહાં, પાંખાળા તેની જાત; ગગન મારગે પરવરે, અરૂમખી પટોળી ભાત; હસ્તી એક ઐરાવતી, અંગે શોભે શુભ સાજ; પલાણે કરતાં મોતી સહી, મધે જડીત પરવાળ; વાહન બીજાં અતી ઘણાં, તેની શોભાનો નહી પાર; કવી કહે શુ વરણવુ, એક રશના એ ઠાર; એક સો દાસી આપી સહી, એક એકથી અદકુ રૂપ; સો રાક્ષસ આપ્યાં હરોલસમાં, તે સાથે બોલ્યો ભુપ, સીરકસ્તાન મુકીને આવજો, પાછા આપણે મુકામ; ફુલની પ્રમાણે મુકજો, એમ બોલ્યો તે ઠામ; બંકાવલીને સાથરવાસો કરયો, અપરમપાર અપાર; આભુશણ ભાતભાતનાં, વીદાય કરયો તે ઠાર. નરનારીને વીદાય કરયાં, સજનને મળવા જાય; મળી બેઠી પાછા ફરયા, આણંદ અંગ ન માય, રાજા રાણી પાછા ફરયાં, મળી ભેટી તે દીશ; રાજકુવરે ત્યાંથી કુચ કરયાં, સસરાને નામી શીશ. વાજતે ગાજતે પરવરયા, કુચ મુકામે જાય; રાક્ષસ સાથે ઝલપમાં, આણંદ અંગ નામાય; થોડા દીવસમાં આ-

વીઆ. સીરકસતાન મુકામ,પોતીકા બાગમાં ઊતરયા, પોહોતી મનની હામ. ખબર થઇ રાણીને તહી, લાખા મેમુદા નાર; દુખ ગયું દીલડા તણુ, તેણે સજ્યા સોળ સણગાર. આવીને ચરણે નમી, આલીધન દીધુ ને ઠાર; સુખના સાગર ઊછ ટયાં, મળીયા રાજકુમાર. બંકાવલી ભેટી જઈ, તે પણ રાખી પાસ; ત્રીજી નાર હું તમ તણી, એમ કહીને જોડયા બેહાથ. એમ મળી ભેટી શહી, ત્રણે નાર તે ઠાર; ઈંદ્ર તણી શોભા સહી, સાધ કરે ત્રણ નાર.

ચોપાઈ.—પછે રાજકુંવરે વીચારયુ તહી, પીતાને કાગળ લખવો અહીં; ત્રણ નારી હું પરણ્યો આપ, તે પીતા તણો પ્રતાપ. એવું મનમાં ધારયું તે વાર, ત્રણે રાણીને પુછયા સમાચાર; પીતામાતાને કહાવ્યું સહી, બંકાવલીને મળવા આવો અહીં; તારે રાણી કહે સાંભળો રાજન, તમને ગમે તે કરો આ દીન; સાસુસસરાને મળીશુ આજ, તોતો શરશે મનના કાજ. હેવી વાણી સાંભળી તે તણી, કાગળ લખવા બેઠો સહી; પોતે મન આણી હુલાસ, લખ્યો કાગળ ચીત રાખી પાસ; સ્વસ્ત શ્રી સીરકસ્તાન ગામ, રાજાજી જલદશંગ નામ; લખીતંગ તાજલમુખ ગુલામ, કરજોડીને ડંડ પ્રમાણ. કાગળ માં લખીછે વીનતી, લખ્યા પ્રમાણે કરજો પ્રથ્વીપતી; તમ પ્રતાપ ભાગ્યો બહુ દુ, રાક્ષસી માયા જીત્યો શહુ. ગાંધરવી લોકને વશ કરેયા, તે સરવે તમારી દયા; અપછરા નારી પરણી લાવ્યા, તે સાથે બાગમાં આવ્યા. તે માટે લખી મેં વીનતી, મળવા આવજો પ્રથ્વીપતી; તમો મળશો તારે થાશે સુખ, સત માનજો કહુછુ મુખ. માટે કાગળ લખી મોકલીયો સહી; કાસદ સાથે મોકલ્યો તહી; એનો પ્રતી ઊતર કાવજો, મળવા વેહેલા આવજો,

દુહા.—લખી કાગળને આપીઓ, કાસદને તેણી વાર; શીરકસ્તાનમાં પરવરો, મારા પીતા તણો જ્યાં દુવાર. કાગળ જઈને આપજો, સભા તણો જ્યાં સાથ; બીજા હાથે જાએ નહી, આપજો હાથો હાથ. એવું કહીને મોકલ્યો, શીરકસ્તાન તેણી વાર; જઈ કરીને પોહોચીઓ, ચાર ઘડી મોઝાર. સભા ભરી બેઠા સહુ, કચેરીમાં તેણી વાર; ત્યાં કાસદે જઈ કરી, નમીને કર્યો જુહાર. માહારાજ કાગળ લીજીએ, એમ કહીને આપ્યો હાથ. રાજાએ કાગળ જોઈ કરી, વાંચ્યા રદીઆ સાથ; ઊકેલીને વાંચીયો; ખુશી થયો મન માંહે. ધન ધન દાહાડો આજનો, ઉઠ્યા સભાથી તાંહે. વજીર તેડી વાણી કહી, કાગળ આવ્યો આજ; ગાંધરવ લોકને વશ કરી, કન્યા લાવ્યો વીખ્યાત. માટે ત્યાં જાવું સહી, લાવ્યો પદમણી નાર અપસરા સહીત તે આવીયો, ચાલો મળવા તેડે રાજકુમાર; જનાનો તઈઆર કરયો, જઈને કહ્યા સમાચાર; પછે કાસદને આપી આગના, તે ગયો બાગ મોઝાર. હકીકત સહુ માંડી કહી, મળવા આવે રાજા આહાર; પછે રાજકુંવરે વસ્ત્ર ધરયાં, નારીએ રચ્યા સણગાર; સજ થઈ બેઠાં સહુ જુવે વાટ નીરધાર. ત્યાં જનાનો તઈઆર થયો, સજ થયા ત્યાંરાય. ત્યારે ચાર પુત્ર કહે અમે આવીએ, મળવા ભાભીને ત્યાંય; રાજા કહે ચાલો સહી, અકલહીણા સાર; જુઓ આ દેવકન્યા લાવીયો, તમે રમ્યા ગુણકાને દવાર; અસવાર થઈને આવજો, મુજ પછવાડે રાજકુમાર. જુઓ ચતુરાઈ કુંવરની, પછે કરજો વિચાર મન સાર.

ચોપાઈ.—આવ્યાં માબાપ મળવાને કાજ, મળી ભેટીને બેઠા આજ; પોતાને વીતીતી તહી, માબાપ આગળ માંડી કહી. ચંદ્રાવતી આવીને ચરણે નમી, સાસુ સસરાના મનમાં

ગમી. ઘણું ખુશી થયા તેણી વાર, મુસ્તક હાથ મુક્યો તે વાર; સભા સહુ ત્યાં અચરત થઈ, ખુશાલી સહુને વાધી તહીં; ખાનપાન કરવ્યાં મુખવાસ, મન મધે કરી હુલાસ; પછે પીતાયે માગી રજાય, સભા સહુને કહુંછે તીયાંય; ચાલો અસવારી કરો તઈયાર, અંકાવલીને આસીસ દીધી સાર; મળી કરીને ઘેરજ ગયા, રાજકુંવર તે ઠામે રહ્યા; એમ કરતાં ગયા બહુ દન, તારે પછે શું વરતીયુ તન; સરવે સાથે રંગે રમે, ભોજન મન ભાવતાં જમે; પછે નારીને ગરભ રહો, અંકાવલીને પુત્ર થયો; ઘણા દીવસ એમ કરતાં ગયા, રાજકુંવર તાંહાં મોટા થયા; વરસ સાતનો થયો જેટલે, રાજ રીત સમજ્યો તેટલે; અંકાવલી ઘણું હરખી મન, સ્વામી પ્રત્યે બોલી વચન; એનો જનમ લખાવો અહીં. રાજકુંવરે સાંભળ્યું તહીં. જોશી તેડાવી કીધું કામ, જોશી બોલ્યા તણે ઠામ; નામ બળવંત પાડોજી તમો, લેખ પ્રમાણે કહુછુંજી અમો; એવું સાંભલી થયા રળીઆત, પાડ્યું નામ મળી સહુ સાથ; વળી જોશી બોલ્યો તે ઠાર, રાજકુંવર પ્રતે નીરધાર; ઘણું ભાગીય શાળી છે એહ, સત્ય કરીને માનજો તેહ; એવું સાંભળ્યું જેણીવાર, હરખ્યા ઘણું તે રાજકુમાર; તીહાં ખુશી થાય જન સહુ, જોશીને ધન આપીયું બહુ. જોશી પોતાને ઘેરજ ગયા, દ્રવ્ય લેઇને સુખીયા થયા; એમ કરતાં વીત્ય બહુ દન, રાજકુંવરે વિચારૂ મન. પુત્ર આપણો મોહોટો થયો, હેત ધરીને બોલજ કહ્યો; તારે પુત્ર બોલ્યો તે વાણ, સાંભળો તાંતજી ચતુર સુજાણ; દાદાજીને મળવાના કોડ, ચરણે નમીને કહુ કરજોડ; માટે જવાદોની તમો, ખુશી થઇને કહુછું અમો. ત્યારે વીચારયું પોતે મન, સાંભળ વચન બોલ્યા રાજન; પુત્રજી તમે કહુ નીરવાણ, ઈયાદ આવ્યું જલદપુર જાણ. તેને તેડવા

મોકલ્યા છે દાસ, પુત્રનું મુખ જોવાને કાજ.

દુહા. રાજકુંવર એમ બોલીઆ, સાંભળ બળવંત તન; જાઓ મળીને આવજો, આજથી ચોથે દન. માણસ દાદાજીનું આવીયું, તમને તેડવા કાજ; તેની સાથે પરવરો, ઘોડે ચડીને આજ. ત્યાંથી પુત્ર પરવરયો, ગયો શીરકસ્તાન મોઝાર રાજસભામાં આવી કરી, ચરણે લાગીયો તેણી વાર; ત્યારે જલદસંગ ઘણું રીઝીઓ, તેડયો પુત્રને પાસ. ખોળામાં બેસાડી કરી, ચુંબન દીધુ ગાલ; પુત્ર દેખીને ઘણું હરખીયો, ઉલટ અંગ ન માય. ચતુરાઇ દીઠી ઘોઘણી, ખુશી થયા મન માંહ; રાજાએ વીચારયું મન વીએ, ભાગ્યશાળીછે એહ. હવે હુંતો વરધ થઓ. વીચાર કરી પછે તેહ. વજીર તેડ્યો પોતા તણો, વીચાર કરયો તે સાથ. વજીરને કહ્યું મુખ થકી, એને પાટ બેસાડ આજ; જોશી બોલાવી પુછીયું, સુભ મહુરત નીરધાર. તે બતાવો મુજને, નીસે કરી આ વાર; સભા ભરાઇ બેઠી સહી, ઊલટ સઉને મન. ગોળ ઘણા વેચી કરી, બોલ્યો મુખે વચન; સભા સહુ જન દેખતાં, રાજાએ કરયુ છે એ કામ; બળવંતને તેડી કરી, બેસાડ્યો તેણે ઠામ; રાજઆસન બેસાડીઓ, વાગાં ઢોલ નીશાન; જેજેકાર સભામાં થયો, ખુશી થયા સઉ જન; રાજારાણીએ સાંભળયું હરખ્યા ઘણા મન માંહ; પુત્રનો પુત્ર રાજ પામીઓ, આણંદ અંગ ન માય; રાજ ચલાવે આણંદથી, રાજા રીઝો મન; ખબર થઇ કાકા ચારને, તે ઊદાશ થયાછે તન; આમ છતાં રાજ એ કરે, એ કોના ઘરનો ન્યાય; મુજ પીતાએ વીપરીત કરયું, એતે શું કેહેવાય; હેવું વીચારી નીસરયા, ગયા પીતાની પાસ; ત્યાં જઇ વીનતી કરી, એ શું કીધું તાત; તારે પીતા કહે પુત્ર સુણો, તમ લાયક ન હોય રાજ. છકોતેર તરસે એ

થકી, માટે સોંપીયું રાજનું કામ. તમે રાજ ચલાવવું શીખ્યા નથી, તાં શું કરીએ કામ. ગુલામી ડાઘ દેવડાવોયા, રમીયા જુગટું તે ઠામ; માટે મોટી એબ તમને સહી, સહુ હસ્યા પુરના લોક; તમો ખાઓ પીઓ ખુશી કરો, અલબત ભોગવો અપાર; હુકમ કરે બળવંતજી, તે પ્રમાણે રેહો અવાર; હેવું કહીને મોકલ્યા, પુત્ર જે પેલા ચાર; નીચું જોઇને તે ગયા, આવ્યા પોતાને દુવાર.

છપો.—ભુંડું દેહમાં દુઃખ, ભુખ પણ તેથી ભુંડી; ભુંડું દેવનુ દામ, કામ કલંક જે કુડી. ભુંડું અતી અનાદ, ભુંડું અસ્ત્રી દુખ થાય; ભુંડું બાર ઉપાડવું, ભુંડું કાસદુ ઘણું કરવું; ભુડાથી ભુંડું ઘણું, કહે રાજ ગયા તણું.

દુહા.—તે ખબર ગઇછે બાગમાં, હરખ્યો ઘણું તે રાય. રાણીએ જઇને કહ્યું, તમ પુતર પામીયો રાજ. બંકાવતી ઘણું રીઝીયાં, બીજી રીઝી બે નાર; મુજ સઇયરનો પુત્ર તે, પામો રાજ કારભાર. ઘણો હરખ તાંહાં થઇ રહ્યો, વધામણાં ઘેર ઘેર; હવે કાગળ આપીયો, રાજ પામો તેની પેર. પુત્ર રાજ પોતાનું કરે, પોતે ગલાવે ઘેર; બાગ બગીચા જોઇ કરી, હરખેછે બહુ પેર. ખાય પીએને આનંદમાં, ઓછવ થાય ઘેર ઘેર; એ વાત રહી એટલે, કહુ ચારે ભાઇની પેર.

ચોપાઇ.—ચાર જણા વીચારજ કરે, મનમાં ઘાટ પોતાનો ઘડે; ઘણી ચતુરાઇ કરેછે સહી, પણ બળવંત સાથે ચાલે નહી; એમ થઇ ગયા બહુ દન, કાયલી થયા પોતે રાજન. આકુળ વાકુળ પોતાને મન, બોલ્યો બળવંત પોતાને વચન; દાદાજી એક કહુ વીનતી, તે સંભળાવી કાને કથી; હુ ભગવંત વલ્લભ છું ઘણું, ન ચાલે ચારે કાકા તણું; ઘણું બળ મારૂ છે જાણ, ચાર કાકાનું નવ ચાલે વાણ; ત્યારે રાજ કેમ ન સોંપીયું

એહને, સત કરી માની લીધો મને; આપ અખત્યાર આપીએ, સંદેહ મનનો ભાજીએ; એવી મોહોર કરી આપીએ સહી, બળવંત નીશચીંત બેઠો તહી. નવ ચાલ્યું ચારનું તહી, મનમાં સમજીને રહ્યા સહી; હવે વાત એક નવી થઈ, દાદાજી મરણ પાંમા સહી; બળવંત રાજ પોતાનું કરે, કાકાને મનમાં નવ ધરે; ખાય પીએને ખુશી કરે, બીજી વાત મનમાં ન ધરે; એ વાત અહીંઆંથી રહી, બંકાવળીએ સાંભળું તહીં. તેણે બળવંતને કાહાવ્યું તહી, તમો કાકાને છેહ દેતા નહી; તમો ડાહ્યાને શું કહીએ કથી, તમને શીખામણ દેતા નથી; તમો છો ચઉદ વીદ્યા ગુણ જાણ, તેમાં ઝાઝું શું કહીએ વાણ, વેદ પુરાણ કહીએ કથી, પીતા કાકામાં અંતર નથી; પીતાનું રાજ તે પુત્રજ કરે, ધરમ આપણો તેથી ફરે. એવું કાગળમાં લખ્યું છે સહી, કાસદને મોકલ્યો તહી; જઇ કાસદે કરયા પ્રણામ, કાગળ કરમાં આપો તે ઠામ. વાંચી હરખ્યું અંતઃકરણ માતા પીતાના પામું ચરણ; માત વચન મીથ્યા નવ કરૂં, રઉરવ નરકે સંચરૂં.

દુહા.—બલવંત જુવે આગલો, વાંચુ માતાનું પત્ર; કાકાને ચરણે નમો, આપી મોહોરને છત્ર. અમલ પટો આપો વળી, આપો કરનો કટાર; આ રાજ આસન આપુ વળી, દીધા બહુ મનુહાર; માહારા માતપીતાએ તેડાવીયો, અમો જઇશું અમારે ગામ; ખાઓ પીઓ ખુશી કરો, રાખજો પીતાનું નામ. ચારે ચીતમાં હરખીઆ, દીધી બહુ આશીશ; માત પીતાની ભગતી કરે, તેને સનમુખ શ્રી જુગદીસ; પછે આના માર્ગો સંચરયા, ઉલટ અંગ ન માય; પ્રદક્ષણા કરી પરણમો, માત પીતાને પાય; રૂપ દેખી રીજી ઘણું, કરી એવાં

શુભ કાજ; આપણે જઈએ બંકાપુરી, આપી પુતરને રાજ; જોશી તેડ્યા જુગતશું, દીધાં ઝાઝા માન, લગન લાએણું કહો તમો, રાજ તપે જેમ ભાણ; ત્યારે જુગતે જોશી બો- લીયા, ગુરૂ ધરૂપ યોગ છે સાર; રાજ બેસાડો રીઝમાં, તપશે તેજ અપાર. વચન સુણી હરખ્યાં ઘણું, કીધાં સઘળાં કાજ; દાંન પુન્ય કીધાં ઘણાં, બળવંતને સોંપીયું રાજ. વીમાને બેશી બેઉ જણા, બંકાવળી મોઝાર; માંનશી રૂપ મટી ગયું. પામ્યા દેવાંશી અવતાર; સુખ ભોગવે સ્વરગનું, પામા સુરપદ ધામ; પ્રાક્રમ કીધાં અતીઘણાં, જુગમાં રહે એક નામ.

ચોપાઈ.—જેણે મુખે સમરયા શ્રીરામ, જુગમાં રહે એક એનું નામ; અન દાન કીધાં બહુ ઠામ, કરયું જેણે પ- રમારથનું કામ; એ પામે વઈકુંઠ ધામ, જુગતે જશ વાધે પુર ગામ; જુગ જશ મહીમા જેહનો, કેહે કવી તેને જીવતો જાણવો.

દુહા.—એવાં પ્રાક્રમ જે કરે, રાખી હઈડામાં ધીર; નામ રહે નવ ખંડમાં, જેવા વીક્રમ વીર. એ કથા જે સાંભળે કરે જે પુનને દાન; આ લોકમાં સુખ પામશે, પરલોકે બ માન. બુધી પ્રમાણે ચાતુરી, ધરીને મન ઊલાસ; જે ગાશે શીખેને સાંભળે, તેનો વઈકુંઠ વાસ. શ્રોતા વગતા સાંભળે પોહોચે મનના કોડ; કાનદાસ કહે બોલજો, જેજે શ્રીરણછોડ.

સમાપ્ત.

जाहेरखबर.

નીચે લખેલી ચોપડીઓ અમદાવાદમાં ડોશીવાડાની પોળ મધ્યે ગોસાંઈજી માહારાજની પોળમાં અમારે ઘેરથી રોકડી કીંમતે વેચાતી મળશે.

શ્રીપ્રતીક્રમણ સુત્ર, ગજરામારૂજીની વારતા, દલપતરામની બનાવેલી ગરબાવળી, દીલચર્મન ગાયન, સ્ત્રી મનોરંજક ગરબાવળી, તથા ગુજરાતી પેહેલી ચોપડીથી તે પાંચમી સુધીના અર્થ. પાક શાસ્ત્ર, સેદેવંત સાવળીંગાના આઠ ભવની વારતા, વૈદક સાર, ગુલબંકાવળીની વારતા.

એ શિવાય બીજી ઘણીખરી જાતની ચોપડીઓ અમારી પાસેથી રોકડી કીંમત મળશે.

મોહનલાલ બાકરભાઈ.